२०३ वर्ष

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 38 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 February 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# SOUTH AFRICA

13 NIGHTS

14 DAYS





## GORDONS BAY

FOR VIDEO SCAN ME

Experience luxurious accommodations at Gordon's Bay with the chance to stay in an exclusive all-suite room. Urvi Luxury Destination stands out as the sole company offering a thrilling opportunity to encounter great white sharks.

ADDITIONAL FEATURES

WALK WITH LION.
BIG 5 MARINE SAFARI
HELICOPTER RIDE.
CATAMARAN BOAT RIDE.




## BEACON ISLAND

Becon Island Resort is the sole Resort located in the heart of the Indian Ocean in South Africa, renowned for its whale and dolphin sightings. Guests have the unique opportunity to witness the Marine Big Five from the comfort of their room window. This exclusive experience is only provided by Urvi Tours.

FOR VIDEO SCAN ME

## JOHANNESBURG, PILANESBERG NATIONAL PARK, SUN CITY, GEORGE, PLETTENBERG BAY, GORDON'S BAY, HERMANUS, CAPE TOWN

- સંપૂર્ણ ટૂર દરમ્યાન આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન (VEG. & JAIN).
- SUN CITY માં PALACE OF THE LOST CITY 5* હોટેલમાં ૨ રાત્રીનો મુકામ.
- PILANESBERG NATIONAL PARK (GOVT APPROVED) BAKUBUNG BUSH LODGE માં ૧ રાત્રીનો મુકામ.
- GARDEN ROUTE નુ MOST BEAUTIFUL TOWN PLETTENBERG BAY માં ૪ રાત્રીનો મુકામ.
- GARDEN ROUTE નું હાર્ટ કહેવાતું GORDON'S BAY માં ૨ રાત્રીનો મુકામ ફક્ત URVI TOURS આપે છે.
- CAPE TOWN માં 5* હોટેલમાં ૩ રાત્રીનો મુકામ.
- ટુર દરમ્યાન અમર્યાદિત પાણી અને એરપોર્ટ/હોટેલમાં PORTERAGE SERVICES સામેલ.
- TIPS & TRAVEL INSURANCE ટૂર કોસ્ટમાં સામેલ.
- WALK WITH LION, MARINE BIG 5 SAFARI, HELICOPTER RIDE, CATAMARAN BOAT RIDE ટૂર કોસ્ટમાં સામેલ.

## સોચતા રહેસો તો રહી જસો !!

*FEBRUARY માંજ થાઈ છે MAY ની ટુરો SOLD OUT

તો આજે જ બુક કરો

SOUTH AFRICA ની અવિસ્મરણીય ટુર URVI TOURS ના સંગ



### DEPARTURE DATES

| | AVAILABLE DATES | SOLD OUT |
|---|---|---|
| APRIL | 16,28 | 20,24 |
| MAY | 02,04,08,12,16,20 22,24,26,28,30 | 06,10,14,18 |
| JUNE | 03,07,11,15,23 | 06,10,14,18 |

CONTACT US

HARDIK PAREKH +91 99677 72530 | NIRAV MEHTA +91 80822 78468 | SOHIL SHAH +91 98701 53149 | SOHAM SHAH +91 97738 06090

ADDRESS : 1/A, PALM VIEW BUILDING, L.N. ROAD, NR. SWAMINARAYAN TEMPLE, OPP. VIDYALANKAR CLASSES, DADAR (E), MUMBAI - 400014.

022-2413 2281 | 82 | 83 | +91 98927 20353 | info@uldestination.com| www.uldestination.com

URVI LUXURY DESTINATION PVT. LTD.

Where U & V meet to create memories.

# સુરક્ષા સેતુ સોસાયટી હેઠળ ૨૦૨૪-૨૫માં ગુજરાતની ૯૮,૮૫૨ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ અપાઈ

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી માટે ૨૦થી ૩૦ કરોડનું વાર્ષિક બજેટ ફાળવવામાં આવ્યું છે. છેલ્લાં ૧૨ વર્ષથી આ પહેલ જનતાને સશક્ત બનાવવા અને જાહેર સલામતી વધારવાના મિશન સાથે કાર્યરત છે. મહિલાઓને સ્વરક્ષણ અને સશક્તિકરણ માટે જુડો, કરાટેની તાલીમ આપવામાં આવે છે. ૨૦૨૪-૨૫માં ૯૮,૮૫૨ મહિલાઓને સેલ્ફ-ડિફેન્સની તાલીમ આપવામાં આવી હતી. ૪૭૮થી વધુ મહિલાઓને દારૂનો વ્યવસાય છોડાવીને તેમનું પુનર્વસન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓમાં સાહસિકતા કેળવવા અને તેમને વિવિધ વિષય ઉપર પ્રશિક્ષણ આપવા ધોરણ ૮ અને ૯ના વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાનો લાભ આપવામાં આવે છે, જેના હેઠળ લગભગ ૪૫,૫૭૯ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. સમગ્ર ગુજરાતમાં ૧,૬૨,૦૦૦થી વધુ નાગરિકોને માર્ગ સલામતી વિશે શિક્ષિત કરવામાં આવ્યા છે, સુરક્ષિત ડ્રાઇવિંગ અને અકસ્માત નિવારણમાં ફાળો આપે છે. લગભગ ૭૯,૯૩૧ વરિષ્ઠ નાગરિકોનું કાઉન્સેલિંગ કરીને કાયદાનું અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા લગભગ ૪૯,૦૧૪ વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું છે અને ૯૪,૮૦૦થી વધુ બાળકોએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી છે. પોલીસ દળ પ્રત્યેની સમજ અને કાયદા પ્રત્યે સન્માનને પ્રોત્સાહન મળ્યું છે.

# મહાકુંભમાં ગુજરાત પેવેલિયનમાં ૨૨૩૫ ગુજરાતી યાત્રિકોએ ઉતારો મેળવ્યોઃ વિદેશી લોકોએ પણ લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભ મેળામાં પવિત્ર સંગમ સ્નાન કરવા જતાં ગુજરાતી યાત્રિકોએ ગુજરાત પ્રવાસન નિગમની વિવિધ સુવિધાઓનો મહત્તમ લાભ ઉઠાવ્યો હતો. યાત્રાળુઓ માટે અહીં ઊભી કરવામાં આવેલી રહેવાની સુવિધાનો ૨૨૩૫ લોકોએ લાભ લીધો હતો.

મહાકુંભમાં સેક્ટર ૬માં નાગવાસુકી મંદિરથી નજીક ભારદ્વાજ માર્ગ ઉપર ૩૩૦૦૦ ચોરસ ફૂટ જગ્યા ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા અપાઈ હતી. અહીં ગુજરાત પેવેલિયન, હેલ્પ ડેસ્ક, ક્રાફ્ટ સ્ટોલ, ફૂડ સ્ટોલ તથા ડોરમેટરીની સુવિધા ઊભી કરવામાં આવી હતી.

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ગુજરાતનાં વિવિધ પ્રવાસન સ્થળોની માહિતી મહાકુંભમાં આવતા યાત્રિકોને મળી રહે તે હેતુ ધાર્મિક પ્રવાસન, હેરીટેજ પ્રવાસન તથા રાષ્ટ્રીય સિંહ અભયારણ્ય જેવાં વિવિધ પ્રવાસન સ્થળોની ઝાંખી રજૂ કરાઈ હતી. આ પ્રદર્શનની અત્યાર સુધીમાં ૬૯,૧૯૨ લોકોએ મુલાકાત લીધી હતી. ફ્રાન્સ, યુકે, જર્મની, અમેરિકા, ઇટલી જેવા દેશોના નાગરિકોએ પણ ગુજરાતનું થીમ પેવેલિયન નિહાળ્યું હતું.

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ચોવીસ કલાક માહિતી આપતા હેલ્પ ડેસ્ક માર્ગદર્શકની ભૂમિકા અદા કરી રહ્યો છે. અત્યાર સુધીમાં ૨૧૫૧૯ યાત્રિકોએ હેલ્પ ડેસ્ક નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ ઉપર ફોન કરી વિવિધ વિષયો ઉપર માર્ગદર્શન મેળવ્યું હતું. સેક્ટર ૬માં ઊભી કરવામાં આવેલી આવાસીય સુવિધાની વ્યવસ્થા જોઈએ તો ૪૦૩ જેટલા પ્રવાસીઓ ઉતારો મેળવી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. મહિલા અને પુરુષો માટે અલગ અલગ વિભાગ રાખવામાં આવ્યા છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિતના પ્રધાનોએ તેમની પ્રયાગરાજની યાત્રા વેળાએ ગુજરાત પેવેલિયનની મુલાકાત લઈ સુવિધા, પ્રદર્શન ખંડનું નિરીક્ષણ કર્યું હતું. મુખ્ય પ્રધાને ૨૬૪ પથારીની સુવિધા ધરાવતા હોલનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

# નડિયાદમાં બનાવટી ચલણી નોટો બનાવવાનું કારખાનું ઝડપાયુંઃ બે આરોપીઓની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃગુજરાતમાં બનાવટી ચલણી નોટો ફરતી કરવાના અનેક કેસો પ્રકાશમાં આવી રહ્યા છે. નડિયાદમાં એસઓજી પોલીસે દરોડો પાડીને નકલી ચલણી નોટોનું મોટું રેકેટ ઝડપી પાડીને ૧.૦૩ લાખની કિંમતની બનાવટી નોટો જપ્ત કરી બંને આરોપીઓની ધરપકડ કરી હતી. નડિયાદ શહેરમાં આવેલા વ્હોરવાડ વિસ્તારમાં ધૂપેલીના ખાંચામાં નકલી નોટો છાપવાનું કારખાનું ચાલતું હતું. આ અંગેની જાણ પોલીસને થતાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન મહંમદશરીફ ઉર્ફે શાહુ મહેબૂબ મલેક અને તેનો મિત્ર અરબાઝ ઉર્ફે અબુ અય્યુબ અલાદે કબૂલ્યું હતું કે તેઓ અસલી નોટોની મદદથી એ-ફોર સાઈઝના પેપર પર કલર પ્રિન્ટર દ્વારા નકલી નોટો છાપતા હતા. સિક્યોરિટી થ્રેડ બનાવવા માટે ગ્રીન ડેકોરેશન સેલોટેપનો ઉપયોગ કરતા હતા.

પોલીસે ઘટના સ્થળેથી ૫૦૦ના દરની ૧૩૫ નોટો, ૨૦૦ના દરની ૧૬૮ નોટો અને ૧૦૦ના દરની ૨૫ નોટો મળી કુલ ૩૨૮ બનાવટી નોટો જપ્ત કરી હતી. એફએસએલ અને બૅન્ક અધિકારીઓએ નોટોની ચકાસણી કરતાં તમામ નોટો નકલી હોવાનું જણાયું હતું. પોલીસે જણાવ્યું હતું કે, આરોપીઓ યુટ્યૂબમાં બનાવટી નોટોના વીડિયો જોઈને આ બનાવટી નોટો બનાવતા હતા. પ્રાયમરી સ્ટેજ પર તેઓ નકલી ચલણી નોટો બનાવવામાં ફેલ થયા હતા. આ બનાવમાં અન્ય કોઈ સાગરીતની મદદગારી છે કે કેમ તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

# સુરત મનપાના આરોગ્ય વિભાગની તપાસમાં ૯૩૯૪૨ વિદ્યાર્થીઓ બીમારઃ કૅન્સરના ૧૨૪ કેસ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં સુરતના વાડી ગામ ખાતેની સૈનિક સ્કૂલમાં ૧૫૦ વિદ્યાર્થીઓ બીમાર પડ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ત્યાર બાદ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીથી ધોરણ-૧૨ સુધીના ૧૧,૭૫,૩૫૮ વિદ્યાર્થીઓનાં આરોગ્યની તપાસ કરાઈ હતી. આ તપાસમાં ૯૩,૯૪૨ બાળકોમાં ગંભીર બીમારીઓ હોવાનું જાણવા મળ્યું હતું. તે ઉપરાંત ૧૨૪ કૅન્સરના અને ૭૩ જુવેનાઈલ ડાયાબિટીસના કેસો તપાસમાં જણાયા હતા.

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની આ સ્વાસ્થ્ય ચકાસણી શહેરની ૧,૭૨૪ શાળાઓમાં હાથ ધરાઈ હતી. જેમાં ૦થી ૧૮ વર્ષની ઉંમરનાં બાળકોના આરોગ્યની તપાસ કરાઈ હતી. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની શાળાઓ, મનપા શાળાઓ અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓનું આરોગ્યલક્ષી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૪ વિદ્યાર્થીઓ કૅન્સરગ્રસ્ત હોવાનું જણાયું હતું. જે વિદ્યાર્થીઓ કૅન્સરગ્રસ્ત છે તેઓને તાત્કાલિક સારવાર માટે સરકારી હૉસ્પિટલોમાં રિફર કરવામાં આવ્યા હતા.

આ રિપોર્ટમાં ૭૩ વિદ્યાર્થીઓમાં જુવેનાઈલ ડાયાબિટીસ હોવાનો ખુલાસો થયો હતો. આ બીમારીમાં શરીર ઇન્સ્યુલિનનું ઉત્પાદન બંધ કરે છે જેના લીધે દર્દીને જીવનભર ઇન્સ્યુલિન ઇન્જેક્શન લેવું પડે છે. બાળકોમાં ડાયાબિટીસ વધવાનું મુખ્ય કારણ અસંતુલિત આહાર, ફાસ્ટ ફૂડની વધતી ચાહત અને શારીરિક પ્રવૃત્તિઓમાં ઘટાડો હોવાનું આરોગ્ય વિભાગના તબીબોએ જણાવ્યું હતું.

આરોગ્ય અધિકારી ચંદ્રકાંત પટેલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત બે વખત વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ તમામ ૯૩,૯૪૨ વિદ્યાર્થીઓને તાત્કાલિક સારવાર માટે સુરતની સરકારી હૉસ્પિટલોમાં રીફર કરવામાં આવ્યા હતા.

કૅન્સર અને જુવેનાઈલ ડાયાબિટીસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે વિશેષ સારવાર વ્યવસ્થા કરવામાં આવશે. જન્મજાત ખામી ધરાવતાં બાળકોને સર્જરી અને અન્ય સારવાર ઉપલબ્ધ કરાશે.

# સૌરાષ્ટ્ર બાદ દક્ષિણ ગુજરાતમાં બિલ્ડરો, લૅન્ડ ડેવલપર અને આર્કિટેક્ટ પર આવકવેરા વિભાગના દરોડા

અમદાવાદઃ ચાલુ નાણાકીય વર્ષ પૂર્ણ થાય તે પહેલાં આવકવેરા વિભાગે કરચોરી પકડવા રાજ્યમાં અનેક ઠેકાણે દરોડા પાડી સર્ચ ઓપરેશનની કાર્યવાહી હાથ ધરી હતી. સૌરાષ્ટ્ર બાદ દક્ષિણ ગુજરાતના વલસાડ અને વાપીમાં બિલ્ડરો, લૅન્ડ ડેવલપર, આર્કિટેક્ટ તથા વકીલો પર દરોડા પાડવામાં આવતાં ફફડાય ફેલાયો હતો. આ દરોડા દરમિયાન મોટી રકમના બે નંબરના વ્યવહારો અને કરચોરીનો પર્દાફાશ થવાની આશંકા સેવાઈ રહી છે.

આવકવેરા વિભાગે ગત સપ્તાહમાં જામનગર અને અમદાવાદમાં દેવ સોલ્ટ ગ્રૂપ પર દરોડાની કાર્યવાહી હાથ ધરીને મોટી રકમના શંકાસ્પદ વ્યવહારો પકડ્યા હતા. ત્યાર બાદ દક્ષિણ ગુજરાતમાં દરોડાની કાર્યવાહી શરૂ થતાં વેપારીઓ અને બિલ્ડરોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. વાપી તપાસ ટીમના વડા આર.પી. મીણાના નેતૃત્વમાં ૧૬ ટીમો દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ હેઠળના લોકોમાં વલસાડના જાણીતા બિલ્ડર તથા તેમના ભાગીદાર, ધરમપુર ચોકડીના બિલ્ડર, પ્રખ્યાત વકીલ, લૅન્ડ ડેવલપર અને વાપીના આર્કિટેક્ટનો સમાવેશ થાય છે.

આવકવેરા વિભાગની ટીમોએ આ તમામ વ્યક્તિઓનાં નિવાસસ્થાન અને ઑફિસમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. વાપી અને વલસાડમાં આવકવેરા વિભાગ દ્વારા આટલી મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવતાં જિલ્લાના ઉચ્ચ વર્ગ અને વેપારી વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો. આ કાર્યવાહી કરચોરી અને કાળાં નાણાંની શોધ માટે હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

# જઘન્ય અપરાધમાં ફાંસીની સજા કરવામાં દેશમાં ગુજરાત બીજા ક્રમેઃ ૪૯ દોષિતોનો સમાવેશ

અમદાવાદઃ દેશભરમાં ફાંસીની સજા ફટકારાઈ હોય તેવા દોષીઓની સૌથી વધુ સંખ્યામાં ગુજરાત બીજા નંબરે છે. મૃત્યુદંડની સૌથી વધુ સજા કરાઈ હોય તેવા દોષીઓની સંખ્યા ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ૯૫ અને તે પછી ગુજરાતમાં ૪૯ દોષીઓનો સમાવેશ થાય છે. ગુજરાતની છાપ એકંદરે કાયદો-વ્યવસ્થાની સ્થિતિમાં સારી હોવા છતાં મોટી સંખ્યામાં ફાંસીની સજા પામેલા દોષીઓ હાલ જેલમાં છે. ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં જેલમાં હોય અને મૃત્યુદંડ કે ફાંસીની સજા ફટકારાઈ હોય તેવા ૪૯ દોષીઓ હોવાની માહિતી લોકસભામાં ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવી હતી. રાજકોટમાં ૧૯૮૯માં શશિકાંત માળી નામના ગુનેગારને ટ્રિપલ મર્ડર બદલ ફાંસીના માંચડે ચડાવી દેવાયો હતો. તે કિસ્સો ખૂબ ચર્ચાસ્પદ બન્યો હતો. જેમાં એક બાળકી સહિત ત્રણની હત્યા કરાઈ હતી. સુરતમાં ગ્રીષ્મા વેકરિયા નામની યુવતીનું ગળું કાપી નાખી જાહેરમાં નિર્મમ હત્યા બદલ કોર્ટે ફેનિલ ગોયાણીને રેરેસ્ટ ઑફ ધ રેર શ્રેણીમાં ગણીને ફાંસીની સજા જાહેર કરી હતી. ૨૦૦૨માં ગોધરાકાંડમાં ટ્રેનમાં કારસેવકોને સળગાવી દેવાના જઘન્ય અપરાધમાં પણ ટ્રાયલ કોર્ટે ૧૨ આરોપીને ફાંસીની સજા સંભળાવી હતી.

# અમદાવાદ પોલીસે બૉગસ આધાર કાર્ડના આધારે ફ્રોડ કરતી રાજસ્થાની ગૅંગના ૧૧ સભ્યોની ધરપકડ કરી

અમદાવાદઃ ગુજરાતમાં બૉગસ આધાર કાર્ડના આધારે નાણાકીય છેતરપિંડી કરતી રાજસ્થાની ગૅંગના ૧૧ લોકોની સાયબર ક્રાઇમે ધરપકડ કરી હતી. આ આરોપીઓ બૉગસ આધારકાર્ડ દ્વારા બૅન્ક એકાઉન્ટ ખોલાવી છેતરપિંડી કરતા હતા. અમદાવાદ સાયબર ક્રાઇમની ટીમોએ રાજસ્થાનના જોધપુર અને જેસલમેરમાં દરોડા પાડી આ ગૅંગના સભ્યોને ઝડપી પાડ્યા હતા. જ્યારે આ ગૅંગનો મુખ્ય સૂત્રધાર ફરાર થઈ ગયો હતો. આરોપીઓ આધારકાર્ડમાં રહેણાક ઍડ્રેસ બદલી બૅન્ક એકાઉન્ટ ખોલાવી ચાઈનીઝ આરોપીઓને તમામ વિગતો મોકલતા હતા. અટકાયત કરાયેલા આરોપીઓ પાસેથી ૪૦ જેટલાં બૅન્ક એકાઉન્ટની કીટ અને કાર્ડ મળી આવ્યાં હતાં. ઉપરાંત પ્રતિબંધિત એક પિસ્ટલ અને કારતૂસ પણ મળી આવ્યાં હતાં. બૉગસ આધાર કૌંભાડમાં સામેલ ચાઈનીઝ આરોપીઓને શોધવા પોલીસે તપાસ હાથ ધરી હતી. સાયબર ક્રાઈમે બૉગસ આધાર કાર્ડ બનાવી બૅન્ક એકાઉન્ટ ખોલવાના કૌભાંડમાં રાજસ્થાની ગૅંગનો પર્દાફાશ કરી આ આરોપીઓને હવે કોર્ટમાં રજૂ કરીને તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી. સમગ્ર નેટવર્ક કેવી રીતે ચાલતું હતું તેનું પગેરું શોધવાનો પ્રયાસ શરૂ કરવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં એસસી-એસટીના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ નહીં મળતાં એબીવીપીનો વિરોધઃ પોલીસ સાથે ઘર્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) દ્વારા એસસી એસટીના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ નહીં મળતાં ગુરુવારે રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યકર્તાઓને વિરોધ નોંધાવતાં અટકાવાતાં પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસે કાર્યકર્તાઓને ટિંગાટોળી કરીને વાનમાં બેસાડ્યા હતા.

ગુજરાત સરકાર દ્વારા એસસી એસટી વિદ્યાર્થીઓને મૅનેજમેન્ટ ક્વોટામાં આપવામાં આવતી સ્કોલરશીપ બંધ કરવાનો પરિપત્ર થતાં વિરોધ કરવામાં આવ્યો હતો. એબીવીપીના કાર્યકરોએ વાહનો રોકી ચક્કાજામ કર્યો હતો અને પરિપત્રની હોળી કરી હતી.

સુરતમાં વીર નર્મદ યુનિવર્સિટી સામે એબીવીપીના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ એકત્ર થઈ સૂત્રોચ્ચાર કર્યો હતો. શિક્ષણ અમારો અધિકાર છે, જનજાતિ શિષ્યવૃત્તિ પાછી લાવો અને વિદ્યાર્થી વિરોધી સરકાર હટાવો જેવા સૂત્રોચ્ચાર સાથે રસ્તા પર બેસીને ચક્કાજામ કર્યો હતો. વડોદરામાં એબીવીપીના ૨૦ જેટલા કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. રાજકોટમાં પણ વિરોધ પ્રદર્શન કરતા કાર્યકર્તાઓની અટકાયત કરાઈ હતી.

જામનગરમાં જીજી હૉસ્પિટલના ગેટ આગળ એબીવીપીના કાર્યકરોએ પોસ્ટર સળગાવ્યાં હતાં અને રોડ પર બેસી ધરણાં કરતાં ટ્રાફિક જામ થયો હતો. જેને લઈ પોલીસે ટિંગાટોળી કરી હતી. પાટણમાં એબીવીપીના કાર્યકરોએ સરકારના પરિપત્રની હોળી કરી હતી. ઉપરાંત શિક્ષણ મંત્રીનો વિરોધ કરીને ચક્કાજામ કર્યો હતો. પાટનગર ગાંધનગરમાં પણ મોટી સંખ્યામાં એબીવીપીના કાર્યકરોએ એકત્ર થઈ ધરણાં કર્યાં હતાં.

# અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રોની ફ્રિકવન્સી વધારાઈઃ ગિફ્ટ સિટી જવા ટ્રેન નહીં બદલવી પડે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ અને ગાંધીનગર મેટ્રો ડાયરેક્ટ કનેક્ટિવિટી અને ટ્રેન ફ્રિકવન્સી વધારવા મુદ્દે મેટ્રો રેલ સેફ્ટી કમિશનરે મંજૂરી આપતાં આગામી ૧૫ ફેબ્રુઆરીથી એપીએમસીથી સેક્ટર ૧ અને ગિફ્ટ સિટી સુધી ટ્રેન દોડતી થશે. હવે મુસાફરોને સેક્ટર ૧ અને ગિફ્ટ સિટી જવા માટે મોટેરા સ્ટેડિયમ અથવા જીએનએલયુથી ટ્રેન નહીં બદલવી પડે. જ્યારે જીએનએલયુ અને ગિફ્ટ સિટીની ઑફિસો વચ્ચે બસસેવાઓ પણ દર અડધા કલાકે ઉપલબ્ધ રહેશે.

હવેથી મોટેરા સ્ટેડિયમ અને ગાંધીનગર સેક્ટર ૧થી ગિફ્ટ સિટી સુધી જવા માટે મેટ્રો ટ્રેન મુસાફરોને બદલવી નહીં પડે. મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-૧થી ગિફ્ટ સિટી સુધી જવા માટે સીધી મેટ્રો સેવા શરૂ કરવામાં આવશે. જેના કારણે મુસાફરોને મોટી રાહત મળશે અને મુસાફરોનો સમય પણ બચી જશે અને દરરોજ મેટ્રોમાં મુસાફરી કરનારા લોકોને મોટા અંશે રાહત મળશે.

મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ અને ૫.૪૨ કિમીનો જીએનએલયુ ગિફ્ટ સિટી કોરિડોરનો સમાવેશ થાય છે. આ સમગ્ર રૂટ ફેઝ-૨માં આવે છે. આ ફેઝ-૨ના મોટેરા ગાંધીનગર રૂટના મેટ્રો સ્ટેશન નિરીક્ષણના અનુસંધાને કેટલાક ફેરફાર કરવામાં આવ્યા હતા. જેમાં એક દિવસ માટે રૂટ સવારથી સાંજ સુધી સ્થગિત કરવામાં આવ્યો હતો. કમિશનર ઑફ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા તારીખ ૯મી જાન્યુઆરી ૨૦૨૫ના દિવસે ફેઝ-૨ કોરિડોરના મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ અને જીએનએલયુથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધીના નિરીક્ષણને ધ્યાનમાં રાખીને મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર સેક્શન વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ સવારે ૧૦.૪૦ કલાકથી સાંજના ૪ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. જે હવે કાર્યરત કરાઈ છે.

# અમદાવાદના મોદી સ્ટેડિયમમાં ઓનલાઈન સટ્ટો રમતા રાજસ્થાન અને મહારાષ્ટ્રના યુવકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં મોદી સ્ટેડિયમમાં બુધવારે ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચે વન ડે મેચ રમાઈ હતી. આ મેચ લાઈવ જોઇને સટ્ટો રમવા કેટલાક બુકીઓ સ્ટેડિયમમાં ઘૂસ્યા હતા. સ્ટેડિયમમાં મેચ જોઈને ઓનલાઈન સટ્ટો રમતા અને રમાડતા રાજસ્થાન અને મહારાષ્ટ્ર અને હરિયાણાના પાંચ યુવકોની પોલીસે ધરપકડ કરી તેમની સામે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. અમદાવાદના મોદી સ્ટેડિયમમાં બુધવારે ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચે વન ડે મેચ રમાઈ હતી. આ મેચ દરમિયાન બુકીઓ પર વૉચ રાખવા માટે ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને સ્થાનિક પોલીસને સૂચના અપાઈ હતી. ચાંદખેડા પોલીસની ટીમ સ્ટેડિયમમાં તહેનાત હતી. આ દરમિયાન યુવક મેચ જોતાં જોતાં સતત મોબાઈલમાં એક્ટિવ હતો. પોલીસે તેની અટકાયત કરીને પૂછપરછ હાથ ધરી હતી. પોલીસે પકડેલા યુવકે પોતાનું નામ આદિત્ય ડોગરા અને પોતે રાજસ્થાનનો હોવાનું જણાવ્યું હતું.

બીજી તરફ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સ્ટેડિયમમાં દર્શકોની વચ્ચે બેસીને સટ્ટો રમતા રાજેન્દ્ર સોનવણે નામના યુવકની ધરપકડ કરી હતી.

# ગુજરાતના યુસીસી ડ્રાફ્ટ સમિતિની બેઠક નવી દિલ્હીના ગુજરાત ભવન ખાતે યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં રાજ્ય સરકારે રચેલી પાંચ સભ્યોની ઉચ્ચ-સ્તરીય સમિતિની બેઠક નવી દિલ્હીના ગુજરાત ભવન ખાતે યોજવામાં આવી હતી.

રાજ્ય માટે પ્રસ્તાવિત યુસીસી (યુનિફોર્મ સિવિલ કોડ)ના ઉદ્દેશો, અવકાશ અને રૂપરેખા અંગે આ બેઠકમાં સમિતિના સભ્યોએ મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી હતી. સમિતિના અધ્યક્ષ રંજના દેસાઈ અને સમિતિના અન્ય સભ્યો નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ અધિકારી સી.એલ.મીના, એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર્તા ગીતાબેન શ્રોફ આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં ચર્ચા દરમિયાન, સમિતિએ વિવિધ હિતધારકો સાથેના સમાવિષ્ટ પરામર્શ દ્વારા વર્તમાન કાયદાઓની વ્યાપક સમીક્ષા માટે પોતાના દૃષ્ટિકોણની રૂપરેખા આપી હતી. આનો ઉદ્દેશ ગુજરાત રાજ્યના તમામ નાગરિકો માટે ન્યાય, સમાનતા અને સામાજિક સુમેળને સુનિશ્ચિત કરતું પ્રગતિશીલ અને સશક્ત કાનૂની માળખું વિકસાવવાનો છે.

# સુરતમાં નબીરાઓએ 30 કાર સાથે રૅલી યોજતાં પોલીસે ૨૨ કાર કબજે કરીઃ વાલીઓ સામે ફરિયાદ

અમદાવાદઃ તાજેતરમાં સુરતમાં એક સ્કૂલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફેરવેલ પાર્ટી દરમિયાન માલેતુજાર નબીરાઓએ ૩૦ જેટલી લક્ઝરી કાર સાથે રૅલી યોજી સ્ટંટ કરતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ત્યાર બાદ પોલીસે કારમાં સવાર વિદ્યાર્થીઓની ઓળખ કરી લાઈસન્સ વિના સંતાનોને કાર આપતા વાલીઓ સામે ફરિયાદ નોંધી હતી. અન્ય કારમાં વિદ્યાર્થીઓ જોખમી રીતે સવાર થયા હતા તેના ડ્રાઈવરો સામે પણ કાર્યવાહી હાથ ધરાઈ હતી. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કુંકણી ગામની ફાઉન્ટન હેડ સ્કૂલમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા પહેલાં ફેરવેલ પાર્ટી રાખવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ સ્કોડા, મર્સિડિઝ, બીએમડબ્લ્યુ જેવી ૩૦ જેટલી લક્ઝરી કાર લઈને નીકળ્યા હતા. આ વિદ્યાર્થીઓ વીઆઇપી વ્યક્તિઓના કાફલા જેવી રૅલી કાઢી સ્કૂલે પહોંચ્યા હતા. સોશિયલ મીડિયામાં જે વીડિયો વાઈરલ થયો હતો તેમાં કોઈ વિદ્યાર્થી રૂફટોપ પર ચઢ્યો તો કોઇ કારની વિન્ડોમાંથી બહાર નીકળી સ્ટંટ કરતો જોવા મળ્યા હતા.

# દાહોદમાં મહિલાને અર્ધનગ્ન કરી બાઈક સાથે બાંધી પરેડ કરવાના કેસમાં હાઇ કોર્ટમાં રિપોર્ટ રજૂ કરાયો

અમદાવાદઃ દાહોદ જિલ્લાના સંજેલી ગામે આદિવાસી મહિલાને અર્ધનગ્ન કરી બાઈક સાથે બાંધી, ઢસડી અત્યાચાર ગુજારવાના પ્રકરણમાં રાજયના ગૃહ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને દાહોદ જિલ્લા પોલીસ વડા તરફથી વિગતવાર રિપોર્ટ અને સોગંદનામાં હાઈ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં. જેને ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રેકર્ડ પર લીધા હતા. દાહોદ જિલ્લાના સંજેલી ગામે એક આદિવાસી મહિલાને અર્ધનગ્ન કરી બાઈક સાથે બાંધી પરેડ કરાવી, ઢસડી અત્યાચાર ગુજારવાના ચકચારભર્યા પ્રકરણમાં ગુજરાત હાઈ કોર્ટે સુઓમોટો જાહેરહિતની અરજી દાખલ કરી હતી. હાઈ કોર્ટે બહુ ગંભીર માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, આ માત્ર એક જિલ્લાની જ નહી, પરંતુ સમગ્ર રાજયની નારીઓનું અપમાન કહી શકાય તેવો આ હૃદયદ્રાવક કિસ્સો છે. ત્યાર બાદ હાઈ કોર્ટે દાહોદ એસપી, ગૃહવિભાગ અને સરકારનો જવાબ માંગ્યો હતો.

હાઈ કોર્ટના આ હુકમના અનુસંધાને રાજ્યના ગૃહ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને દાહોદ જિલ્લા પોલીસ વડા તરફથી હાઈ કોર્ટમાં કેસ અંગેનો અહેવાલ અને સોગંદનામાં રજૂ કરવામાં આવ્યાં હતાં.

ગૃહ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સોગંદનામાની કૉપી હાઈ કોર્ટે આ કેસમાં કોર્ટ સહાયક તરીકે નિમાયેલા વકીલને આપવા સરકારપક્ષને જણાવ્યું હતું. જેથી આ સોગંદનામાંના અભ્યાસ બાદ આગામી મુદતે કોર્ટ સહાયક જરૂરી રજૂઆત કરી શકે. આગામી સુનાવણી સાતમી માર્ચે યોજાશે.

# અમદાવાદ ઍરપોર્ટ પર બૉમ્બની ધમકી મુદ્દે ક્રાઈમ બ્રાન્ચે એક કર્મચારીની અટક કરી પૂછપરછ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર જેદ્દાહથી આવેલી ઈન્ડિગો ઍરલાઈનની ફ્લાઈટમાં બૉમ્બ હોવાની એક ચિઠ્ઠી મળી આવી હતી. આ ઘટનાની તપાસ કરી રહેલી ક્રાઈમ બ્રાંચને મહત્ત્વની કડી મળી હતી. અગાઉ ઈન્ડિગોની ફ્લાઈટમાં બૉમ્બ હોવાની ધમકી આપતી ચિઠ્ઠી મળી આવી હતી. આ બંને ચિઠ્ઠીનાં લખાણ સરખાં અને એક જ વ્યક્તિ દ્વારા જ લખાયેલાં હતાં. જેના આધારે એક શકમંદ કર્મચારીની અટકાયત કરીને ક્રાઈમ બ્રાંચે વધુ પૂછપરછ કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના આતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર ગત સોમવારે જેદ્દાહથી ઈન્ડિગો ઍરલાઈનની ફ્લાઈટ આવી હતી. ટર્મિનલ નંબર બે પરથી પેસેન્જરોને ઓફલોડ કર્યા બાદ સિક્યોરિટી ચેકિંગના સ્ટાફ દ્વારા ફ્લાઇટમાં તપાસ કરવામાં આવી રહી હતી. ત્યારે એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે, બૉમ્બ ઇસ હીયર આ ધમકીવાળી ચિઠ્ઠી મળતાં બૉમ્બ ડીસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ કરવામાં આવતાં કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવી નહોતી.

આ અંગે ઍરપોર્ટ પોલીસ મથકે ગુનો નોંધીને સમગ્ર કેસની તપાસ ક્રાઈમ બ્રાંચ દ્વારા શરૂ કરવામાં આવી હતી. ઈન્ડિગોની ફ્લાઇટમાં આ અગાઉ પણ આ પેટર્નથી ધમકીની ચિઠ્ઠી મળી આવી હતી. જેથી પોલીસે તે સમયે મળી આવેલી ચિઠ્ઠી સાથે બીજા કેસની ચિઠ્ઠી સરખાવતાં બંને અક્ષર સરખા હતા.

જેથી ધમકી આપવાના કેસમાં કોઈ પેસેન્જરની નહીં પણ સ્ટાફની સંડોવણી હોવાની શક્યતાને આધારે ફ્લાઈટના ક્રુ મેમ્બર અને ગ્રાઉન્ડ સ્ટાફના લખાણના નમૂના મેળવીને તપાસ કરવામાં આવી હતી. જેમાં એક કર્મચારીની સંડોવણી ખૂલી હોવાથી અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા લખાણના નમૂના અંગે કર્મચારીની અટકાયત કરીને પૂછપરછ કરવામાં આવી હતી.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 38 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 February 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



શ્રી૧ા
ગ્રાન્ડ અમેરિકા — ૨૦ રાત્રી / ૨૧ દિવસ — પ્રસ્થાન એપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર સોમવારે
ગ્રાન્ડ અમેરિકા Without Orlando — ૧૬ રાત્રી / ૧૭ દિવસ — HOT SELLING — પ્રસ્થાન એપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર સોમવારે
રાજસ્થાની મહારાજ સુવિધાઓ થી સજ્જ
અમેરિકા ૨૦૨૫
NIRAJ - 9820149217 | JUHI - 9730877449
BHAVNA - 9833973233 | RAM - 9619576572
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai
Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com
Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555
Pune: 020-25537344 | Mulund: 022-25695500
અમેરિકા West Coast — ૧૦ રાત્રી / ૧૧ દિવસ — HOT SELLING — પ્રસ્થાન એપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર સોમવારે
અમેરિકા East Coast — ૦૬ રાત્રી / ૦૭ દિવસ — પ્રસ્થાન એપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર ગુરુવારે



ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 78,300/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY ALL OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


વડા પ્રધાન મોદી ટ્રમ્પ સાથે મંત્રણા કરવા વૉશિંગ્ટન પહોંચ્યા ૧

ટ્રમ્પ ટેરિફમાં 'જેવા સાથે તેવા'નો હુકમ બહાર પાડશેઃ આખું વિશ્વ મંદીની ઝપટમાં આવી જશે ૧

શિંદે-સેનાની ડિનર ડિપ્લોમસીને કારણે ઉદ્ધવ-સેનાની ઊંઘ હરામ ૩

લાડકી બહેનો ખાતર મહારાષ્ટ્રના તમામ સરકારી વિભાગના ખર્ચ પર 30 ટકાનો કાપ ૯


VIETNAM
11 DAYS
DEP DATES: 20th FEB | 01st MAR | 13th MAR | 03rd APR | 26th APR | 10th MAY | 24th MAY
HO CHI MINH - DANANG - HOI AN - SA PA - HANOI - HA LONG BAY CRUISE
PACKAGE INCLUSIONS
- Glass Bridge, Fansipan Mountain, Fanicular Ride, VinWonders, Basket Boat, Bana Hill, Cu Chi Tunnel અને Golden Bridge નો અદ્ભુત અનુભવ.
- Halong Bay Cruise પર રાત્રી મુકામ નો અવિસ્મરણીય અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74



MAYUR SUVIDHA TRAVELS LLP
ગ્રુપ ટુર્સ ના પ્રવાસ મા પર્સનલ ટુર નો અનુભવ
માત્ર મયુર સુવિધા ટ્રાવેલ્સ સાથે
20 વર્ષના અનુભવ સાથે અમે તમારા માટે લાવ્યા છીએ શ્રેષ્ઠ ઑફર્સ

વિયેતનામ 10 દિવસ
2 રાત્રિ - હો ચી મિન્હ || 4 રાત્રિ - દા નાંગ || 1 રાત્રિ - હલોંગ બે ક્રુઝ || 2 રાત્રિ - હનોઈ
ફ્લાઈટ્સ | 4* હોટેલ્સ | પ્યોર-વેજ ભોજન | વિઝા | તમામ એક્ટિવિટી
~~₹ 1,35,000*~~ 14 ફેબ્રુઆરી પહેલા બુક કરો ₹ 1,25,000*

ગ્રાન્ડ યુરોપ 15 દિવસ
3 રાત્રિ - પેરિસ || 5 રાત્રિ - સ્વિસ || 3 રાત્રિ - ઑસ્ટ્રિયા || 3 રાત્રિ - ઇટાલી
ફ્લાઈટ્સ | 4* હોટેલ્સ | પ્યોર-વેજ ભોજન | વિઝા | તમામ એક્ટિવિટી
~~₹ 4,10,000*~~ 14 ફેબ્રુઆરી પહેલા બુક કરો ₹ 3,85,000*
*T&C Applied

યુએસએ 22 દિવસ
9 રાત્રિ - વેસ્ટ કોસ્ટ || 7 રાત્રિ - ઇસ્ટ કોસ્ટ || 5 રાત્રિ - ફ્લોરિડા
ફ્લાઈટ્સ | 4* હોટેલ્સ | પ્યોર-વેજ ભોજન | તમામ એક્ટિવિટી
~~$ 7999*~~ 14 ફેબ્રુઆરી પહેલા બુક કરો વેસ્ટ અથવા ઇસ્ટ કોસ્ટ ના વિકલ્પ પણ ઉપલબ્ધ $ 7699*

જાપાન | બાકુ | ઑસ્ટ્રેલિયા | ન્યુઝીલેન્ડ | દક્ષિણ કોરિયા | થાઈલેન્ડ | સિંગાપોર | શ્રીલંકા | રશિયા
દક્ષિણ આફ્રિકા | માલદીવ | મોરેશિયસ | મધ્ય યુરોપ | સ્પેન | ક્રોએશિયા | તુર્કી | ઇટાલી | ગ્રીસ...and much more
HEMANT JAIN: +91 98928 91993
NIRAV SOPARIWALA: +91 93726 95898
Head Office: 14/15 - Kakad Arcade, Opp. Domino's Pizza, New Marine Lines. Mumbai - 20.



WE DELIVER WHAT IS PROMISE ! | WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES ! | ammpalholidays@gmail.com
Vietnam WITH AMIT SHAH
EXPLORE THE WONDERS OF VIETNAM WITH AMMPAL'S SIGNATURE HOSPITALITY!
Exquisite Stays, Sumptuous Meals & Breathtaking Sights – A 10 Days Journey of Luxury & Culture Awaits!
HANOI • HALONG BAY • SAPA • HO CHI MINH • HOI AN • DANANG
Ammpal HOLIDAYS Dream. Explore. Discover.
STAY AT 5 HOTEL
*T&C APPLY
TOUR COST ₹1,49,999/-*
TOUR DATES 2025
FEBRUARY - 19th
MARCH - 11th | 21st
APRIL - 1st | 13th | 25th
MAY - 6th | 17th | 27th
JUNE - 6th
SAPA VALLEY | HALONG BAY | 24K GOLD PLATED HOTEL | COFFEE AT TRAIN STREET | GLASS BRIDGE - SAPA
EXCLUSIVE BY AMMPAL HOLIDAYS
- Stay at the ONLY 24K Gold Hotel in Hanoi
- FREE Coconut Coffee at Train Street
- FREE Cyclo Ride in Hanoi
- FREE Entry to Glass bridge in SAPA
- FREE Foot Spa in SAPA
- Night City Tour in Hop-on & Hop-off Bus in Ho Chi Minh
- Ancient Town Night Tour in Hoi An
- Coconut Forest with Basket Boat in Hoi An
- FREE Coconut Water at Hoi An
- Cruise Ride in Halong Bay
- Visit Dragon Bridge, Monkey Mountain, Fantasy Park, Flower Garden, Lady Buddha, French Village, Marble Mountain at Danang
- Indian & Continental Breakfast
- 3 Course Lunch & 7 Course Dinner

Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ | Tour Inclusive of Air Fare* & Visa Assistance | Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager | Sightseeing in Super Deluxe A/c Luxury Coaches | Stay at Luxurious Hotels
WE ALSO HELP, PLAN AND EXECUTE
EXCLUSIVE WOMEN TOURS | CUSTOMISE TOUR FOR SOCIAL GROUPS
AMMPAL HOLIDAYS Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now! AMIT SHAH 9833082820 I 8291099100

# ઇન્ફ્લેશન આધારિત ઊભરો શમી ગયો: શૅરબજાર સતત સાતમા સત્રમાં ગબડ્યું, નિફ્ટી ૨૩,૦૩૧ની સપાટીએ સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સ્થાનિક ફુગાવાના ડેટાએ વ્યાજદરના ઘટાડાની આશા જગાવી હોવાથી સહેજ ટેકો મળતા ઊંચે ગયા બાદ આઇટી અને બેન્ક શેરોની આગેવાનીએ ફરી વેચવાલીનું દબાણ વધવા સાથે એફઆઇઆઇના અવિરત એક્સોડસ તથા વૈશ્વિક વિપરીત વલણોને કારણે શેરબજાર સતત સાતમાં દિવસે નેગેટિવ ઝોનમાં સરક્યું હતું.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૭૫૧ પોઇન્ટની ઊંચી સપાટી સુધી જઇ અંતે ૩૨.૧૧ પોઇન્ટના ઘટાડા સાથે ૭૬,૧૩૮.૯૭ પોઇન્ટની અને નિફ્ટી ૧૩.૮૫ પોઇન્ટના ઘસરકા સાથે ૨૩,૦૩૧.૪૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. અગાણી પોર્ટ, ઇન્ફોસિસ, ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, સ્ટેટ બેન્ક, નેસ્લે અને ટાઇટન ટોપ લુઝર બન્યા હતા. જ્યારે સન ફાર્મા, ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વ, બજાજ ફાઇનાન્સ, કોટક મહિન્દ્રા બેન્ક અને ઝોમેટો ટોપ ગેઇનર બન્યા હતા.

નેટકો ફાર્માએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૩૭.૭૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૩૨.૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ક્રાફ્ટ પેપરની વિવિધ શ્રેણીના અગ્રણી ઉત્પાદકો અને સપ્લાયરોમાંની એક બાણગંગા પેપર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરના પરિણામમાં રૂ. ૨૦૭૯.૧૫ લાખની કુલ આવક, રૂ. ૭૬.૦૯ લાખનો ચોખ્ખો નફો, રૂ.૧૬૮.૫૯ લાખનો એબિટા નોંધાવ્યો છે. ચોખ્ખા નફાનું માર્જિન ૩.૬૬ ટકા રહ્યું છે.

ઇરકોન ઇન્ટરનેશનલના ચોખ્ખા નફામાં ત્રીજા ક્વાર્ટરમાં ૬૫ ટકાનો કડાકો નોંધાયો છે. ભારતની અગ્રણી ઇકો રિસ્પોન્સિબલ લક્ઝરી રિસોર્ટ કંપની પ્રવેગ લિમિટેડે કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામમાં વર્ષ ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટરની રૂ. ૩૩.૯૭ કરોડની સામે ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરમાં કુલ રૂ. ૫૪.૮૮ કરોડની આવક અને ઉક્ત સમયગાળામાં રૂ. ૮.૧૦ કરોડ સામે રૂ. ૧૦.૫૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૨૨.૦૭ કરોડ રહ્યો છે.

ભારત ફોર્જનો ત્રીજા ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ૧૬.૩૮ ટકા ઘટીને રૂ. ૨૧૨.૭૮ કરોડ થયો છે. કર્ણાટક રાજ્યમાં સિમેન્ટ અને સૌર ઉર્જા ઉત્પાદન અને વિતરણના ઉત્પાદનમાં વ્યસ્ત શ્રી કેશવ સિમેન્ટ એન્ડ ઇન્ફ્રા લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના નવમા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં રૂ. ૮૫.૬૪ કરોડની કુલ આવક અને રૂ. ૨૦.૧૭ કરોડનો એબિટા નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૨૪.૪૯ ટકા રહ્યું હતું.

કલ્પતરુ પ્રોજેક્ટ્સ ઇન્ટરનેશનલનો ચોખ્ખો નફો ત્રણ ટકા ઘટ્યો છે. કોટેડ મેટલ પ્રોડક્ટ્સની અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર મનક્સિઆ કોટેડ મેટલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૭.૦૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૦૭.૮૩ કરોડની કુલ આવક, ૨૩.૭૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫.૦૧ કરોડનો ચોખ્ખો નફો, ૨૨.૨૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૭.૨૫ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

અશોક લેલેન્ડનો ત્રીજા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૩૬ ટકા, જ્યારે આવક આઠ ટકા વધી છે. સરકારે આશરે ત્રણ અબજ ડોલરનું રોકાણ આકર્ષી શકે એવા પ્રોજેક્ટ માટે ૪૦૦ એકર જમીન ફાળવી છે અને રત્નાગીરી સિંધુદૂર્ગ લોજિસ્ટિક કેન્દ્ર બનશે, એમ મહારાષ્ટ્રના ઉદ્યોગ સચિવ ડો. પી અન્બાલગને જર્મનીની મીસ્સે સ્ટટગાર્ટ ઇન્ડિયા દ્વારા આયોજિત લોજીમેટ ઇન્ડિયાની બીજી એડિશનમાં જણાવ્યું હતું. સીમેનનો ચોખ્ખો નફો ડિસેમ્બર ક્વાર્ટરમાં ૧૦ ટકા ઘટીને રૂ. ૩૭૨ કરોડ નોંધાયો છે. પાવર ફાઇનાન્સ કોર્પોરેશને ત્રીજા ક્વાર્ટરના પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૩ ટકાના વધારા સાથે રૂ. ૫,૮૨૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે અને શેર દીઠ રૂ. ૩.૫૦ના ડિવિડન્ડની જાહેરાત કરી છે. વોડાફોન આઇડિયાએ સહેજ ઘટાડા સાથે રૂ. ૬,૬૦૯ કરોડની ખોટ જાહેર કરી છે. સતત છ દિવસની પછડા બાદ બેન્કિંગ અને નાણાકીય શેરોની આગેવાનીએ નીકળેલી લેવાલીના ટેકાએ પોઝિટિવ ઝોનમાં ખૂલ્યા હતા અને પ્રારંભિક તબક્કે ૪૦૦ પોઇન્ટ જેટલા આગળ પણ વધ્યા હતા. સ્થાનિક ફુગાવાના ઘટાડાને જોતા આરબીઆઇ આગામી તબક્કે વ્યાજદરમાં ઘટાડો કરશે એવી આશાને કારણે પણ સેન્ટિમેન્ટમાં સુધારો હતો. ભારતનો રિટેલ ફુગાવો ૪.૩૧ ટકાના સ્તરે પહોચ્યો છે, જે પાંચ મહિનાનું નીચલું સ્તર દર્શાવે છે.

સવારના સત્રમાં નિફ્ટી ફાઇનાન્સિયલ ઇન્ડેક્સ ચાર ટકા સુધી ઊછળ્યો હતો. જ્યારે તેનાથી વિપરિત, યુએસ કન્ઝ્યુમર ઇન્ફલેશન જાન્યુઆરીમાં અપેક્ષા કરતાં વધુ વધ્યું હોવાથી ફેડરલ રેટ કટની આશા ધૂંધળી બની હોવાથી નિફ્ટી આઇટી ઇન્ડેક્સ બે ટકા સુધી નીચા મથાળે ખૂલ્યો હતો.

આરબીઆઇએ નવા બેંક એકાઉન્ટ ખોલવા, ક્રેડિટ કાર્ડ ઇશ્યુ કરવા પરના નિયંત્રણો હટાવ્યા બાદ કોટક બેંકના શેરમાં બે ટકા જેવો સુધારો હતો. એમઆરએફએ ડિવિડન્ડ ચૂકવણી માટે ૧૪ ફેબ્રુઆરી રેકોર્ડ ડેટ તરીકે જાહેર કરી છે.

બજારના વિશ્લેષકો અનુસાર બજાર જ્યારે ઓવરસોલ્ડ ઝોનમાં હોય ત્યારે કેટલાક ટ્રિગર્સ તેજીને ઉત્તેજિત કરી શકે છે. ભારતીય બજાર ખૂબ જ ઓવરસોલ્ડ ક્ષેત્રમાં હોવોથી, ટ્રમ્પ-મોદી મંત્રણામાંથી અપેક્ષિત સકારાત્મક સમાચાર પર તેજી આવે તેવી શક્યતા છે. અમેરિકા અને ભારત વચ્ચે પારસ્પરિક ટેરિફ પર કેટલાક કરાર થવાની સંભાવના છે.

બજારના સતત ગબડવાના કારણો જોઇએ તો યુએસ પ્રમુખે સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પરની ટેરિફ અગાઉના ૧૦ ટકાથી વધારીને પચ્ચીસ ટકા કરી, દેશ-વિશિષ્ટ મુક્તિલાભ અને પ્રોડક્ટ એક્ઝમ્પશન દૂર કરવા સાથે આગામી દિવસોમાં તમામ દેશ સામે પારસ્પરિક ટેરિફની જાહેરાત કરવાનું ઉચ્ચારણ કર્યુ છે. આ તમામ બાબતો ચિંતાપ્રેરક છે.

# રેસિપ્રોકલ ટૅક્સની ચિંતા વચ્ચે વિશ્વ બજાર પાછળ ચાંદી ₹ ૧૩૬૦ ચમકી અને સોનું ₹ ૯૦૩ ઝળક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ આગામી ટૂંક સમયમાં અમેરિકામાં થતી આયાત સામે રેસિપ્રોકલ ટૅક્સ લાદે તેવી શક્યતાઓ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનામાં મક્કમ ગતિએ તેજી આગળ ધપી હતી, જ્યારે ચાંદીમાં ટકેલું વલણ રહ્યું હોવાના નિર્દેશો હતા. જોકે, આજે મોડી સાંજે અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સની જાહેરાત પૂર્વે ટ્રેડરોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩૬૦નો ચમકારો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૦૦થી ૯૦૩ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૬૦ના ઉછાળા સાથે ફરી રૂ. ૯૫,૦૦૦ની સપાટી કુદાવીને રૂ. ૯૫,૫૪૯ના મથાળે રહ્યા હતા. વધુમાં વિશ્વ બજાર પાછળ સોનામાં પણ સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૦૦ વધીને રૂ. ૮૫,૪૦૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૦૩ વધીને રૂ. ૮૫,૭૪૮ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ટૂંક સમયમાં રેસિપ્રોકલ ટૅક્સ અર્થાત્ જે દેશે અમેરિકાથી થતી આયાત સામે જેટલી ડ્યૂટી લાદી હશે તેટલી માત્રામાં ડ્યૂટી લગાડવાની અથવા તો જેવાં સાથે તેવાંની નીતિ અપનાવવામાં આવશે એવી જાહેરાત કરવામાં આવશે, એમ જણાવ્યું હતું. તેમ જ જો રેસિપ્રોકલ ટૅક્સ લાદવામાં આવે તો વૈશ્વિક ટ્રેડ વૉર સર્જાવાની ભીતિ હેઠળ આજે લંડન ખાતે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ જળવાઈ રહેતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૨૯૧૭ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ૨૯૪૪.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૩૨.૨૪ ડૉલરની સપાટીએ ટકેલા રહ્યાના અહેવાલ હતા.

આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ટ્રેડ વૉરની ભીતિ ઉપરાંત વેપાર લગતી અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતાં સોનામાં સલામતી માટેની માગ અને રોકાણકારો પોર્ટફોલિયો બેલેન્સિંગ કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં સોનાના ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં આઈજી માર્કેટનાં સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે અમેરિકાના જાન્યુઆરી મહિનાના ફુગાવામાં દોઢ વર્ષનો સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો હોવાથી ફેડરલ રિઝર્વ શક્યતઃ તેના વલણમાં ફેરફાર કરે અને હળવી નાણાનીતિ અપનાવે તેવી ધારણા હેઠળ સોનાના ભાવમાં એક ટકા જેટલો ઘટાડો આવ્યો હતો, પરંતુ ત્યાર બાદ પુનઃ ટ્રેડ વૉરની ભીતિને કારણે અનિશ્ચિતતાઓ સર્જાવાની શક્યતાને કારણે સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં ઉછાળો આવ્યો હતો. જોકે, હવે ટ્રેડરો અને રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ પર સ્થિર થઈ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલે ગઈકાલે ટેસ્ટિમનીમાં જણાવ્યું હતું કે ફેડરલ રિઝર્વની વધતા ભાવ સામેની લડત હજુ પૂરી નથી થઈ. તેમ જ વ્યાજદરમાં વધુ ઘટાડા માટે અમારે ફુગાવો બે ટકાની લક્ષ્યાંકિત સપાટી આસપાસ આવે ત્યાં સુધી રાહ જોવાની છે. નોંધનીય બાબત એ છે કે અમેરિકી બૉન્ડની ઊંચી યિલ્ડને કારણે સોના જેવી વ્યાજની ઉપજ ન આપતી અસ્કયામતોમાં માગ રૂંધાતી હોય છે.

જોકે, વૈશ્વિક અનિશ્ચિતતાઓને કારણે સોનામાં વધી રહેલી રોકાણલક્ષી માગ અને કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી જળવાઈ રહેતાં સોનાની તેજીને ટેકો મળતો રહેશે, એમ એએનઝેડે એક નોટ્સમાં જણાવ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ સાધારણ નરમાઈતરફી રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે સાંકડી વધઘટે અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૮૬.૯૧ની સપાટીએ બંધ રહ્યો હતો. ગઈકાલે અમેરિકાના ફુગાવાના ડેટામાં ઉછાળો જોવા મળ્યો હોવાથી આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં એકંદરે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બજાર અથડાઈ જવાની સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોના અવિરત બાહ્યપ્રવાહના નિર્દેશોને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૯૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૮૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૯૪ અને ઉપરમાં ૮૬.૭૭ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે માત્ર ચાર પૈસાના સુધારા સાથે ૮૬.૯૧ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે ૧૬ પૈસાના ઘટાડા સાથે ૮૬.૯૧ના મથાળે બંધ રહ્યો હતો.

તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળી રહેલી પીછેહઠ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનાં દબાણ આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સાંકડી વધઘટથી નરમાઈનું વલણ જળવાઈ રહેશે, એમ જણાવતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ રૂપિયાની રેન્જ ૮૬.૬૦થી ૮૭.૩૦ આસપાસની રહેવાની ધારણા વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૩ ટકા ઘટીને ૧૦૭.૪૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧૭ ટકા ઘટીને બેરલદીઠ ૭૪.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો, પરંતુ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૨.૧૧ પૉઈન્ટનો અને ૧૩.૮૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૯૬૯.૩૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને કારણે રૂપિયામાં વધુ સુધારો રૂંધાઈ ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સ્પોર્ટ્સ

# ભારતીય ક્રિકેટરોના પરિવારનો કોઈ પણ મેમ્બર તેમની સાથે દુબઈ નહીં જઈ શકે

### ટૂંકા પ્રવાસમાં પત્ની, પાર્ટનર કે અન્ય ફૅમિલી મેમ્બરને લઈ જવાની મનાઈનો નિયમ ચૅમ્પિયન્સ ટ્રોફીથી જ લાગુ થઈ રહ્યો છે

નવી દિલ્હીઃ વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી ૧૯મી ફેબ્રુઆરીએ પાકિસ્તાનમાં શરૂ થઈ રહી છે, પરંતુ એમાં ભારતની પ્રથમ મૅચ ૨૦મી ફેબ્રુઆરીએ દુબઈમાં બાંગ્લાદેશ સામે રમાશે અને એ સાથે સાત વર્ષે ફરી રમાનારી આ ટૂર્નામેન્ટમાં ભારતનું મિશન શરૂ થઈ જશે. જોકે ભારતના ક્રિકેટરો સાથે તેમની પત્ની કે પાર્ટનર કે પરિવારના કોઈ પણ મેમ્બર દુબઈ નહીં જઈ શકે, કારણકે બીસીસીઆઇએ થોડા દિવસ પહેલાં વિદેશ પ્રવાસને લગતો જે નવો નિયમ બનાવ્યો એનો અમલ આ ટૂર્નામેન્ટથી જ શરૂ થવાનો છે.

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની બીજી મૅચ રવિવાર, ૨૩મીએ (બપોરે ૨.૩૦ વાગ્યાથી) દુબઈમાં પાકિસ્તાન સામે રમાશે. ભારતની ત્રીજી લીગ મૅચ બીજી માર્ચે ન્યૂ ઝીલૅન્ડ સામે રમાશે. ભારતની તમામ મૅચો દુબઈમાં રમાશે, જ્યારે બાકીની આખી ટૂર્નામેન્ટ પાકિસ્તાનમાં રમાવાની છે.

### નવો નિયમ શું કહે છે?

પીટીઆઇના અહેવાલ મુજબ આ સ્પર્ધા એક મહિનાથી પણ ઓછા સમયગાળાની છે. નવમી માર્ચની ફાઇનલ ગણીએ તો પણ એક મહિનો ન થાય એટલે ફક્ત ૧૯ દિવસની આ ટૂંકી સ્પર્ધામાં ભારતીય ક્રિકેટરોને પરિવારજનોમાંથી કોઈને પણ પ્રવાસમાં લઈ જવાની છૂટ નથી. નવા નિયમ પ્રમાણે જો વિદેશ પ્રવાસ ૪૫ કે વધુ દિવસનો હોય તો ખેલાડીઓના પરિવારના મેમ્બર તેમની સાથે વધુમાં વધુ બે અઠવાડિયા તેમની સાથે પ્રવાસમાં રહી શકે.

### એક ખેલાડીએ કરી હતી પૂછપરછ

બીસીસીઆઇના એક વરિષ્ઠ સૂત્ર પાસેથી પીટીઆઈને જાણવા મળ્યું હતું કે ટીમ ઇન્ડિયાના એક વરિષ્ઠ ખેલાડીએ પરિવારમાંથી કોઈ મેમ્બર તેની સાથે દુબઈ જઈ શકશે કે કેમ એ વિશે પૂછપરછ કરી તો તેને કહેવામાં આવ્યું કે નવી નીતિ ફૉલો કરવામાં આવશે એટલે કોઈ પણ ફૅમિલી મેમ્બર તેની સાથે પ્રવાસમાં નહીં જોડાઈ શકે.

જો કોઈ અનિવાર્ય કારણસર કોઈ ખેલાડી ફૅમિલી મેમ્બરને પ્રવાસમાં લઈ જવા માગતો હશે તો એ ફૅમિલી મેમ્બરનો બધો ખર્ચ એ ખેલાડીએ ભોગવવો પડશે, કારણકે બીસીસીઆઇ એ ખર્ચ ભરપાઈ નહીં કરે. આવા ખાસ કેસમાં સંબંધિત ખેલાડીએ પરિવારજનને પ્રવાસમાં સાથે લઈ જવા બાબતમાં કૅપ્ટન, કોચ તથા ઑપરેશન્સ વિભાગના જનરલ મૅનેજરની મંજૂરી પણ લેવી પડશે.'

### પર્સનલ સ્ટાફ વિશે પણ નિયંત્રણો લાગુ

અગાઉ એવું બનતું કે ક્રિકેટરો પ્રવાસમાં અંગત સ્ટાફ મેમ્બર્સને લઈ ગયા બાદ પોતે જે હોટેલમાં રહેતા હતા એ જ હોટેલમાં તેમના રહેવાની વ્યવસ્થા કરવામાં આવતી હતી, પણ હવે નવો નિયમ લાગુ પડ્યો છે. હવેથી કોઈ પણ ખેલાડી કે સપોર્ટ સ્ટાફનો મેમ્બર પોતાના પર્સનલ મૅનેજરને, એજન્ટને કે શેફને પોતાની હોટેલમાં નહીં રાખી શકે. તેમના રહેવા માટે અલગ હોટેલમાં વ્યવસ્થા કરવી પડશે. અગાઉ કોચિંગ સ્ટાફના એક મેમ્બરના પર્સનલ સેક્રેટરી હંમેશાં દરેક પ્રવાસમાં ટીમની હોટેલમાં જ જોવા મળતા હતા. હવે એવું નહીં થઈ શકે. તેમને અલગ હોટેલમાં રાખવા પડશે.

# કોહલીને આરસીબીની ટીમનું સુકાન ફરી કેમ ન સોંપાયું?

### કૅપ્ટન્સી વિશે અમદાવાદમાં કોહલી સહિત ત્રણ વચ્ચે મીટિંગ થઈ જેમાં રજત પાટીદારનું નામ નક્કી કરાયું અને વિરાટે નિર્ણયને પૂરો ટેકો આપ્યો

અમદાવાદ/બેન્ગલૂરુઃ રહસ્ય પરથી છેવટે પડદો ઊંચકાયો છે. આગામી ૨૧મી માર્ચે શરૂ થનારી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની નવી સીઝન માટેની રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ની ટીમના કૅપ્ટનપદે ૩૧ વર્ષીય ટૉપ-ઑર્ડર બૅટર રજત પાટીદારની નિયુક્તિ થઈ છે અને એ સાથે આ પદ પર વિરાટ કોહલી ફરી નીમાશે એના પર મહિનાઓથી થતી અટકળ હવે બંધ થઈ ગઈ છે. જોકે કોહલીને કેમ ફરી કૅપ્ટન ન બનાવાયો એ મુદ્દો ચર્ચાસ્પદ છે અને એ બાબતમાં રસપ્રદ વિગતો બહાર આવી છે.

ઘણા વખતની ચર્ચાતું હતું કે કોહલી ફરી આરસીબીની કૅપ્ટન્સી સ્વીકારશે. જોકે ફ્રૅન્ચાઇઝીએ એ પદ પર નવા ચહેરાને બેસાડવાનો નિર્ણય લઈ લીધો. આરસીબીએ જ્યારથી ત્રણ ખેલાડીઓને રીટેન કર્યા હતા ત્યારથી કૅપ્ટન્સીના વિષયમાં કોહલી અને પાટીદારનું નામ લેવાતું હતું. આરસીબીની ટીમ એક પણ વાર આઇપીએલનું ટાઇટલ નથી જીતી શકી એ વાત અલગ છે, પણ કોહલીએ ૧૦ વર્ષ સુધી સમર્પિત ભાવના અને જોશ અને ઉત્સાહપૂર્વક સુકાન સંભાળ્યું હતું. જોકે જ્યારથી તેણે કૅપ્ટન્સી છોડી દીધી હતી ત્યારથી ઘણાને એવું પણ લાગતું હતું કે તે ફરી કૅપ્ટન્સીના રોલમાં નહીં જોવા મળે. હવે એ સત્તાવાર રીતે જાહેર થઈ ગયું છે કે કૅપ્ટન તરીકે કોહલી હવે ભૂતકાળની વાત થઈ ગઈ છે અને આરસીબી પાટીદારને લઈને નવી સીઝનમાં પ્રવેશી રહી છે.

કોહલીએ તો પાટીદારને શુભકામના આપી છે, પણ બુધવારે અમદાવાદમાં ભારતની ઇંગ્લૅન્ડ સામેની છેલ્લી વન-ડે વખતે જે મીટિંગ થઈ એની વિગતો પણ જાણવા જેવી છે. કોહલીએ એક વીડિયોમાં જણાવ્યું છે કે 'હું પાટીદારને શક્ય હશે ત્યાં દરેક રીતે સપોર્ટ કરીશ.'

આરસીબીના ફ્રૅન્ચાઇઝીએ ઇંગ્લૅન્ડને ૨૦૧૯ના વન-ડે વર્લ્ડ કપ અને ૨૦૨૨ના ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ૪૧ વર્ષના મો બૉબાટની નિયુક્તિ ગયા વર્ષે ડિરેક્ટર ઑફ ઑપરેશન્સ તરીકે કરી હતી. બૉબાટને માઇક હેસનના સ્થાને નિયુક્ત કરવામાં આવ્યા છે.

મો બૉબાટે એવું પણ કહ્યું હતું કે 'અમે વિરાટ પર ઘણી ચર્ચા કરી હતી. અમારા માટે તે પણ એક મોટો વિકલ્પ હતો જ. એમાં કોઈ શંકા ન હોવી જોઈએ. ક્રિકેટપ્રેમીઓએ

પહેલાં તો વિરાટના નામની જ આશા રાખી હશે. જોકે અમે રજત પાટીદારના નામ પર પણ ઘણી વાતચીત કરી હતી. હું તો માનું છું કે ટીમની આગેવાની સંભાળવાની બાબતમાં વિરાટ માટે કૅપ્ટન્સીના ટૅગની કોઈ જ જરૂર નથી. નેતૃત્વ તેની રગેરગમાં છે અને એ જ તેની સૌથી મોટી તાકાત છે. તે હંમેશાં લીડર જ રહેવાનો છે. ગયા વર્ષે ફાફ ડુ પ્લેસી કૅપ્ટન હતો ત્યારે પણ આપણે બધાએ જોયું જ હતું કે વિરાટ મેદાન પર ટીમને કેટલા બધા ઉત્સાહ સાથે માર્ગદર્શન આપી રહ્યો હતો અને ડુ પ્લેસીની ગેરહાજરીમાં કૅપ્ટન્સી પણ સંભાળતો હતો. તે ઢગલો રન કરવાની સાથે કૅપ્ટન ન હોવા છતાં ટીમની આગેવાની પણ સારી રીતે સંભાળી શકે છે. ગયા વર્ષે તેણે જે સ્ટ્રાઇક-રેટથી રન બનાવ્યા હતા એ આરસીબીની બાબતમાં સૌથી મોટું આકર્ષણ હતું.'

# કાંદિવલીનો ગુજરાતી ટેબલ ટેનિસ ખેલાડી જશ મોદી નૅશનલ ગેમ્સમાં ચેમ્પિયન

દેહરાદૂનઃ કાંદિવલીમાં રહેતો કપોળ જ્ઞાતિનો જશ અમિત મોદી આજે અહીં રાષ્ટ્રીય રમતોત્સવમાં ટેબલ ટેનિસની સ્પર્ધામાં મેન્સ સિંગલ્સનો ગોલ્ડ મેડલ જીત્યો હતો. નૅશનલ ગેમ્સમાં આ તેની પહેલી મોટી જીત છે. તેણે ભારતના નંબર-વન ખેલાડી તેમ જ કૉમનવેલ્થ ગેમ્સના બે ગોલ્ડ સહિત કુલ છ મેડલ તથા એશિયન સ્પર્ધાઓના કુલ નવ ચંદ્રક જીતી ચૂકેલા જી. સાથિયાનને રોમાંચક ફાઇનલમાં ૪-૩થી હરાવી દીધો હતો. છેલ્લા ૧૧ વર્ષમાં જિલ્લા સ્તરથી માંડીને આંતરરાષ્ટ્રીય સ્તર સુધીમાં કુલ મળીને ૨૩૪ મેડલ જીતી ચૂકેલા મુંબઈના અને મહારાષ્ટ્રના ૧૮ વર્ષની ઉંમરના સ્ટાર ટેબલ ટેનિસ પ્લેયર જશ મોદીના ટૉપ-સીડેડ સાથિયાન સામેના સાત સેટના પરિણામ આ મુજબ હતાઃ (૧) ૭-૧૧ (૨) ૬-૧૧ (૩) ૧૧-૭ (૪) ૧૧-૮ (૫) ૧૨-૧૦ (૬) ૬-૧૧ અને (૭) ૧૧-૬.

જશ મોદી આ જ નૅશનલ ગેમ્સમાં મહારાષ્ટ્ર વતી ટીમ કૅટેગરીમાં સિલ્વર મેડલ તેમ જ મિક્સ્ડ-ડબલ્સમાં બ્રૉન્ઝ મેડલ પણ જીત્યો છે. તેણે ટેબલ ટેનિસ જગતમાં જાણીતા ખેલાડી સાથિયાનને હરાવ્યા પછી એક મુલાકાતમાં કહ્યું હતું કે 'તે મારી સામે આસાનીથી કોઈ પૉઇન્ટ ન જીતી જાય એની મેં ખાસ તકેદારી રાખી હતી. તેણે મારી સામે એકેએક પૉઇન્ટ ભારે સંઘર્ષથી જીતવો પડ્યો હતો. નિર્ણાયક સેટમાં મેં વધુને વધુ ફૉરહૅન્ડ રમવાનો અપ્રોચ રાખ્યો હતો, કારણકે અગાઉના બધા સેટમાં હું ફૉરહૅન્ડથી જ વધુ પૉઇન્ટ મેળવી શક્યો હતો.'

સિંગલ્સમાં તામિલનાડુની સેલેના દીપ્તિ સેલ્વાકુમાર પણ ટેબલ ટેનિસમાં પહેલી વાર નૅશનલ ગેમ્સનો ગોલ્ડ મેડલ જીતી હતી. તેણે ફાઇનલમાં મહારાષ્ટ્રની સ્વસ્તિકા ઘોષને ૪-૩થી હરાવી દીધી હતી.

# ચૅમ્પિયન્સ ટ્રોફી પહેલાં ટ્રાયેન્ગ્યૂલરમાં બબાલઃ ત્રણ પાકિસ્તાની ખેલાડીને ગેરવર્તન બદલ દંડ

કરાચીઃ પાકિસ્તાને બુધવારે એક તરફ ઘરઆંગણાની વન-ડે ટ્રાયેન્ગ્યૂલરમાં પોતાના સૌથી મોટા રન-ચેઝ સાથે સાઉથ આફ્રિકાને હરાવીને શુક્રવાર, ૧૪મી ફેબ્રુઆરીની ન્યૂ ઝીલૅન્ડ સામેની ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો, પરંતુ પછીથી આ વિજેતા ટીમ એના ત્રણ ખેલાડીઓને કારણે મુસીબતમાં મુકાઈ ગઈ હતી. સાઉથ આફ્રિકાએ પાંચ વિકેટે ૩૫૨ રન બનાવ્યા હતા જેના જવાબમાં પાકિસ્તાને ૪૯ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૩૫૫ રન બનાવીને વિજય મેળવ્યો હતો. સાઉથ આફ્રિકાની ઇનિંગ્સની ૨૮મી ઓવરમાં શાહીન શાહ આફ્રિદીનો સાઉથ આફ્રિકાના બૅટર મૅથ્યૂ બ્રિત્ઝકી સાથે ઝઘડો થયો હતો. પાંચમા બૉલ પર આફ્રિદીએ બ્રિત્ઝકીને કંઈક કહ્યું હતું જેને પગલે બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. છેલ્લા બૉલ પર બ્રિત્ઝકી રન દોડતી વખતે આફ્રિદી સાથે ટકરાયો હતો. આફ્રિદીએ જાણી જોઈને તેને રન લેતો રોક્યો હતો જેને પગલે બન્ને વચ્ચે ફરી બોલાચાલી થઈ હતી. આફ્રિદીએ તેને ધક્કો પણ માર્યો હતો. અમ્પાયરે બન્ને છોડાવ્યા હતા. જોકે આફ્રિદીને આઇસીસીના નિયમ ૨.૧૨ મુજબ મૅચ ફીના પચીસ ટકા હિસ્સાનો દંડ ફટકાર્યો હતો.

૨૯મી ઓવરમાં સાઉથ આફ્રિકાનો સુકાની ટેમ્બા બવુમા રનઆઉટ થયો હતો જેને પગલે બવુમા પાસે પહોંચી જઈને સઉદ શકીલ અને કામરાન ગુલામ વિકેટની ઉજવણી કરવા લાગ્યા હતા. આ દેખીતા ગેરવર્તન બદલ શકીલ અને કામરાનને ૧૦-૧૦ ટકા મૅચ ફીનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# આજથી ડબ્લ્યૂપીએલ

વડોદરાઃ અહીં આજે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) તરીકે જાણીતી મહિલાઓની ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટનો આરંભ થઈ રહ્યો છે. આજે પહેલી મૅચ (સાંજે ૭.૩૦ વાગ્યાથી) ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે રમાશે. મંધાના બેન્ગલૂરુની અને ગાર્ડનર ગુજરાતની કૅપ્ટન છે. સ્પર્ધાની બીજી ત્રણ ટીમોમાં ૨૦૨૩ની પ્રથમ ચૅમ્પિયન મુંબઈ, દિલ્હી અને યુપી વૉરિયર્ઝનો સમાવેશ છે.

# ચૅમ્પિયન્સ લીગમાં કેન-ઑલિસે મેચ જિતાડીને બાયર્નની આબરૂ સાચવી

મ્યૂનિકઃ યુરોપની સૌથી મોટી ફૂટબૉલ સ્પર્ધાઓમાં ગણાતી ચૅમ્પિયન્સ લીગમાં પ્લે-ઑફ રાઉન્ડ ચાલી રહ્યો હોવાથી હવે આ સ્પર્ધાની ચરમસીમા બહુ દૂર નથી અને એ સ્થિતિમાં હૅરી કેન અને માઇકલ ઑલિસે ચાર મિનિટમાં એક-એક ગોલ કરીને બાયર્ન મ્યૂનિકની ટીમને બુધવારે ૨-૧થી વિજય અપાવીને સ્પર્ધામાં ટકાવી રાખી હતી.

બાયર્ન મ્યૂનિકે સ્કૉટિશ ચૅમ્પિયન સેલ્ટિક સામે ભારે સંઘર્ષ સાથે વિજય મેળવ્યો હતો. ઑલિસે ૪૫મી મિનિટમાં અને હૅરી કેને ૪૯મી મિનિટમાં ગોલ કર્યો હતો. હાફ ટાઇમ વખતે બાયર્ન મ્યૂનિકની ટીમ ૨-૦થી આગળ હતી અને સેકન્ડ હાફમાં સેલ્ટિકનો એકમાત્ર ખેલાડી ડેઇઝન માએડા ગોલ કરી શક્યો હતો અને એ ગોલ છેક ૭૯મી મિનિટમાં થયો હતો જેને પગલે બાયર્ને ૨-૧થી રોમાંચક વિજય મેળવ્યો હતો.

મંગળવારે રિયલ મૅડ્રિડે મૅન્ચેસ્ટર સિટીને થ્રિલરમાં ૩-૨થી હરાવીને તાકાતનો પરચો કરાવી દીધો હતો. દરમ્યાન ચૅમ્પિયન્સ લીગ જીતવાની એસી મિલાનની આશાને બુધવારે ધક્કો પહોંચ્યો હતો, કારણકે રૉટરડૅમમાં વરસાદના વિઘ્નવાળી મૅચમાં એનો ફેયનૂર્ડ સામે ૦-૧થી પરાજય થયો હતો. મૅચનો એકમાત્ર ગોલ ત્રીજી મિનિટમાં થયો હતો જે ફેયનૂર્ડના ઇગૉર પૅક્સાઓએ કર્યો હતો. ચૅમ્પિયન્સ લીગના પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી ગયેલી ટીમોમાં લિવરપૂલ, બાર્સેલોના, આર્સેનલ, ઇન્ટર મિલાન, ઍટલેટિકો મૅડ્રિડ, બાયર્ન લીવરકુસેન, લિલ તથા ઍસ્ટન વિલાનો સમાવેશ છે.

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 38 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 February 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

મેટિની પૂર્તિ



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# વિપક્ષના વિરોધ વચ્ચે સંસદમાં વક્ફ ખરડા પરનો અહેવાલ રજૂ

નવી દિલ્હી : વિપક્ષોના વિરોધ વચ્ચે વક્ફ ખરડા પર રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિનો અહેવાલ ગુરવારે સંસદના બન્ને ગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો. અમારી અસંમતી જાહેર કરતી નોંધને અહેવાલમાં સમાવવામાં આવી નથી એવો આક્ષેપ કરીને વિરોધ પક્ષોએ સંસદના બન્ને ગૃહમાં સભાત્યાગ કર્યો હતો. સસંદમાં અહેવાલ રજૂ કરાયો કે વિરોધ પક્ષોએ શોરબકોર કર્યો હતો અને સંસદના બન્ને ગૃહોની કાર્યવાહી મોકૂફ રાખવી પડી હતી. અંતે સરકારે લંચ પછી અહેવાલમાં સુધારો રજૂ કર્યો હતો અને એમાં વિરોધ પક્ષની નારાજગીની નોંધ સંપૂર્ણપણે આમેજ કરીને સુધારેલો અહેવાલ રજૂ કર્યો હતો.

લોકસભામાં સંયુક્ત સંસદીય સમિતિના અધ્યક્ષ જગદમ્બિકા પાલે લોકસભામાં અહેવાલ રજૂ કર્યો કે વિરોધ પક્ષોએ અહેવાલ સામે સૂત્રોચ્ચાર શરૂ કર્યો હતો. સભાને બપોરના બે વાગ્યા સુધી મુલતવી રાખવી પડી હતી. આના જવાબમાં શાસક પક્ષના સભ્યોએ પાટલી થપથપાવી હતી. વિરોધ પક્ષના સભ્યોએ એવી ફરિયાદ કરી હતી કે અહેવાલમાં અમારા પ્રતિમતની નોંધ જોડવામાં આવી નથી. કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે વિરોધ પક્ષના સભ્યોના શોરબકોર વચ્ચે કહ્યું હતું કે વિરોધ પક્ષોના સભ્યોની વિરોધ દર્શાવનારી નોંધ કાપકૂપ કર્યા વગર સામેલ કરવામાં આવે તો અમને કશો વાંધો નથી. શાહે સ્પીકરને આ અંગે

(જુઓ પાનું ૨) ▶▶

# મણિપુરમાં રાષ્ટ્રપતિશાસન લાગુ

## તત્કાળ નવી ચૂંટણી યોજવાની ઊઠી માગ

ઇમ્ફાલઃ મણિપુરમાં રાષ્ટ્રપતિશાસન લગાવવામાં આવ્યું હતું. જોકે રાષ્ટ્રપતિશાસન હટાવવાની પણ માગ ઉગ્ર બની હતી. મણિપુર સીપીઆઈ(એમ) એકમે કહ્યું કે મણિપુરમાંથી રાષ્ટ્રપતિશાસન તાત્કાલિક હટાવી દેવું જોઈએ અને વહેલી તકે નવી ચૂંટણીઓ યોજવી જોઈએ. પૂર્વ મુખ્યમંત્રી એન બિરેન સિંહે પોતાના પદ પરથી રાજીનામું આપ્યાના થોડા દિવસો પછી ગુરુવારે રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન લાદવામાં આવ્યું હતું. વિધાનસભાને પણ સ્થગિત કરવામાં આવી હતી.

પત્રકારો સાથે વાત કરતા સીપીઆઈ(એમ) રાજ્ય સમિતિના સચિવ કે.એસ. શાંતાએ કહ્યું હતું કે પાર્ટી અને અન્ય સમાન વિચારધાર ધરાવતા પક્ષો રાષ્ટ્રપતિશાસન દરમિયાન રાજ્યની પ્રાદેશિક અખંડિતતા માટે ઊભા રહેશે. વધુમાં તેમણે કહ્યું હતું કે ''સીપીઆઈ(એમ) અને તમામ સાથી પક્ષો રાષ્ટ્રપતિશાસન

(જુઓ પાનું ૨) ▶▶



**શ્રદ્ધાંજલિ :** અયોધ્યામાં ગુરુવારે રામ જન્મભૂમિ મંદિરના વડા સત્યેન્દ્ર દાસની અંતિમવિધિ દરમિયાન શ્રદ્ધાંજલિ આપી રહેલા સાધુસંતો અને અન્યો. (એજન્સી).

# વડા પ્રધાન મોદી ટ્રમ્પ સાથે મંત્રણા કરવા વૉશિંગ્ટન પહોંચ્યા



**સ્વાગત :** વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે વૉશિંગ્ટન ડીસી પહોંચ્યા હતા ત્યારે યુએસએના ડિરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ તુલસી ગબાર્ડે તેમને આવકાર્યા હતા. (એજન્સી)

વૉશિંગ્ટન (અમેરિકા) : ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે મંત્રણા કરવા વૉશિંગ્ટન પહોંચ્યા હતા. વૉશિંગ્ટનના વેપારના 'અમેરિકા ફર્સ્ટ'ના એજન્ડા અને તેના વસાહતીઓ અંગેના અભિગમની ચિંતા વચ્ચે ભારત અને અમેરિકા વચ્ચે અતિશય મહત્ત્વ ધરાવતી દ્વિપક્ષીય મંત્રણા યોજાશે.

ટ્રમ્પે પ્રમુખની બીજી મુદતમાં કમાન ગયા મહિને સંભાળી ત્યાર બાદ તેમની આ

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતીયો સાથે દુર્વ્યવહારઃ મોદી અમેરિકા સામે નારાજગી દર્શાવશે

વૉશિંગ્ટન (અમેરિકા): વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે મંત્રણા કરવાના છે ત્યારે કૉંગ્રેસે એવો સવાલ પૂછ્યો હતો કે ભારતના ગેરકાયદે વસાહતીઓને જે અમાનવીય રીતે પાછા ભારત મોકલવામાં આવ્યા એનો આક્રોશ વ્યક્ત કરવાની મોદી હિંમત દાખવશે કે કેમ. વડા પ્રધાનને શ્રેણીબદ્ધ સવાલ પૂછી કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે પૂછ્યું હતું કે શું મોદી અમેરિકાના પ્રમુખને એવી જાણ કરશે કે અમારા વસાહતીઓને લેવા અમે વેનેઝુએલા અને કોલંબિયાની જેમ અમારું વિમાન મોકલીશું. વડા પ્રધાન ભારતીય સમય મુજબ રાત્રે અઢી વાગ્યે ટ્રમ્પને ભેટશે. અમેરિકાના પ્રમુખને ખુશ કરવા આ અગાઉ જ ખેતપેદાશો અને ટ્રમ્પની માનીતી હાર્લે ડેવિડસન મોટરસાઈકલ પર ટેરિફ ઘટાડ્યા છે.

# ટ્રમ્પ ટેરિફમાં 'જેવા સાથે તેવા'નો હુકમ બહાર પાડશેઃ આખું વિશ્વ મંદીની ઝપટમાં આવી જશે

વૉશિંગ્ટન : અમેરિકના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ આખા વિશ્વનો વેપાર અપસેટ થાય એવું વધારનું પગલું ભરવાના છે. ટ્રમ્પ આ અઠવાડિયે એવા હુકમ પર સહી કરશે જે બીજા દેશો અમેરિકા પર જે ટેરિફ લગાડે છે એવો જ રેસિપ્રોકલ એટલે કે પારસ્પરિક ટેરિફ અમેરિકા બીજા દેશો પર લગાડશે.

ટ્રમ્પે અઠવાડિયાની શરૂઆતમાં કહ્યું હતું કે આ સમય રેસિપ્રોકલ એટલે કે અસપરસનો છે. તમે પારસ્પરિક શબ્દ વારંવાર સાંભળશો. જો તેઓ અમારા પર આયાત શુલ્ક નાખશે તો અમે પણ નાખીશું.

પ્રમુખે સૂચવ્યું હતું કે હુકમ મંગળવારે કે બુધવારે આવી શકે. મગળવાર ટેરિફના હુકમ વિના પસાર થયો તો ટ્રમ્પે કહ્યું કે હુકમ ક્યારે આવશે એના સમયની બાબતમાં હું નિશ્ચિત નથી. ટ્રમ્પે બુધવારે બપોરે પત્રકારોને કહ્યું હતું કે હું આવતી કાલે સવારે કે પછીથી આ હુકમ બહાર પાડી શકું.

વાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું હતું કે હું માનું છું કે ગુરુવારની ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાત પહેલાં હુકમ આવી શકે.

ટ્રમ્પને સત્તા પર આવ્યાને એક મહિનાથી ઓછો સમય થયો છે ત્યારે તેમણે ટેરિફમાં શ્રેણીબદ્ધ ફેરફારો કર્યા છે. અમેરિકન અર્થતંત્ર

(જુઓ પાનું ૨) ▶▶

# એનબીએફસી ગ્રાહકો સાથે યોગ્ય વર્તન કરો, આરબીઆઇ ગવર્નરનો આદેશ

મુંબઈઃ ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઇ)ના ગવર્નર સંજય મલ્હોત્રાએ ગુરુવારે નોન-બેન્કિંગ ફાઇનાન્સ કંપનીઓને કહ્યું હતું કે તેઓ ગ્રાહકો સાથે યોગ્ય વ્યવહાર કરે અને ફરિયાદોના ઝડપથી નિકાલ માટે એક સિસ્ટમ બનાવે. આરબીઆઇના ગવર્નરે સરકારી માલિકીની નોન-બેન્કિંગ ફાઇનાન્સ કંપનીઓ (એનબીએફસી), હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓ અને માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ સહિત તમામ સ્તરો પર પસંદગીની એનબીએફસી કંપનીઓના મેનેજિંગ ડિરેક્ટરો અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર્સ (સીઇઓ) સાથેની બેઠકમાં આ વાત કરી હતી. બેઠકમાં સામેલ એનબીએફસી કંપનીઓની કુલ એનબીએફસી ક્ષેત્રમાં લગભગ ૫૦ ટકા હિસ્સો ધરાવે છે.

રિઝર્વ બેન્કે એક નિવેદનમાં કહ્યું હતું કે મલ્હોત્રાએ નાના વ્યવસાયો અને ચોક્કસ ક્ષેત્રો માટે ધિરાણ પૂરું પાડવામાં એનબીએફસીની ભૂમિકા પર ભાર મુક્યો હતો. રિઝર્વ બેન્ક અને એનબીએફસી વચ્ચે જરૂરી સહયોગી પ્રયાસો પર પ્રકાશ પાડતા ગવર્નરે સમાવેશી વિકાસ, ગ્રાહક સુરક્ષા અને નાણાકીય સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે વૃદ્ધિની આકાંક્ષાઓને મજબૂત પ્રથાઓ સાથે સંતુલિત કરવા પર ભાર મુક્યો હતો. રિઝર્વ

(જુઓ પાનું ૨) ▶▶

# લોકપાલને ભ્રષ્ટાચારની ૨૪૦૦થી વધુ ફરિયાદ મળી, કેન્દ્ર સરકારે રાજયસભામાં આપી જાણકારી

નવી દિલ્હીઃ લોકપાલને અત્યાર સુધીમાં ભ્રષ્ટાચારની ૨૪૦૦થી વધુ ફરિયાદો મળી છે, જેમાંથી ૨૩૫૦ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે, એમ સરકારે ગુરુવારે સંસદમાં જણાવ્યું હતું. કર્મચારી રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહે રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, ૨૦૧૩ દેશમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ અમલમાં આવ્યો હતો. લોકપાલ સંસ્થાની સ્થાપના થઇ ચૂકી છે અને તે સંપૂર્ણપણે કાર્ય કરી રહી છે. તેમણે કહ્યું કે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીના આંકડાઓ અનુસાર, લોકપાલે ૨,૪૨૬ ફરિયાદ નોંધવામાં આવી હતી જેમાંથી ૨,૩૫૦ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે વર્તમાનમાં અધ્યક્ષ ઉપરાંત છ સભ્યો છે, જેમાંથી ત્રણ ન્યાયિક સભ્યો છે. કાયદાની કલમ ૩ મુજબ, લોકપાલમાં અધ્યક્ષ સિવાય આઠથી વધુ સભ્યો નહીં હોય અને તેમાંથી ૫૦ ટકા ન્યાયિક સભ્યો હશે.

# કેન્દ્રએ દલાઈ લામાને ઝેડ-શ્રેણીનું સુરક્ષા કવચ આપ્યું

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે તિબેટના આધ્યાત્મિક નેતા દલાઈ લામાને તેમના માટે સંભવિત સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને ઝેડ-શ્રેણીનું સશસ્ત્ર સંરક્ષણ કવચ પૂરું પાડ્યું છે, એમ સત્તાવાર સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) ની વી.આઈ.પી સુરક્ષા વિંગને ૮૯ વર્ષીય નેતાનો હવાલો લેવાનો નિર્દેશ આપ્યો છે.

સૂત્રોએ જણાવ્યું કે દલાઈ લામાને દેશના તમામ ભાગોમાં સીઆરપીએફના કમાન્ડોના ઝેડ-શ્રેણી સુરક્ષા કવચ દ્વારા સુરક્ષિત કરવામાં આવશે.

તેમની પાસે હિમાચલ પ્રદેશ પોલીસનું એક નાનું રક્ષણ કવચ હતું અને જ્યારે તે દિલ્હી અથવા અન્ય કોઈ સ્થળે પ્રવાસ કરતા ત્યારે સ્થાનિક પોલીસ દ્વારા તેમની સુરક્ષા વધારવામાં આવતી હતી.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓની સમીક્ષા બાદ સરકારે હવે તેમને આ સમાન સુરક્ષા કવચ આપ્યું છે. લગભગ

(જુઓ પાનું ૨) ▶▶

# યોજના મુજબ વધુ બંધકોને મુક્ત કરાશે : હમાસ

કૈરોઃ હમાસે ગુરુવારે જણાવ્યું હતું કે તે યોજના મુજબ ઇઝરાયલી બંધકોના આગામી જૂથને મુક્ત કરશે, જે ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામને જોખમમાં મૂકતા મુખ્ય વિવાદને ઉકેલશે.

આતંકવાદી જૂથે જણાવ્યું હતું કે ઇજિપ્તિયન અને કતારી મધ્યસ્થીઓએ ખાતરી આપી છે કે તેઓ તમામ અવરોધોને દૂર કરવા માટે કામ કરશે અને તે યુદ્ધવિરામ સોદાને અમલમાં મૂકશે.

નિવેદનમાં સંકેત આપવામાં આવ્યો છે કે શનિવારે વધુ ત્રણ ઇઝરાયલી બંધકને મુક્ત કરવામાં આવશે. હમાસની જાહેરાત પર ઇઝરાયલ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

હમાસના પગલાથી ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામ ચાલુ રહેવાની મંજૂરી આપવી જોઈએ, પરંતુ તેનું ભવિષ્ય શંકામાં છે.

હમાસે યુદ્ધવિરામના અન્ય કથિત ઉલ્લંઘનો વચ્ચે, તંબુ અને આશ્રયસ્થાનોમાં મંજૂરી આપવાની તેની જવાબદારીઓને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ

(જુઓ પાનું ૨) ▶▶

# યુપીએસસીએ ઓનલાઇન અરજીની પ્રક્રિયામાં કર્યો ફેરફાર

નવી દિલ્હીઃ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)એ સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા માટે પોતાની ઓનલાઇન રજિસ્ટ્રેશન સિસ્ટમમાં કેટલાક ફેરફારો કર્યા છે કારણ કે ઉમેદવારોએ તેના માધ્યમથી અરજી કરતા સમયે ટેકનિકલ ખામીઓની ફરિયાદ કરી હતી. આ માહિતી એક સત્તાવાર નોટિસમાં આપવામાં આવી છે. આયોગે તાજેતરમાં સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા ૨૦૨૫ માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૧૮ ફેબ્રુઆરી સુધી લંબાવી હતી. યુપીએસસીએ નોટિસમાં કહ્યું હતું કે ઓનલાઇન અરજી કરવા માટે એક વખતના રજિસ્ટ્રેશનમાં કેટલીક એન્ટ્રીઓમાં સુધારો થઇ શકશે.

તેમાં કહેવામાં આવ્યું હતું કે સિવિલ સેવા પરીક્ષા ૨૦૨૫ માટે ઓનલાઈન અરજી ફોર્મ ભરવામાં ઉમેદવારો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો/મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને આયોગે ઓનલાઈન અરજી ભરવા માટે વન ટાઈમ રજિસ્ટ્રેશન (ઓટીઆર)માં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે.'' એક નોટિસમાં આયોગે જણાવ્યું હતું કે ઉમેદવારોને ઓટીઆરમાં ''નામ (ધોરણ ૧૦ મુજબ)'', ''જન્મ તારીખ'',

(જુઓ પાનું ૨) ▶▶

# સરકાર ૬૫ ટકા વસ્તીને સામાજિક સુરક્ષા પૂરી પાડે છેઃ માંડવિયા

નવી દિલ્હીઃ કેન્દ્રીય શ્રમ પ્રધાન મનસુખ માંડવિયાએ ગુરુવારે જણાવ્યું હતું કે સરકાર ૯૨ કરોડ લોકોને અથવા દેશની વસ્તીના ૬૫ ટકા લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડે છે.

રાજ્યસભામાં પૂરક મૌખિક પ્રશ્નના જવાબમાં માંડવિયાએ જણાવ્યું હતું કે, ''લગભગ એક દાયકા પહેલા, દેશના ૧૮ ટકા લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડવામાં આવતી હતી જેઓ પેન્શનપાત્ર હતાં.''

આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારે ૪૮ ટકા લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડી છે.

''તે રાજ્યોની વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ લાભાર્થીઓને બાકાત રાખે છે. જો આપણે આમાં ખાદ્ય સુરક્ષા ઉમેરીએ તો ૬૫ ટકા લોકોને સામાજિક સુરક્ષા મળી રહી છે. સરકાર દેશમાં ૯૨ કરોડ લોકોને સામાજિક સુરક્ષા પ્રદાન કરી રહી છે,'' એમ તેમણે કહ્યું હતું.

તેમણે ગૃહને માહિતી આપી હતી કે સરકારે ૮૦ કરોડ લોકોને ખાદ્ય સુરક્ષા પૂરી પાડી છે અને લગભગ ૬૦ કરોડ લોકોને આયુષ્માન ભારત યોજના હેઠળ ૫ લાખ રૂપિયાનું આરોગ્ય વીમા કવચ મળે છે.

૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકો અને છૂટક કામદારોને પણ આયુષ્માન

(જુઓ પાનું ૨) ▶▶

# યુનિયન કાર્બાઇડ ફેક્ટરીમાંથી ઝેરી રાસાયણિક કચરો કાઢવાનું શરૂ

ધારઃ ભોપાલ સ્થિતનિષ્ક્રિય યુનિયન કાર્બાઇડ ફેક્ટરીમાંથી કન્ટેનર ટ્રકમાં પરિવહન કરાયેલા ૩૩૭ ટન જોખમી કચરાને કાઢવાની પ્રક્રિયા ગુરુવારે મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં પીથમપુર ઔદ્યોગિક વિસ્તારમાં ભસ્મીકરણ યુનિટમાં શરૂ થઈ હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

તમામ સલામતીના ધોરણોનું પાલન કરીને બપોરે ૩ વાગ્યે શરૂ થયેલી આ કવાયત સ્થાનિક પ્રતિનિધિઓ અને વહીવટીતંત્રની હાજરીમાં શરૂ કરવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

માત્ર રાસાયણિક કચરાથી ભરેલા કન્ટેનર જ ઉતારવામાં આવી રહ્યા છે, અને અત્યાર સુધી કોઈ સળગાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

જાન્યુઆરીમાં, ધાર જિલ્લાના મુખ્ય મથકથી લગભગ ૫૦ કિમી. દૂર પીથમપુરમાં કચરો ભસ્મીભૂત કરવા માટે ખાનગી સુવિધામાં લાવવામાં આવ્યા બાદ વિરોધ પ્રદર્શનો થયા હતા.

આ પગલાં સામે વાંધો ઉઠાવનારાઓએ દાવો કર્યો હતો કે તેનાથી સ્થાનિક રહેવાસીઓના સ્વાસ્થ્ય અને પર્યાવરણને નુકસાન થશે.

પીથમપુરના એસડીએમ પ્રમોદસિંહ ગુજરે ઓડિયો અને વિઝ્યુઅલ ક્લિપમાં જણાવ્યું હતું કે, ''અમે સ્થાનિક પ્રતિનિધિઓને રામકી પ્લાન્ટમાં લાવ્યા છીએ, જ્યાં કન્ટેનર પાર્ક કરવામાં આવે છે. તમામ સલામતીના નિયમોનું પાલન કરીને ટ્રકમાંથી કચરો ઉતારવામાં આવી રહ્યો છે.'' ''બર્નિંગ પ્રક્રિયા શરૂ થવા અંગેના દાવા ખોટા છે.

# આવકવેરા બિલનો ઉદ્દેશ્ય કર નિશ્ચિતતા પ્રાપ્ત કરવાનો, જટિલતા ઘટાડવાનોઃ આવકવેરા વિભાગ

નવી દિલ્હીઃ નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં નવું આવકવેરા બિલ રજૂ કર્યું હતું. આવકવેરા વિભાગે ગુરુવારે જણાવ્યું હતું કે, નવું આવકવેરા બિલ ૧૯૬૧ના આવકવેરા કાયદા કરતાં અડધા આકારનું છે. તે મુકદ્દમા અને નવા અર્થઘટનનો અવકાશ ઘટાડીને કર નિશ્ચિતતા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. લોકસભામાં રજૂ કરાયેલા નવા બિલમાં ૨.૬ લાખ શબ્દો છે, જે આવકવેરા કાયદામાં ૫.૧૨ લાખ શબ્દો કરતાં ઓછા છે. નવા બિલમાં ૫૩૬ કલમોની સંખ્યા છે જ્યારે વર્તમાન કાયદામાં કલમોની સંખ્યા ૮૧૯ છે. આવકવેરા વિભાગ દ્વારા જાહેર કરાયેલા એફએક્યૂ અનુસાર,પ્રકરણોની સંખ્યા પણ ૪૭થી ઘટાડીને ૨૩ કરવામાં આવી છે.

આવકવેરા બિલ ૨૦૨૫માં ૫૭ કોષ્ટકો છે, જે હાલના કાયદામાં ૧૮ છે અને તેમાં ૧૨૦૦ જોગવાઈઓ અને ૯૦૦ સ્પષ્ટીકરણ હટાવી દેવામાં આવી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં બિલ રજૂ કરતી વખતે કહ્યું હતું કે બિલમાં ''નોંધપાત્ર ફેરફારો'' કરવામાં આવ્યા છે. શબ્દોની સંખ્યા ૫.૧૨ લાખથી ઘટાડીને અડધી કરવામાં આવી છે અને કલમો ૮૧૯થી ઘટાડીને ૨૩૬ કરવામાં આવી છે. રજૂઆત પછી બિલને લોકસભાની પસંદગી સમિતિને મોકલવામાં આવ્યું હતું અને ૧૦ માર્ચ સુધીમાં તેનો રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. છૂટ તથા ટીડીએસ/ટીસીએસ સંબંધિત જોગવાઈઓને કોષ્ટક

(જુઓ પાનું ૨) ▶▶

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુપ્રીમ કોર્ટ ફ્રીબિઝને ખોટી ગણાવે તેનાથી કશો ફરક ના પડે

**ભારતમાં** લોકો સુપ્રીમ કોર્ટને બહુ આશા અને માનની નજરે જુએ છે પણ સુપ્રીમ કોર્ટ લોકોની અપેક્ષાઓ પર ખરી ઊતરતી નથી. સુપ્રીમ કોર્ટ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ, રાજકીય દબાણ કે પક્ષપાતથી અલગ રહીને વર્તે અને દેશના હિતમાં નિર્ણયો લે એવી લોકોની અપેક્ષા હોય છે. મોટા ભાગના કેસમાં સુપ્રીમ કોર્ટ એ રીતે વર્તે પણ છે પણ મોટી સમસ્યા સમયની છે. સુપ્રીમ કોર્ટ પણ સમયસર કશું કરતી નથી ને મોટા ભાગે તો એટલું મોડું કરે છે કે એ ગમે તેટલી ન્યાયી રીતે વર્તે કે ગમે તે કહે તેનો અર્થ રહેતો નથી. બલ્કે મોટા ભાગના કેસોમાં તો સુપ્રીમ કોર્ટ હાસ્યાસ્પદ લાગે છે.

ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો દ્વાર અપાતાં મફતિયા ચીજો એટલે કે ફ્રીબિઝનાં વચન મુદ્દે આપવામાં આવતી મફત યોજનાઓને મુદ્દે સુપ્રીમ કોર્ટે લીધેલું વલણ તેનો તાજો નમૂનો છે. આ મુદ્દે લાંબા સમયથી સુનાવણી તાલી રહી છે ને સુપ્રીમ કોર્ટે બુધવારે ચૂંટણી દરમિયાન આપવામાં આવતાં કેસ ટ્રાન્સફર સહિતની ફ્રીબિઝ એટલે કે મફતિયા યોજનાઓને ખોટી ગણાવી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી.આર ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટિન જૉર્ડે મસીહની બેન્ચે મફતિયા યોજનાઓની ઝાટકણી કાઢતાં કહ્યું કે, સરકાર લોકોને મફત રેશન આપી રહી છે અને કશું કર્યા વિના તેમને પૈસા આપી રહી છે એટલે લોકો કામ જ કરવા માગતા નથી.

સુપ્રીમ કોર્ટની વાત સાવ સાચી છે પણ આ વાતનો કોઈ અર્થ નથી. તેનું કારણ એ કે, સુપ્રીમ કોર્ટે ફ્રીબિઝ સ્કીમને ખોટી તો ગણાવી દીધી પણ તેના પર પ્રતિબંધ મૂક્યો નથી કે આ પ્રકારની જાહેરાતો કરનારા રાજકીય પક્ષો સામે કોઈ પગલાં લેવાની જાહેરાત કરી નથી. આ સંજોગોમાં ખાલી ટીકાનો મતલબ નથી કેમ કે ભારતમાં રાજકારણીઓ એટલી જાડી ચામડીના છે કે સુપ્રીમ કોર્ટ કે બીજા કોઈની ટીકાની તેમના પર અસર જ થતી નથી. સુપ્રીમ કોર્ટ ટીકા કર્યા કરે છે ને એ લોકો બેશરમીથી પોતે જે કરવા માગે છે એ કર્યા કરે છે.

નેતાઓની બેશરમી પણ અકારણ નથી. તેમને કદાચ ખબર જ છે કે, સુપ્રીમ કોર્ટ ટીકા સિવાય બીજું કશું કરવાની નથી. આ માન્યતા પણ અકારણ નથી. ફ્રીબિઝ પર પ્રતિબંધની માગ સાથેની અરજી સુપ્રીમ કોર્ટમાં ત્રણ વર્ષ પહેલાં થયેલી પણ સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો પણ આપ્યો નથી તેથી સુપ્રીમ કોર્ટ કશું કરવાની નથી એવો નેતાઓનો વિશ્વાસ વધારે પડતો નથી જ.

ભાજપના નેતા અશ્વિની ઉપાધ્યાયે છેક ૨૦૨૨ના માર્ચમાં રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી વખતે મતદારોને લોભાવવા માટે કેશ ટ્રાન્સફર કે બીજી ચીજો આપવાની જાહેરાતો કરાય છે તેની સામે સુપ્રીમ કોર્ટમાં પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન (પીઆઈએલ) કરી છે. ઉપાધ્યાયે પોતાની અરજીમાં માગણી કરી છે કે, ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો દ્વારા મતદારોને આપવામાં આવતી મફત ભેટો અથવા ભેટોનાં વચનો પર પ્રતિબંધ મૂકવામાં આવે. ચૂંટણીપંચે આ વચનો આપનારા રાજકીય પક્ષોની માન્યતા રદ કરવી જોઈએ એવી પણ ઉપાધ્યાયની માગ છે.

ઓક્ટોબર ૨૦૨૪માં શશાંક જે શ્રીધરે નામના અરજદારે કરેલી અરજીમાં તો મફત ભેટોને લાંચ ગણવી જોઈએ એવી માગણી સાથેની અરજી કરાઈ હતી. તેમની દલીલ છે કે વિધાનસભા અથવા સામાન્ય ચૂંટણીઓ દરમિયાન રાજકીય પક્ષો દ્વારા મફત યોજનાઓનાં વચનોને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ લાંચ અથવા મત માટે આપવામાં આવતું પ્રલોભન ગણવું જોઈએ. આ બંને અરજીઓ પર ચાર-છ મહિને સુનાવણી કરાય ત્યારે સુપ્રીમ કોર્ટ થોડા આકરા તેવર બતાવીને ઝાટકણી કાઢી નાંખે છે પણ તેના પર પ્રતિબંધ મૂકતી નથી. આ અરજી પછી હરિયાણા, ઝારખંડ, મહારાષ્ટ્ર, દિલ્હી વગેરે વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ અને તેમાં લોકોનું ભલું કરવાના નામે ફ્રીબિઝની કેવી લહાણી કરાઈ એ આપણી નજર સામે છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા ટીકા-ટિપ્પણીનો સિલસિલો પણ લાંબા સમયથી ચાલે છે તેથી સુપ્રીમ કોર્ટે મફતિયા ચીજો આપવાની કે કેશ ટ્રાન્સફરની ઝાટકણી કાઢી હોય એવું પહેલી વાર નથી બન્યું. આ પહેલાં ૯ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ, અનસ્કીલ્ડ મજૂરોને મફત રેશનકાર્ડ આપવા સંબંધિત કેસની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને માહિતી આપેલી કે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળ દેશમાં ૮૧ કરોડ લોકોને મફત અથવા સબસિડીવાળું રાશન આપવામાં આવી રહ્યું છે.

સુપ્રીમ કોર્ટે એ વખતે કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોને મફત રાશનના વિતરણની આકરી ટીકા કરીને સવાલ કરેલો કે, ક્યાં સુધી આ રીતે મફત રાશનનું વિતરણ કરવામાં આવશે ? સરકાર રોજગારીની તકો કેમ ઊભી નથી કરી રહી? કેન્દ્ર સરકારે આ વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખી હતી.

ફ્રીબિઝ પર સુપ્રીમ કોર્ટ કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને નોટિસ પણ આપી ચૂકી છે. આઘાતની વાત પાછી એ છે કે, ચૂંટણી પંચે પોતાનું કામ કારકુની કરવાનું હોય એ રીતે આ મામલે હાથ જ અધ્ધર કરી નાંખ્યા છે છતાં સુપ્રીમ કોર્ટ તેને પણ કશું કરતી નથી. ચૂંટણીપંચે તો પોતે કશું કરવા જ નથી માગતું તે સ્પષ્ટ કરીને બધું સુપ્રીમ કોર્ટ પર જ ઢોળીને કહી દીધું કે, મફત યોજનાઓની વ્યાખ્યા સુપ્રીમ કોર્ટે નક્કી કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટમાં ૧૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ થયેલી સુનાવણી વખતે ચૂંટણીપંચે સાવ ઉઘાડ કાઢીને કહ્યું હતું કે મફત વસ્તુઓ પર પક્ષો દ્વારા અપનાવવામાં આવતી નીતિનું નિયમન કરવું ચૂંટણીપંચની સત્તામાં નથી. ચૂંટણી પહેલાં મફત વસ્તુઓનું વચન આપવું કે ચૂંટણી પછી આપવું એ રાજકીય પક્ષોનો નીતિગત નિર્ણય છે. આ સંદર્ભમાં નિયમો બનાવ્યા વિના કોઈપણ કાર્યવાહી કરવી એ ચૂંટણીપંચની સત્તાનો દુરૂપયોગ ગણાશે. કોર્ટે નક્કી કરવું જોઈએ કે કઈ મફત યોજના છે અને કઈ યોજના મફત નથી અને એ પછી અમે તેની સામે પગલાં લેવાનું શરૂ કરીશું.

આપણા જનપ્રતિનિધિ ધારામાં લાંચ આપીને મત લેવો ગુનો ગણાય છે. ચૂંટણી પંચ પાસે તેને રોકવાની અને લાંચ આપનારને સજા કરવાની કે તેના પર પ્રતિબંધ મૂકવાની સત્તા છે. રાજકીય પક્ષો જીત્યા પછી કેશ ટ્રાન્સફર કરવાની જે જાહેરાતો કરે છે એ લાંચ જ છે છતાં ચૂંટણીપંચ આવા જવાબો આપે એ સાંભળીને આઘાત લાગે છે. સુપ્રીમ કોર્ટે અત્યારે ઝાટકણી કાઢીને સારું કર્યું પણ તેના કારણે કશું બદલાવાનું નથી કે આ ચલકચલાણું બંધ પણ થવાનું નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિર ઋતુ, શુક્રવાર, તા. ૧૪-૨-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૫, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ- ૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૬મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૩-૦૮ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૩ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● ધ્રુ
- ભરતીઃ બપોરે ક. ૧૩-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૫ (તા. ૧૫)
- ઓટઃ સવારે ક. ૦૭-૨૫, રાત્રે ક. ૧૯-૧૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ કૃષ્ણ - દ્વિતીયા.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, ઉપનયન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજન, શ્રીસુક્ત અભિષેક, શુક્ર ગ્રહદેવતાનું પૂજન, ખાખરાનું વૃક્ષ વાવવું, વિદ્યારંભ, નૌકા બાંધવી, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, સ્થાવર લેવડદેવડ, પશુ લેવડદેવડ, ઘર, ખેતર જમીન, મકાન લેવડદેવડ. આચમનઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ મતલબી, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# પ્રજામત

## મહારાષ્ટ્ર સરકાર ગઠન

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામોના ૧૩માં દિવસે મોંડે મોંડે શપથવિધનાં ભવ્ય કાર્યક્રમ સાથે સરકાર બની જેના મૂળમાં શિવસેના (શિંદે) રિસામણા-મનામણા અને તેનું અહમ્‌વાદી વલણ કારણભૂત હતું. હવે જ્યારે રાજ્ય સરકાર બની ગયેલ છે ત્યારે ખાતાઓની વહેંચણીમાં પણ વિવાદો ન થાય અને ભૂતકાળની જેમ રાજ્યના મતદારોનો મતદ્રોહ ન થાય તે જોવાની જવાબદારી મહાયુતિના પક્ષોની બને છે.

મહારાષ્ટ્રના વિજયથી એ પણ નિશ્ચિત થઈ ગયું છે કે મોદી મેજિક ક્યાંય ગાયબ થયું નથી. મોદીને આ દેશની જનતા આજે પણ એટલી જ ચાહે છે અને તેમને એટલો જ આદર કરે છે.

દેશમાં એક દાયકામાં શ્રી નરેન્દ્ર મોદીએ જે કાર્યો કર્યા તે દેશે જોયું અને આ નોંધપાત્ર કામને જોઈને જ લોકો તેમને અને તેમની પાર્ટી ભાજપને મત આપતા રહે છે.

મહારાષ્ટ્રનું આ પરિણામ ભાજપનો જુસ્સો વધારનાર બની રહેશે જેની અસર રાષ્ટ્રીય સ્તરે પણ જોવા મળશે. ગત લોકસભાની ચૂંટણીમાં અબકી બાર ચારસો પારનો નારો શ્રી નરેન્દ્ર મોદીએ આપેલ હતો તે સાર્થક નહોતો થયો અને દેશના વિપક્ષો ગેલમાં આવી ગયા હતા. આ ખોટ આ વખતે મહારાષ્ટ્ર/હરિયાણાની ચૂંટણીએ સરભર કરી આપેલ છે અને વિપક્ષોને હતાશ કરેલ છે. ભાજપ હવે પુનઃ વેગથી દેશમાં આગળ વધી શકશે.

**- પ્રવીણ રાઠોડ**
૧૯/૨૧૭, આકાશગંગા એપાર્ટમેન્ટ સોબા હાઉસિંગ,
અમદાવાદ-૩૮૦૦૬૩.

## ૧૧ વર્ષના વિદ્યાર્થી સાથે ૨૪ વર્ષની શિક્ષિકાને બંધાયો પ્રેમસંબંધ

દુનિયાની મહાસત્તામાં ગણના થતા અમેરિકામાં દિવસે દિવસે એવું બધું બની રહ્યું છે કે ઈન્સાનજાત ક્યારે પણ શું કરશે તેની કોઈને ખબર હોતી નથી અને સમય હવે એવો આવ્યો છે કે આ જોઈ-સાંભળી-વાંચીને લોકોને આશ્ચર્ય પામવા જેવું લાગતું પણ નથી. જાણે આવા બનાવો સામાન્ય લાગે છે, અને તેઓ ટેવાઈ ગયા છે! બન્યું એવું કે અહીંની એક શાળામાં ૧૧ વર્ષના અને માત્ર પાંચમા જ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સાથે શાળાની શિક્ષિકાને રોમેન્ટિક સંબંધ બંધાઈ ગયો.

*૨૪ વર્ષની આ મેડિસન બર્ગમેન ટીચરનાં લગ્નને માત્ર ત્રણ મહિના જ બાકી હતા ત્યારે તેનું આ 'કૃત્ય' બહાર આવ્યું.

* હૃદયને ઠેસ પહોંચાડે એવી આ સત્ય ઘટનાનો ખુલાસો દીકરાની માએ કર્યો તો સ્કૂલ મેનેજમેન્ટે શિક્ષિકાને તરત જ સસ્પેન્ડ કરી નાખી હતી.

* વિદ્યાર્થી અને ટીચર વચ્ચેની રોમેન્ટિક વાતચીત દીકરાની મમ્મીએ જ્યારે એક દિવસ સાંભળી લીધી હતી ત્યારે તરત જ ટેકસ્ટ મેસેજનું પ્રિન્ટ કઢાવી સ્કૂલ અધિકારીઓને સુપ્રત કર્યું હતું અને ટીચર મૅડિસન બર્ગમેન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

મૅડિસનની બેગમાંથી વિદ્યાર્થીના નામના પ્રેમપત્રો પણ મળી આવ્યા હતાઃ વાહ અમેરિકા, આહ અમેરિકા...!

- શું આ જાઈઝ-માન્ય છે?
- અમેરિકાનો લો શું કહે છે?
- નજીકના સમયમાં સ્પષ્ટ થઈ જશે.

**- અનવર વલિયાણી**
(એટલાંટા, જ્યોર્જિયા, યુએસએ)
અમદાવાદ-૩૮૦૦૬૩.

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

પહેલા પાનાનું ચાલુ

## વિપક્ષના વિરોધ વચ્ચે

પ્રોસિજર પ્રમાણે નિર્ણય લેવાનું કહ્યું હતું. વિરોધ પક્ષના સભ્યોએ પાલની સામે સૂત્રોચ્ચાર કરીને સભાત્યાગ કર્યો હતો. વિરોધ પક્ષના શોરબકોર વચ્ચે અમિત શાહે કહ્યું હતું કે વિરોધ પક્ષના અમુક સભ્યોનો એવો વાંધો છે કે તેમની નોંધ સંપૂર્ણપણે અહેવાલ સાથે જોડવામાં આવી નથી. હું સ્પીકરને મારા પક્ષ વતી વિનંતી કરું છું કે સમિતિના સભ્યોએ જે કંઈ વાંધાવચકા કાઢ્યા હોય એ સંસદીય પ્રણાલી પ્રમાણે અહેવાલ સાથે જોડવામાં આવે. મારા પક્ષને આ સામે કંઈ વાંધો નથી. સંયુક્ત સમિતિનો અહેવાલ લોકસભાના સ્પીકર ઓમ બિરલાને ૩૦ જાન્યુઆરીએ સુપરત કરવામાં આવ્યો હતો. સમિતિએ શાસક પક્ષ ભાજપે સૂચવેલા સુધારા ધરાવતો અહેવાલ બહુમતીથી સ્વીકાર્યો હતો. વિરોધ પક્ષોએ આ ખરડાને વક્ફ બોર્ડને ખતમ કરવાની કવાયત ગણાવી હતી. સંયુક્ત સમિતિએ ખરડા પરના સમિતિના અહેવાલને ૧૫-૧૧થી સ્વીકાર્યો હતો.

રાજ્યસભાના વિરોધ પક્ષના સભ્યોએ પણ એવો વાંધો ઉઠાવ્યો હતો કે અમારી નારાજગીની નોંધને અહેવાલમાં સંપૂર્ણપણે આમેજ કરવામાં આવી નથી. અમારી નોંધનો અમુક ભાગ કાપી નાખવામાં આવ્યો છે. ભાજપના સભ્ય મેધા વિશ્રામે અહેવાલ રાજ્યસભામાં રજૂ કર્યો ત્યાર બાદ વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે અહેવાલમાંથી વિરોધ પક્ષના સભ્યોની નારાજગીની નોંધ કાઢી નખાઈ છે. અનેક સભ્યોએ આવી નોંધ દીધી હતી. ફક્ત બહુમતીનો મત રાખીને આખા અહેવાલ પર બુલડોઝર ચલાવામાં આવ્યું છે. આ પગલું ટીકાપાત્ર અને બિનલોકતાંત્રિક છે. આ બનાવટી અહેવાલ છે.

કેન્દ્રીય પ્રધાન કિરણ રિજિજુએ કહ્યું હતું કે સમિતિ પર જ શંકા વ્યક્ત કરતી વિરોધ પક્ષના સભ્યની નોંધનો અમુક ભાગ કાઢી નાખવામાં આવ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે સમિતિના અધ્યક્ષને આવો અધિકાર છે.

રાજ્યસભામાં લંચ પછીના સત્રમાં ભાજપના સંસદસભ્ય મેધા વિશ્રામ કુલકર્ણીએ અહેવાલમાં સુધારો રજૂ કર્યો હતો. અહેવાલ ગુરુવારે સવારે રજૂ કરવામાં આવ્યો હતો. પાંચમા પ્રકરણમાં સંયુક્ત સમિતિના સભ્યોની નારજગીની નોંધ આમેજ કરવામાં આવી છે. આમાં અગાઉ કાપી નખાયેલી નોંધનો ભાગ પણ છે. વિરોધ પક્ષના એક સભ્યે ટકોર કરી હતી કે આનાથી સાબિત થાય છે કે અગાઉ પ્રધાને ગૃહને ગેરમાર્ગે દોરવ્યું હતું. રાજ્યસભાના ચેરમેન જગદીપ ધનખરે આ માટે સરકારનો આભાર માન્યો હતો. આના જવાબમાં વિરોધ પક્ષોએ કહ્યું હતું કે આ બધું અમે મૂકેલા દબાણને લીધે કરવું પડ્યું છે. (એજન્સી) ■

## વડા પ્રધાન મોદી ટ્રમ્પ સાથે

પ્રથમ દ્વિપક્ષીય મંત્રણા હશે. ટ્રમ્પની ટેરિફ નીતિએ આખા વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. આથી મોદીનો ટોચનો અગ્રતાક્રમ અમેરિકા ભારત સામે વેપારમાં કોઈ દંડાત્મક કાર્યવાહી ન લે એ હશે. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધનો અભ્યાસ કરનાર લોકો કહે છે કે બન્ને દેશ ઊંચા ટેરિફને ટાળે અને એકંદર વેપારનું વિસ્તરણ થાય એવી વેપારી સંધીના વિકલ્પને ચકાસવા તૈયાર થઈ શકે.

મંત્રણામાં રોકાણ, ઊર્જા, સંરક્ષણ, ટેક્નોલોજી અને ઈમિગ્રેશન વગેરેમાં સહકાર વધારવા પર બન્ને વડાઓ ધ્યાન કેન્દ્રિત કરે એવી સંભાવના છે. ટ્રમ્પે સત્તા સંભાળી બાદ અમેરિકા આવનાર મોદી ચોથા વિદેશી નેતા છે. દરમિયાન મોદી પ્રમુખના ગેસ્ટ હાઉસ એટલે કે બ્લેર હાઉસમાં પહોંચ્યા ત્યારે કાતિલ ઠંડી અને વરસાદ છતાં મૂળ ભારતીય લોકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. દરમિયાન મોદી અમેરિકાના નેશનલ ઈન્ટેલિજન્સનાં ડિરેક્ટર તુલસી ગબાર્ડને મળ્યા હતા. બન્નેએ બે દેશના સંબંધો તથા આતંકવાદવિરોધી જાસૂસી સહકાર વધારવા તથા આવનારા પડકારો અંગે વાતચીત કરી હતી. દેશનાં ટોચના ગુપ્તચર અધિકારી બનવા માટે મોદીએ તેમને અભિનંદન આપ્યા હતા. (એજન્સી) ■

## ટ્રમ્પ ટેરિફમાં

કયા માર્ગે જશે એ ટ્રમ્પ પોતે નક્કી કરે છે. ટ્રમ્પ માને છે કે તેમના આર્થિક વિચારો મતદાતાઓ માટે અર્થપૂર્ણ પરિણામો લાવશે. જોકે ટ્રમ્પે પોતે એવી કબૂલાત કરી છે કે આયાત શુલ્ક લાદવાથી ફુગાવો અને અર્થતંત્રમાં વિક્ષેપો જેવી નાણાકીય મુસીબતો આવી શકે. ટ્રમ્પના પગલાંનો આધાર ટેરિફની વિગતો અને બીજા દેશો આનો કેવો પ્રતિસાદ પાડે છે એના પર હશે. રેસિપ્રોકલ ટેરિફના હુકમને લીધે વધારાના વેરાનો બોજો અમરિકાના ગ્રાહકો અને બિઝનેસને સહન કરવો પડશે. સેન્સર બ્યૂરોએ અહેવાલ આપ્યો છે કે ગયા વર્ષે દેશે ૪.૧ ટ્રિલિયન ડૉલરની આયાત કરી હતી. ટેરિફને લીધે અમેરિકાના વેપારી ભાગીદારો જવાબી ટેરિફ લાદશે જેનાથી આખા વિશ્વના વિકાસ પર અસર પડશે. આને લીધે અમેરિકા તેના સાથીદેશો અને દુશ્મનો બન્ને સાથે એકસરખો વર્તાવ કરશે. (એજન્સી) ■

## એનબીએફસી

બેન્કે કહ્યું હતું કે, ''ગવર્નરે ગ્રાહકો સાથે યોગ્ય વર્તન સુનિશ્ચિત કરવા અને ફરિયાદના તાત્કાલિક ઉકેલ માટેની સિસ્ટમ લાગુ કરવાના મહત્વ પર ભાર મુક્યો હતો. આ બેઠક રિઝર્વ બેન્કની તેના નિયમનકારી સંસ્થાઓના બોર્ડ અને વરિષ્ઠ મેનેજમેન્ટ સાથેની શ્રેણીબદ્ધ વાતચીતનો એક ભાગ હતી. પસંદગીના એનબીએફસી સાથે આવી છેલ્લી બેઠક ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ યોજાઈ હતી. ■

## યોજના મુજબ

મૂકતા, ઇઝરાયલ પર બંધકોની આગામી મુક્તિમાં વિલંબ કરવાની ધમકી આપી હતી.

યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના સમર્થન સાથે, જો બંધકોને મુક્ત કરવામાં નહીં આવે તો તેના આક્રમણને નવીકરણ કરવાની ધમકી ઇઝરાયલે આપી હતી. હમાસે જણાવ્યું હતું કે તેના પ્રતિનિધિમંડળે ઇજિપ્તના અધિકારીઓ સાથે કૈરોમાં વાટાઘાટો કરી હતી અને ગાઝામાં કાટમાળને સાફ કરવા માટે આશ્રયસ્થાનો, તબીબી પુરવઠો, ઇંધણ અને ભારે સાધનોનો પ્રવેશ વધારવા અંગે કતારના વડા પ્રધાન સાથે સંપર્કમાં હતો. ■

## મણિપુરમાં રાષ્ટ્રપતિશાસન

દરમિયાન રાજ્યની પ્રાદેશિક અખંડિતતા માટે ઊભા રહેશે અને રાજ્યને તોડવાના કોઈપણ પ્રયાસને મંજૂરી આપવામાં આવશે નહીં.'' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ધારાસભ્યો વચ્ચે સત્તા માટેની સ્વાર્થી ઇચ્છાએ રાજ્યને આવી પરિસ્થિતિમાં લાવી દીધું છે.

રાષ્ટ્રપતિશાસનની જાહેરાત થયા પછી ભાજપના વરિષ્ઠ નેતા સંબિત પાત્રા મુખ્યમંત્રી સચિવાલય પહોંચ્યા હતા અને ત્યાં ૪૦ મિનિટ સુધી ત્યાં રોકાયા હતા. જોકે, એ જાણી શકાયું નથી કે તેઓએ બિરેન સિંહ સાથે મુલાકાત કરી છે કે નહીં. દરમિયાન રાષ્ટ્રપતિશાસનની જાહેરાત કરતા ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા એક જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનો મત છે કે ''એવી પરિસ્થિતિ ઊભી થઈ છે જેમાં તે રાજ્યની સરકાર બંધારણની જોગવાઈઓ અનુસાર ચલાવી શકાતી નથી.'' ''તેથી હવે બંધારણની કલમ ૩૫૬ દ્વારા આપવામાં આવેલી શક્તિઓ અને તે સંબંધમાં મને સક્ષમ બનાવનારી તમામ અન્ય સત્તાઓનો ઉપયોગ કરતા હું જાહેરાત કરું છું કે ભારતના રાષ્ટ્રપતિના રૂપમાં મણિપુર રાજ્ય સરકારના તમામ કાર્યો અને તે રાજ્યના રાજ્યપાલ દ્વારા સોંપાયેલ અથવા તેમના દ્વારા ઉપયોગમાં લઈ શકાય તેવી તમામ સત્તાઓ મારી જવાબદારી છે. '' ■

## માંડવિયા

ભારત યોજના હેઠળ લાવવામાં આવે છે. આ યોજના હેઠળ લગભગ ૬૫ કરોડ લોકોને આરોગ્ય સુરક્ષા મળી રહી છે.

તેમણે ઉમેર્યું હતું કે, સરકાર વિધવા પેન્શન યોજના અને વૃદ્ધાવસ્થા પેન્શન યોજનાઓ પણ ચલાવી રહી છે.

તેમણે કહ્યું, ''આજે ૯૨ કરોડ લોકો અથવા દેશની વસ્તીના ૬૫ ટકા લોકો, એક અથવા એકથી વધુ સામાજિક સુરક્ષા લાભો મેળવી રહ્યા છે.''

ટ્રેડર્સ અને સેલ્ફ એમ્પ્લોયડ પર્સન્સ માટે નેશનલ પેન્શન સ્કીમ, જે સપ્ટેમ્બર, ૨૦૧૯માં શરૂ કરવામાં આવી હતી, એ વિશે તેમણે ગૃહને જણાવ્યું હતું કે છૂટક વેપારીઓ/દુકાનદારો અને સ્વ-રોજગાર વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળે છે.

તેમણે ગૃહને માહિતી આપી હતી કે ૬૦ લાખ લોકો આ યોજનાના સભ્ય છે. આ યોજના હેઠળ સભ્યોને ૬૦ વર્ષની ઉંમરે માસિક રૂ. ૩,૦૦૦નું ખાતરીપૂર્વકનું પેન્શન મળે છે.

યોજનાના પ્રચાર અને વિસ્તરણ વિશે, તેમણે જણાવ્યું હતું કે સરકાર તાલીમ કાર્યક્રમો, ડિજિટલ જાગૃતિ અભિયાનો તેમજ જાહેરાતો ચલાવે છે.

૧૮-૪૦ વર્ષની વય જૂથના છૂટક વેપારીઓ, દુકાનદારો અને સ્વ-રોજગાર ધરાવતા વ્યક્તિઓ, જેનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૧.૫ કરોડથી વધુ ન હોય અને જેઓ સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ યોજનાના સભ્યો ન હોય અથવા આવક-વેરાદાતા ન હોય, તેઓ આ યોજનામાં જોડાવા માટે પાત્ર છે. પ્રવેશની ઉંમરના આધારે લાભાર્થી દ્વારા માસિક યોગદાનની રકમ રૂ. ૫૫ થી રૂ. ૨૦૦ સુધીની હોય છે અને કેન્દ્ર સરકાર દ્વારા સમાન યોગદાન આપવામાં આવે છે. યોજનામાં નોંધણી સામાન્ય સેવા કેન્દ્રો દ્વારા કરવામાં આવે છે, તેના સમગ્ર દેશમાં લગભગ ૪ લાખ કેન્દ્રોના નેટવર્ક સાથે પાત્ર મહિલા વેપારીઓ અને સ્વરોજગારી ધરાવતી મહિલાઓ પણ નોંધણી કરાવી શકે છે અને યોજનાનો લાભ મેળવી શકે છે. આ ઉપરાંત, પાત્ર લોકો www.maandhan.in પોર્ટલ દ્વારા સ્વ-નોંધણી પણ કરી શકે છે. ■

## દલાઈ લામાને

૩૦ સીઆરપીએફ કમાન્ડોની એક ટીમ દલાઈ લામાને સુરક્ષિત કરવા માટે શિફ્ટમાં કામ કરશે, એમ તેમણે જણાવ્યું હતું. સમાન પગલામાં, ગૃહ મંત્રાલયે મણિપુરમાં ભાજપના નેતા સંબિત પાત્રાને ઝેડ-કેટેગરી કવચ પ્રદાન કર્યું છે, સૂત્રોએ જણાવ્યું હતું. ૫૦ વર્ષીય પુરીનાં સાંસદ રાજ્યમાં પાર્ટીની બાબતોના પ્રભારી છે, જે લગભગ બે વર્ષથી વંશીય હિંસાનો સાક્ષી છે. ■

## યુપીએસસીએ

''પિતાનું નામ'', ''માતાનું નામ'', ''મોબાઇલ નંબર'' અને ''ઇમેઇલ આઇડી'' સંબંધિત કોલમમાં કોઈપણ ફેરફાર કરવાની મંજૂરી નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે જો કોઈ ઉમેદવારે પોતાનો રજિસ્ટર્ડ મોબાઈલ નંબર બદલ્યો હોય, પરંતુ તેની પાસે રજિસ્ટર્ડ ઈમેલ આઈડી હોય તો તે મોબાઈલ નંબર બદલવા માટે અરજી કરી શકે છે અને આ કિસ્સામાં રજિસ્ટર્ડ ઈમેલ આઈડી પર એક ઓટીપી મોકલવામાં આવશે. યુપીએસસી દ્વારા દર વર્ષે પ્રારંભિક, મુખ્ય અને ઇન્ટરવ્યૂ એમ ત્રણ તબક્કામાં સિવિલ સર્વિસીસ પરીક્ષા લેવામાં આવે છે જેના માધ્યમથી ભારતીય વહીવટી સેવા (આઇએએસ), ભારતીય વિદેશ સેવા (આઇએફસી) અને ભારતીય પોલીસ સેવા (આઇપીએસ) ના અધિકારીઓની પસંદગી કરવામાં આવે છે. સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા ૨૦૨૫ અને ભારતીય વન સેવા (પ્રારંભિક) પરીક્ષા માટે નોંધણી માટેની છેલ્લા તારીખ પણ તાજેતરમાં ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ (સાંજે ૬ વાગ્યા સુધી) લંબાવવામાં આવી હતી. અગાઉ પરીક્ષાઓ માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૧ ફેબ્રુઆરી હતી.

યુપીએસસીએ જણાવ્યું હતું કે ઇન્ટિગ્રેટેડ માસ્ટર ડિગ્રી (અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ) ધરાવતા ઉમેદવારો તેમના ગ્રેજ્યુએશન અને ઉચ્ચ લાયકાત હોય તેવા કોલમમાં સમાન કોર્સ ભરી શકે છે. ■

## આવકવેરા બિલનો

સ્વરૂપમાં મુકીને બિલમાં સ્પષ્ટ કરવામાં આવ્યુ છે જ્યારે બિન-લાભકારી સંસ્થાઓ માટેના પ્રકરણને સરળ ભાષામાં વ્યાપક બનાવવામાં આવ્યું છે. આના પરિણામે શબ્દોની સંખ્યા ૩૪,૫૪૭ ઘટી ગઈ છે. નવા બિલના મુસદ્દામાં કર નિશ્ચિતતાના સિદ્ધાંતોનું પાલન કરવામાં આવ્યું હતું છે કે કેમ તે અંગેના પ્રશ્નના જવાબમાં કહેવામાં આવ્યું હતું કે ''સરળીકરણ કવાયત હાથ ધરતી વખતે મુકદ્દમા અને નવી વ્યાખ્યાઓના અવકાશ ઘટાડવાનો સભાન પ્રયાસ કરવામાં આવ્યો છે. મુખ્ય શબ્દો/વાક્યો ખાસ કરીને જ્યાં અદાલતોએ ચુકાદા આપ્યા છે ત્યાં ન્યૂનતમ સંશોધનો સાથે જાળવી રાખવામાં આવ્યા છે. અનેક વ્યાખ્યાઓની અવકાશને ઘટાડવા માટે જોગવાઇઓને સ્પષ્ટ કરવામાં આવી છે અને આંતરરાષ્ટ્રીય કરવેરાના વિવિધ વિભાગોના સંદર્ભમાં કર નિશ્ચિતતા સુનિશ્ચિત કરવામાં આવી છે. વધુમાં આવકવેરા વિભાગે કહ્યું હતું કે જ્યારે બિલમાં કોઈ પ્રમુખ નીતિ-સંબંધિત ફેરફારો અથવા કર દરોમાં ફેરફાર કરવામાં આવ્યા નથી ત્યારે હાલના કાયદામાં ''મહત્વપૂર્ણ'' ફેરફારો સૂચવવામાં આવી રહ્યા છે. બિલમાં પગાર સંબંધિત જોગવાઈઓને એક જ જગ્યાએ એકીકૃત કરવામાં આવી છે જેથી કરદાતાને આવકનું રિટર્ન ફાઇલ કરવા માટે અલગ પ્રકરણોનો સંદર્ભ ન લેવો પડે. ગ્રેચ્યુઇટી, લીવ એન્કેશમેન્ટ, પેન્શનનું રૂપાંતર, વીઆરએસ પર વળતર અને છટણીના વળતર જેવી કપાત હવે પગાર પ્રકરણનો જ ભાગ છે. ■




# એકનાથ શિંદે મોટાભાઈની જેમ સાચવી લેશેઃ રાજન સાળવી

## શિંદે-સેનામાં જોડાઈ ગયા એક સમયે ઉદ્ધવની સાવ નજીક ગણાતા સાળવી


(જયપ્રકાશ કેળકર)

મુંબઈઃ શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના ઉપનેતા અને ઉદ્ધવ ઠાકરેના વિશ્વાસુ મનાતા રાજન સાળવીએ શિંદે-સેનામાં સામેલ થવાનો નિર્ણય જાહેર કરતા રાજકીય વર્તુળમાં ખળભળાટ થયો છે. એક સમયે ઉદ્ધવ ઠાકરેના વિશ્વાસુ મનાતા રાજન સાળવીએ એકનાથ શિંદે સાથે જોડાઈ જવાનો નિર્ણય જાહેર કરતા. ઠાકરે જૂથને આંચકો લાગ્યો હોવાનું કહેવાય છે. આ થયા પછી ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેએ ટકોર કરી હતી કે 'જેમને લઈ જવા છે એમને લઈ જાઓ, પણ જનતાનું હિત જાળવો.' આ તમામ ઘટનાક્રમમાં હવે રાજન સાળવીની એન્ટ્રી પહેલાના સૂચક નિવેદનની ચર્ચા ચાલી રહી છે.

શિવસેના (એકનાથ શિંદે)માં જોડાતા પહેલા ટીવી-નાઇન સાથેની વાતચીતમાં રાજન સાળવીએ કહ્યું હતું કે ૨૦૨૪ની ચૂંટણીમાં હાર માટે જવાબદાર લોકો વિશે માહિતી મેં ઉદ્ધવ ઠાકરેને આપી હતી. ત્યારબાદ હું ચૂપ રહ્યો હતો. હવે મેં શિવસેનામાં જોડાવાનો નિર્ણય કર્યો છે. મારા પરાજય માટે જવાબદાર લોકો તેમજ મારી વિરુદ્ધ કામ કરનારા લોકો વિશે મેં શિવસેના પ્રમુખને તમામ માહિતી અને પુરાવા આપ્યા હતા. પછી મેં વિચાર્યું કે હવે મારે અટકી જવું જોઈએ. જોકે, મત વિસ્તાર અને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ફરી એકવાર ઉભા રહેવાનો આગ્રહ જનતાએ કરતા મેં આ નિર્ણય લીધો છે.

આ દરમિયાન, રાજન સાળવીને પક્ષમાં સામેલ થયા બાદ વિધાન પરિષદના સભ્ય બનાવવામાં આવશે એવું કહેવાય છે. આ અંગે પૂછતાં તેમણે સૂચક નિવેદન આપ્યું હતું કે 'શરૂઆતથી જ મેં શિવસૈનિક, નગરસેવક, મેયર, જિલ્લા પ્રમુખ અને પછી ઉપનેતા તરીકે કામ કર્યું છે. હું ત્રણ વખત વિધાનસભ્ય રહી ચૂક્યો છું. હવે એકનાથ શિંદે નક્કી કરશે. મને તેમનામાં ભરોસો છે. મોટા ભાઈની જેમ મને સાચવી લેશે એટલી મારી અપેક્ષા છે.'

એક મહત્ત્વના મુદ્દે રાજન સાળવીએ જણાવ્યું હતું કે 'વિનાયક રાઉત કહી રહ્યા છે કે ઉદય સામંત સામે ઊભો રાખવા માટે મને પક્ષમાં લેવામાં આવી રહ્યો છે. પરંતુ આ વાતમાં દમ નથી. બધા ભેગા મળી જિલ્લામાં શિવસેનાનો વિસ્તાર કરે એવી બધાની ભાવના છે.' ■


શ્રી વાંકાનેર દશાશ્રીમાળી જૈન



જન્મઃ તા.૨૫-૮-૧૯૫૩

અરિહંત શરણઃ તા.૧૨-૨-૨૦૨૫

અ.સૌ.ગીતાબેન

શ્રી કિશોરભાઈ ચંપાબેન રતીલાલ શાહના ધર્મપત્ની (હાલ ખાર-મુંબઈ)

-: શ્રદ્ધાંજલિ :-

પુત્રી-જમાઈ : રચના દીપન દિનેશભાઈ, મેઘના જયંતો કરમાકર
પૌત્ર-પૌત્રી : આર્યા, આદિત્ય, આયુષ
જેઠાણી : વનીતાબેન અમૃતલાલ શાહ, સ્વ. કુસુમબેન રમણલાલ શાહ, ઈન્દુબેન નવિનચંદ્ર શાહ, સ્વ.શોભાબેન રસીકલાલ શાહ, વિલાસબેન ચંદ્રકાન્ત શાહ

-: પિયરપક્ષ :-

માતુશ્રી : સ્વ. કપીલાબેન રતીલાલ શેઠવાલા
ભાભી-ભાઈશ્રી : ડૉ. કોકીલાબેન કિર્તીભાઈ, ડૉ. નીતાબેન નયનભાઈ, ભારતીબેન કમલેશભાઈ
બહેન-બનેવી : સુનીતાબેન મનહરલાલ દોઢીવાલા, ભાવનાબેન સુભાષભાઈ શાહ
વેવાઈ પક્ષ : અનીલાબેન દિનેશભાઈ રંગવાલા

WhatsApp : 93241 40100 / 98338 56034

લૌકિક વ્યવહાર બંધ છે


# ઘરનોકર જેવો વ્યવહાર થતોઃ શિંદે

લાંજા રાજાપુર મતવિસ્તારના ભૂતપૂર્વ વિધાનસભ્ય રાજન સાળવી શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ) પક્ષના ઉપનેતાપદેથી રાજીનામું આપીને શિવસેના (એકનાથ શિંદે) પક્ષમાં જોડાયા છે. લાંજા રાજાપુર મતવિસ્તારથી ત્રણ વાર વિધાનસભ્ય રહેલા રાજન સાળવીના પક્ષપ્રવેશ બાદ એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેનું નામ લીધા વિના તેમની ટીકા કરતાં કહ્યું હતુ કે અમે બાળાસાહેબ સાથે કામ કર્યું છે. તેમના ગયા બાદ સાથીદારો સાથે ઘરનોકર જેવો વ્યવહાર કરવામાં આવતો હતો.અઢી વર્ષ પહેલાં પક્ષ છોડવાનું આ જ મુખ્ય કારણ હતું, એવું શિંદેએ જણાવ્યું હતું.■

# શિંદે-સેનાની ડિનર ડિપ્લોમસીને લીધે ઉદ્ધવ-સેનાની ઊંઘ હરામ

## 'દુશ્મન'ને ત્યાં ડિનર પર જતા પહેલા પરવાનગી લેજોઃ પોતાના નેતાઓને આદિત્ય ઠાકરેનો આદેશ

મુંબઇઃ શિવસેના અને શિવસેના વ્યુબીટી વચ્ચેની જંગ હવે નવી દિલ્હીમાં ખેલાઇ રહી છે. શિંદે-સેનાએ શરૂ કરી છે. ડિનર-ડિપ્લોમસી અને તેમના નેતાએ યોજેલા સ્નેહભોજનમાં ઉદ્ધવ-સેનાના સાંસદો ગૂપચૂપ આંટો મારી આવાત ઉદ્ધવ અને આદિત્ય ઠાકરેની ઊંઘ હરામ થઇ ગઇ છે. હવે તેમણે એવા ફરમાન છોડયા છે કે આવા સ્નેબભોજનમાં જતા પહેલા પરવાનગી લેવાનું આવશ્યક છે.

દિલ્હીની ડિનર ડિપ્લોમસીએ ઉદ્ધવ ઠાકરેની ચિંતામાં વધારો કર્યો છે, ત્યારે આદિત્ય ઠાકરેએ રાહુલ ગાંધીની મુલાકાત કરવાની ચર્ચાએ વેગ પકડ્યો છે. બીજી બાજુ દિલ્હીમાં શરદ પવારે એકનાથ શિંદેને 'મહાદજી શિંદે રાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર' આપીને ઉદ્ધવને કારમો ઘા આપ્યો છે, જેને કારણે મહાવિકાસ આઘાડી (એવીએ)માં ખળભળાટ મચી ગયો છે. કંઇક તો ચાલી રહ્યું છે અને ઉદ્ધવની પાર્ટીનું વિભાજન થઇ શકે છે, એમ છાની વાતો થવા માંડી છે.

શિંદે જૂથના નેતાઓ તો પહેલાથી જ ઑપરેશન ટાઇગરની વાત કરી રહ્યા છે. શિંદે જૂથના ઉદય સામંતનો દાવો છે કે લોકો ધીમે ધીમે આગળ આવી રહ્યા છે, કેટલાક હજી પણ સંતાકૂકડી રમી રહ્યા છે, પણ સમય આવશે ત્યારે તેઓ અમારી સાથે જોડાઇ જશે.

દરમિયાનમાં ઠાકરે સેનાના નેતા આદિત્ય ઠાકરે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મળ્યા હતા. બંને નેતાઓએ ચૂંટણી પંચ પર લગાવવામાં આવેલા આરોપો પર ચર્ચા કરી હતી. એમવીએમાં ફફડાટ છે. ૨૦૨૨માં એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનામાંથી બળવો કરી તેમના અડધા વિધાનસભ્યોને પોતાની સાથે લીધા હતા અને બાદમાં શિવસેના પર નિયંત્રણ મેળવી લીધું હતું.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ, શિંદેસેના અને અજિત પવારની એનસીપીની બનેલી મહાયુતિની ભવ્ય જીત થઇ હતી અને કોંગ્રેસ, ઠાકરે સેના અને શરદ પવારની એનસીપીની બનેલી એમવીએ વીંટો વળી ગયો હતો.

ઉદ્ધવ ઠાકરે એકનાથ શિંદેને દેશદ્રોહી ગણાવે છે અને શરદ પવાર તેમનું સન્માન કરે છે, જેનાથી ઉદ્ધવની લાગણી વધુ ઘવાઇ છે. આદિત્ય ઠાકરે પણ દુઃખી છે. તેમણે જણાવ્યું છે કે દેશદ્રોહીનું સન્માન કરવાનું અમારાથી ના થઇ શકે. એ અમારા સિદ્ધાંતની વિરુદ્ધ છે, પણ શરદ પવારના સિદ્ધાંતની મને જાણ નથી. આ બધા ખેલ જોતા એમ લાગી રહ્યું છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં ફરીથી મોટો ભૂકંપ આવવાની શક્યતા છે.

### ઉદ્ધવ-સેનાની હજી ઘણી વિકેટ પડવાની

ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાંથી મોટી સંખ્યામાં સંસદ સભ્યો, વિધાન સભ્યો, વિભાગ પ્રમુખ અને અન્ય પદાધિકારીઓ ટૂંક સમયમાં એકનાથ શિંદેની શિવસેનામાં જોડાવાના છે. આ સમાચાર છેલ્લા ઘણા દિવસથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળમાં ફરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઉદ્ધવ-સેનાપાંચ સંસદ સભ્ય અને સાત વિધાનસભ્ય એકનાથ શિંદેના અગ્રણી નેતાના સંપર્કમાં છે. શિંદેના સૌથી વિશ્વાસપાત્ર કેબિનેટ મંત્રી ઉદ્ધવના નેતાઓને પોતાના પક્ષમાં લાવવા પ્રયત્નો કરી રહ્યા છે.

આ સંદર્ભે શિવસેનાના મુખ્ય નેતા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું છે કે વિધાનસભા ચૂંટણીમાં 'ઈન્ડિયા' ગઠબંધનને ૪૪૦ વોલ્ટનો એવો ઝટકો લાગ્યો છે કે એની કળ હજી તેમને નથી વળી. જનતાએ તેમને એક જ ફટકાર લગાવી છે, પણ સણસણતી મારી છે. તેઓ ચૂંટણી હારે છે, ત્યારે તેઓ ઇવીએમ, ચૂંટણી પંચ અને અદાલતોને જવાબદાર ગણે છે. હવે તેઓ મતદાર યાદી અંગે આક્ષેપો કરી રહ્યા છે. અરે ભાઈ, અમે અઢી વર્ષ કામ કર્યું. વિકાસ કર્યો અને લાડકી બહેનો અને ખેડૂતોએ અમને મત આપી જીતાડ્યા છે.■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"






અમારા માલની ગુણવત્તા સાથે તુલના કરો ભાવ સાથે નહી. એકવાર માલ મંગાવીને ખાત્રી કરો.

ડ્રાયફ્રુટ ખજુરપાક ૧,૨૦૦/- kg

ફ્રી હોમ ડિલિવરી

દરેક બ્રાન્ડના આખા, પોણીયા, દુબાર, ટુકડા બાસમતી, દરેક જાતની, સુરતી કોલમ, લચકારી વાડા કોલમ, કાળીમૂછ, પરીમલ, મસુરી, દુબરાજ, આંબામોર, ક્રિષ્ના કમોદ તથા દરેક જાતની દાળો, વિણેલા કઠોળ હોલસેલ ભાવે મગાંવો.

ક્યા થી પણ ખરીદી કરવા પહેલા એકવાર જરૂર ફોન કરીને ભાવ પુછસો

| બાસમતીચોખા | આખા | પોણીયા | દુબાર |
|---|---|---|---|
| કોહીનુર | ૧૩૫(૧૪૦) | ૧૧૦(૧૧૫) | ૧૦૦(૧૦૫) |
| રેશ્મ | ૧૪૦ | ૧૧૫ | ૧૦૫ |
| કુન | ૧૨૫(૧૩૦) | ૧૧૩(૧૧૮) | ૧૦૪(૧૦૯) |
| બોમ્બે | ૧૧૫ | ૯૦ | ૮૦ |

દાવત Select 125/- દાવત Dilkhush 112/-
દાવત Rozana 107/- નવા લાલ કિલા આખા 150/-

| | |
|---|---|
| નવા મસૂરી ચાખા | ૪૪ |
| જુના પરિમલ | ૪૪ |
| નવા પરિમલ | ૪૮ |
| નવા સુરતી કોલમ | ૫૬/૬૦ |
| નવા લચકારી વાડા કોલમ | ૬૪ |
| જુના વાડા કોલમ | ૭૬ |
| નવા દુબરાજ ચોખા (દુધ મલાઇ) | ૬૪ |
| નવા દુબરાજ ચોખા (ગુલાબ) | ૬૮ |
| નવા આંબામોર | ૧૦૫ |
| નવા કલક્તી આંબામોર | ૧૧૦ |
| નવા કાળીમૂછ | ૧૦૦ |
| નવા ક્રિષ્ના કમોદ | ૩૨૦ |
| લોકવાન ઘઉં | ૪૮ |
| એમપી ઘઉં | ૫૬/૬૦ |
| જંબુસરી ચણાદાળ | ૯૦/૧૦૦ |
| નવી લાતુર કોરી તુવર દાળ | ૧૪૦ |
| નવી ગુજરાત મઢી તુવર દાળ | ૧૬૦ |
| નવી સ્પેશ્યલ ગુજરાત મઢી તુવરદાળ | ૧૭૦ |
| નવી લક્ષ્મી તુવેરદાળ તેલવાળી | ૧૪૦ |
| દામજી પાસુ તુવર દાળ | ૨૦૦ |
| નવી અંગુર તુવરદાળ તેલવાળી | ૧૫૦ |
| નવી ચેમ્પીયન તુવરદાળ તેલવાળી | ૧૭૦ |

| | |
|---|---|
| નવી રેંટીયો તુવેર દાળ તેલવાળી | ૧૬૦ |
| નવી અળદ દાળ | ૧૪૦/૧૬૦ |
| નવી ગ્રીન છીલટી મગદાળ | ૧૪૦/૧૬૦ |
| મોગરદાળ રેગ્યુલર | ૧૩૦ |
| જાડી મોગરદાળ | ૧૪૦ |
| રજવાડી મોગરદાળ | ૧૬૦ |
| જુના બાસમતી | ૧૨૦/૧૪૦ |
| જાડા પૌંઆ | ૬૦ |
| મંગલમ જાડા પૌંઆ | ૬૮ |
| પાતળા પૌંઆ | ૬૮ |
| નવી મસુરદાળ | ૧૦૦ |
| કનૈયા મમરા (૫૦૦ ગ્રામ) | ૪૫ |
| મગ | ૧૪૦/૧૬૦ |
| મઠ | ૧૨૦/૧૮૦ |
| આખા મસુર | ૧૦૦ |
| સફેદ વટાણા | ૧૦૦/૧૨૦ |
| લીલા વટાણા | ૨૪૦ |
| કાળા વટાણા | ૧૨૦ |
| સુરતી વાલ | ૧૬૦ |
| બીબી નાની વાલ | ૨૦૦ |
| બીબી પાપડી વાલ | ૨૦૦ |
| લાલ ચણા નાના | ૧૦૦ |

| | |
|---|---|
| લાલ મોસંબી ચણા | ૧૪૦ |
| કાબૂલી ચણા | ૧૬૦/૨૦૦ |
| વાલની દાળ | ૧૮૦ |
| ચોળાની દાળ | ૧૬૦ |
| રાજમા | ૧૬૦ |
| જંબુસરી નાના રાજમા | ૧૬૦ |
| સફેદ ચિત્રા રાજમા | ૧૬૦ |
| લાલ તુવર | ૧૮૦ |
| કબૂતર જુવાર | ૩૮ |
| સોલાપુર જુવાર | ૯૦ |
| બાજરી | ૪૮ |
| ખાવાની પીળી મકાઈ | ૫૦ |
| પોપકોર્ન મકાઈ | ૧૬૦ |
| લાપસી રવો | ૫૨ |
| જાડો / બારીક રવો | ૪૮ |
| મેંદો | ૪૮ |
| જુવારનો લોટ | ૧૦૦ |
| બાજરીનો લોટ | ૭૦ |
| નાચણીનો લોટ | ૮૦ |
| મકાઇનો લોટ | ૮૦ |
| સોયાબીન લોટ | ૨૦૦ |

| | |
|---|---|
| રાજગીરાનો લોટ | ૧૮૦ |
| ઢોકળાનો લોટ | ૧૨૦ |
| હાંડવાનો લોટ | ૧૬૦ |
| ચોખાનો લોટ | ૬૦ |
| મસુરદાળ લોટ | ૧૪૦ |
| મોગરદાળ લોટ | ૧૬૦ |
| સીંગોડાનો લોટ | ૩૬૦ |
| કુટી દાળો | ૨૪૦ |
| કુટી લોટ | ૨૮૦ |
| ખપલી ઘઉંનો લોટ | ૧૪૦ |
| એમપી ઘઉંનો લોટ | ૬૦ |
| ઘઉંનો લાડુ લોટ | ૬૦ |
| સીંગદાણા | ૧૫૦/૧૬૦ |
| નવો બરફી ગોળ | ૬૫ |
| નવો દેશી ગોળ | ૭૫ |
| ગોળ પાવડર | ૧૪૦ |

| | |
|---|---|
| ગોળ ક્યુબ્સ ૫૦૦ ગ્રામ બરણી | ૭૫ |
| સાકર | ૪૪/૪૬ |
| સોસાયટી ચહા | ૫૫૦ |
| મધુર બ્રાન્ડ સાકર | ૫૫ |
| ખડી સાકર | ૮૦ |
| રાવલગાંવ ચોરસ સાકર | ૬૦ |
| ઠાકોરજી મીસરી | ૮૦ |
| ધાગા સાકર | ૧૨૦ |
| બુરી સાકર | ૬૦ |
| ભિમસેની કપુર | ૧૦૦૦ |
| ~~~હોમમેડ મસાલા~~~ | |
| સ્પેશ્યલ દૂધનો મસાલો | ૨૮૦૦ |
| ઓરગૈનીક સૂઠ પાવડર | ૬૦૦ |
| ઓરગૈનીક પીપરામુળ પાવડર | ૧૦૦૦ |
| પ્યોર ચાનો મસાલો | ૧૦૦૦ |
| પ્યોર ગરમ મસાલો | ૧૦૦૦ |

FREE HOME DELIVERY

| | |
|---|---|
| કેલિફોર્નિયા બદામ | ૮૪૦ |
| કેલિફોર્નિયા M બદામ | ૮૮૦ |
| કેલિફોર્નિયા A બદામ | ૯૬૦ |
| કેલિફોર્નિયા 2A બદામ | ૧૧૦૦ |
| કેલિફોર્નિયા 3A બદામ | ૧૨૦૦ |
| સોલ્ટેડ બદામ | ૯૦૦ |
| સોલ્ટેડ 3A બદામ | ૧૧૦૦ |
| બેસ્ટ ટોચ મમરા બદામ | ૧૬૦૦ |
| 2A મામરા બદામ | ૨૪૦૦ |
| 3A મામરા બદામ | ૨૮૦૦ |
| 4A મામરા બદામ | ૩૬૦૦ |
| 5A મામરા બદામ | ૪૫૦૦ |
| 6A જમ્બો મામરા બદામ | ૬૮૦૦ |
| બદામ સ્લાઈસ | ૯૦૦ |
| છીલટાવાળા ગોવા કાજુ | ૧૦૦૦ |
| રેગ્યુલર કાજુ | ૧૦૦૦ |
| 1A કાજુ | ૧૧૦૦ |
| 2A કાજુ | ૧૩૦૦ |
| 3A કાજુ | ૧૪૦૦ |
| 4A કાજુ | ૧૬૦૦ |
| 5A કાજુ જમ્બો | ૧૮૦૦ |
| A સોલ્ટેડ કાજુ | ૧૧૦૦ |
| 2A સોલ્ટેડ કાજુ | ૧૪૦૦ |
| રોસ્ટેડ કાજુ જમ્બો | ૧૮૦૦ |
| મસાલા કાજુ | ૧૩૦૦ |
| મરી કાજુ / પુદિના કાજુ | ૧૩૦૦ |
| પેરી પેરી કાજુ / ચિઝ કાજુ | ૧૩૦૦ |
| કાજુ કણી સફેદ | ૭૨૦ |

| | |
|---|---|
| કાજુ ટુકડા રેગ્યુલર | ૮૮૦ |
| કાજુ ટુકડા મોટી સાઈઝ | ૯૬૦ |
| કાજુ ટુકડા ફાડચા જમ્બો | ૧૧૦૦ |
| કાજુ પુરી | ૧૦૦૦ |
| કાજુ રોટલા | ૧૦૦૦ |
| ઈન્ડિયન કિસમિસ | ૩૬૦/૪૮૦ |
| અફઘાની કિસમિસ | ૮૦૦/૧૦૦૦ |
| અફઘાની ગ્રીન કિસમિસ | ૧૨૦૦ |
| સિન્ધુકાની ગ્રીન કિસમિસ | ૨૦૦૦ |
| રેગ્યુલર કાળી કિસમિસ | ૪૮૦ |
| સીડલેસ કાળી કિસમિસ | ૫૨૦ |
| મોટી સીડલેસ કાળી કિસમિસ | ૬૮૦ |
| મોટી કાળી કિસમિસ | ૭૬૦ |
| સીડલેસ કાળી કિસમિસ | ૧૦૦૦ |
| જંબો સીડલેસ કાળી કિસમિસ | ૧૩૦૦ |
| આખા અખરોટ | ૯૦૦ |
| અખરોટ કણી | ૧૦૦૦ |
| અખરોટ ક્વાર્ટર ટુકડા | ૧૨૦૦ |
| રેગ્યુલર અખરોટ | ૧૫૦૦ |
| કેલિફોર્નિયા અખરોટ મગજ | ૧૬૦૦ |
| વ્હાઈટ અખરોટ | ૧૮૦૦ |
| જમ્બો સુપર વ્હાઈટ અખરોટ | ૨૦૦૦ |
| એપ્રીકોટ (જરદાળુ) રેગ્યુલર | ૮૦૦ |
| 2A એપ્રીકોટ (જરદાળુ) | ૧૦૦૦ |
| 3A એપ્રીકોટ (જરદાળુ) | ૧૨૦૦ |
| જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૪૦૦ |
| સુપર જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૬૦૦ |
| A અંજીર | ૧૪૦૦ |
| 2A અંજીર | ૧૬૦૦ |

| | |
|---|---|
| 3A અંજીર | ૧૮૦૦ |
| 4A અંજીર | ૨૦૦૦ |
| 5A અંજીર | ૨૪૦૦ |
| 6A અંજીર | ૨૮૦૦ |
| 7A અંજીર જમ્બો | ૩૬૦૦ |
| પીસ્તા મગજ | ૨૦૦૦ |
| મોટા પીસ્તા મગજ | ૨૨૦૦ |
| જમ્બો પીસ્તા મગજ | ૨૬૦૦ |
| પિશોરી પીસ્તા | ૩૬૦૦ |
| પીસ્તા સ્લાઈસ | ૨૨૦૦ |
| સોલ્ટેડ પીસ્તા | ૧૨૦૦ |
| 2A સોલ્ટેડ પીસ્તા | ૧૪૦૦ |
| 3A સોલ્ટેડ પીસ્તા | ૧૬૦૦ |
| અકબરી સોલ્ટેડ પીસ્તા | ૨૦૦૦ |
| પબડી ગોટા | ૯૦૦ |
| પબડી ફાડચા | ૬૮૦ |
| કીમીયા કાળી ખજૂર (૫૦૦ ગ્રામ) | ૧૬૦ |
| ઓમાન કાળી ખજૂર | ૩૬૦ |
| ઓમાન કાળી ખજૂર સીડલેસ | ૪૦૦ |
| કલમી ખજૂર | ૮૦૦ |
| કલમી ખજૂર સીડલેસ | ૯૦૦ |
| મજદૂલ ખજૂર (લૂજ) | ૧૧૦૦ |
| મજદૂલ ખજૂર | ૧૪૦૦ |
| જમ્બો મજદૂલ ખજૂર | ૧૬૦૦ |
| અજવા ખજૂર | ૧૪૦૦ |
| લાલ ખજૂર | ૧૨૦ |
| સીડલેસ લાલ ખજૂર | ૧૮૦ |
| પમ્પકીન સીડસ | ૫૬૦ |

| | |
|---|---|
| રોસ્ટેડ પમ્પકીન સીડસ | ૭૦૦ |
| સનફલાવર સીડ | ૨૮૦ |
| રોસ્ટેડ સનફલાવર સીડ | ૫૦૦ |
| ચીયા સીડસ | ૩૨૦ |
| ક્યુનોવા | ૩૬૦ |
| કલીંગર સીડસ | ૬૮૦ |
| ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૨૦ |
| રોસ્ટેડ ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૮૦ |
| રોસ્ટેડ ૭ સીડસ | ૭૦૦ |
| ધાણાદાળ | ૩૨૦ |
| મુસેલી મીક્ષ ડ્રાયફ્રુટ | ૧૦૦૦ |
| સ્વીટ ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ |
| સ્પાઈસી ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ |
| ચારોલી | ૨૪૦૦ |
| ગ્રીન ઈલાયચી | ૩૬૦૦/૪૦૦૦/૪૨૦૦ |
| ઈલાયચી પાવડર | ૪૦૦૦ |
| કેનબેરી | ૬૮૦ |
| કેનબેરી આખી | ૮૦૦ |
| મસાલા કેનબેરી | ૯૦૦ |
| બ્લ્યુ બેરી | ૧૬૦૦ |
| ડ્રાય કિવી | ૬૦૦ |
| ડ્રાય માંગ્રો | ૬૮૦ |
| ડ્રાય પાઇનએપલ | ૬૮૦ |
| બ્રાઝિલ નટસ | ૨૮૦૦ |
| હેઝલ નટ | ૧૮૦૦ |
| પ્રુન્સ | ૮૦૦ |
| મીક્ષ ડ્રાયફ્રુટ | ૧૦૦૦ |

| | |
|---|---|
| મેકેડેમીયા નટસ | ૩૦૦૦ |
| ચીલગોઝા | ૬૦૦૦ |
| મખાના રેગ્યુલર | ૧૩૦૦ |
| A મખાના | ૧૫૦૦ |
| 2A મખાના | ૧૬૦૦ |
| જમ્બો મખાના | ૧૮૦૦ |
| ટર્કીશ એપ્રીકોટ (આલુચા) | ૧૦૦૦/૧૨૦૦ |
| સૂકી ખજૂર (ખારેક) | ૪૮૦ |
| તજ પાવડર | ૬૦૦ |
| ગુંદર કણી | ૨૮૦ |
| ડ્રાયફ્રુટ ચિક્કી | ૫૬૦ |
| જીરાગોળી | ૨૪૦ |
| મીઠા આમળા | ૨૪૦ |
| હની આમળા | ૩૬૦ |
| ઠાકોરજીની મિશ્રી | ૮૦ |
| ઈરાની કેસર (૧ ગ્રામ) | ૨૫૦ |
| કાશ્મીર કેસર (૧ ગ્રામ) | ૩૦૦ |
| સ્પેનીશ કેસર (૧ ગ્રામ) | ૪૪૦ |
| સ્પેનીશ કેસર (૧૪ ગ્રામ) | ૪૮૦૦ |
| સ્પેનીશ કેસર (૨૮ ગ્રામ) | ૯૦૦૦ |
| ભીમસેની કપુર | ૧૦૦૦ |
| કાળા મરી | ૯૦૦/૧૦૦૦/૧૧૦૦/૧૨૦૦ |
| જાવત્રી | ૩૨૦૦ |
| બાદયાન | ૧૨૦૦ |
| જાયફળ | ૧૨૦૦ |
| જંબો કશમીર લસણ | ૨૦૦૦ |

FREE HOME DELIVERY

મુંબઈમાં ફ્રી હોમ ડિલીવરી તથા સંપુર્ણ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં રૂ. ૫૦/- પ્રતિ કિલો ભાવે કુરીયર કરી આપશું.

Payment: Cash on Delivery, GPay, PayTM, Bank Transfer & Credit Card

Add: ૭, જે બી શાહ માર્કેટ, પ્રભુ હોટલ સામે, સ્ટેશન નજીક, મસ્જિદ બંદર (પ.), મુંબઈ - ૯. Sunday Closed

દરેક પ્રકારના ખાદ્ય ઘી-તેલ હોલસેલ ભાવથી ઉપલબ્ધ. બધી જ બ્રાન્ડ્સ હવે હોલસેલ ભાવે ઉપલબ્ધ

મિનીમમ ઓર્ડર ૨,૦૦૦/- થાણા થી આગળ ૩,૦૦૦/- દહીસર થી વિરાર ૪,૦૦૦/-

Rates per kg.

S. Arts

# સમૃદ્ધિ એક્સપ્રેસ-વેનો ઈગતપુરીથી થાણે સેક્શન ટૂંકમાં ખુલ્લો મુકાશે

મુંબઈઃ મુંબઈ નાગપુર એક્સપ્રેસ ડિસેમ્બર' ૨૦૨૨ અને માર્ચ' ૨૦૨૩ એમ બે વાર આંશિક રીતે ખૂલ્લો મુકવામાં આવ્યો છે. હવે તેના છેલ્લા ભાગનું બાંધકામ પણ પૂર્ણ થઈ ગયું છે અને ટૂંક સમયમાં ઈગતપુરીથી થાણે સુધીના ૭૬ કિ.મી.નું કામ પણ પૂર્ણતાને આરે છે અને ટૂંક સમયમાં આ સેક્શન પણ ખૂલ્લો મૂકવામાં આવશે ત્યાર બાદ મુંબઇને નાગપુર સુધી હાઇટેક છ લેનની કનેક્ટિવિટી મળશે અને મુંબઈથી નાગપુર સુધીની મુસાફરી સાત કલાકમાં પૂરી થઈ જશે. ૭૦૧ કિ.મી. લાંબા સમૃદ્ધિ હાઇવેનો નાગપુરથી શિર્ડી સુધીનો ૫૨૦ કિલોમીટરના પહેલા તબક્કો ડિસેમ્બર ૨૦૨૨માં શરૂ કરવામાં આવ્યો હતો. બીજા તબક્કામાં શિર્ડીથી ભારવીર સુધીનો લગભગ ૮૦ કિ.મી.નો તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે ત્રીજા તબક્કામાં ભારવીરથી ઈગતપૂરી સુધીનો ૨૩ કિલોમીટરનો વધુ એક તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો. તેથી હાલમાં નાગપુરથી ઉપાડતા વાહનો કોઈપણ અવરોધ વિના સીધા ઇગતપુરી સુધી પહોંચી રહ્યા છે. હવે આ વાહનો ટૂંક સમયમાં જ મુંબઈ સુધી પહોંચી શકશે.

સમૃદ્ધિ હાઇવેનો આ તબક્કો ખુલી ગયા બાદ મુંબઈ-નાગપુર પ્રવાસ વધુ ઝડપી બનશે. સમૃદ્ધિ હાઇવેનો અંતિમ સેક્શન ટ્રાફિક માટે ખુલ્લો મુકાયા બાદ નાગપુરથી નીકળતા વાહનો સીધા મુંબઈ ગેટવે સુધી પહોંચી જશે.

નોંધનીય છે કે સમૃદ્ધિ એક્સપ્રેસ ફડણવીસના સ્વપન પ્રોજેક્ટમાં સામેલ છે. ૨૦૧૪માં જ્યારે તેઓ મુખ્ય પ્રધાન બન્યા ત્યારે તેમના પહેલા કાર્યકાળ દરમિયાન આ એક્સપ્રેસ-વે પર કામ શરૂ થયું હતું.

# જે. જે. ફ્લાયઓવર નીચેની જગ્યાનું સુશોભીકરણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કુતુબ-એ-કોંકણ મકદૂમ અલી માહિમી ફલાયઓવર (જે.જે.ફલાયઓવર) નીચેનો સંપૂર્ણ ૨.૧ કિલોમીટર લંબાઈના રસ્તાના ડિવાઈડરનું થીમ બૅઝ્ડ સુશોભીકરણ કરવાનો નિર્ણય સુધરાઈએ લીધો છે.

પાલિકા કમિશનરના જણાવ્યા મુજબ જે.જે.ફલાયઓવર નીચે જગ્યાનો ગેરકાયદે ઉપયોગ થઈ રહ્યો છે, તેથી હવે પાલિકાએ અહીં ફલાયઓવરની નીચે થીમ આધારિત સુશોભીકરણ કરવાની સાથે જ અહીં ધ્વનિ પ્રદૂષણને રોકવામાં મદદરૂપ થઈ શકે તેવા ઝાડ લગાડવાની સાથે જ લૅન્ડસ્કેપિંગ કરવામાં આવવાનું છે.

પાલિકા દ્વારા નમુંબઈ સુશોભીકરણ પ્રોજેક્ટથ હાથ ધરવામાં આવ્યો છે, જે અંતર્ગત એ, બી અને સી વૉર્ડમાંથી પસાર થતા જે.જે.ફ્લાયઓવર નીચે સુશોભીકરણ કરવામાં આવવાનું છે. જે.જે. હૉસ્પિટલ જંક્શનથી ક્રૉફર્ડ માર્કેટ એકદમ ગીચ રોડ છે. તેથી નાગરિકોને પાલિકાએ અહી ડિવાઈડર બાંધ્યા છે.

સુશોભીકરણનાં કામ હેઠળ ફલાયઓવર નીચે ત્રણ જગ્યાએ નબેસ્ટથની જૂની ડબલ ડેકર બસમાં આર્ટ ગૅલરી, કૅફેટેરિયા અને લાઈબ્રેરીની સુવિધા પણ મુંબઈગરા માટે ઉપલબ્ધ કરી આપવામાં આવશે.

## સંસ્થા સમાચાર

### ઘાટકોપર બ્રાહ્મણ સમાજનો યજ્ઞોપવિત સમારોહ સંપન્ન



શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા રવિવાર તા. ૯મી ફેબ્રુઆરીના રોજ શ્રી અમૃતલાલ પોપટલાલ ઓઝા પરિવાર પ્રેરિત સમૂહ યજ્ઞોપવિત સમારોહ ધામધૂમ સહ ઉલ્લાસભર્યા વાતાવરણમાં સંપન્ન થયો. કુલ ૧૫ (પંદર) બટુકો યજ્ઞોપવિત ધારણ કરી દ્વિજ સંસ્કાર ગ્રહણ કર્યા હતા.

વિદ્વાન શાસ્ત્રી ગિરીશભાઈ પંડ્યા અને તેમના સાથીઓ સંપૂર્ણ વિધિ વિધાનપૂર્વક શાસ્ત્રોક્ત પદ્ધતિથી બટુકોને ઉપનયન સંસ્કાર પ્રદાન કરવામાં આવ્યા હતા. યજ્ઞોપવિત ધારણ કરનાર બટુકો અને તેના પરિવાર અને સગાસંબંધીઓ માટે ભોજન વ્યવસ્થા, સહ પૂજા સામગ્રી, પૂજાના વાસણ (પંચપાત્ર), પિતામ્બર, શ્રીયંત્ર અને અન્ય ભેટ, સમાજ દ્વારા આપવામાં આવી હતી. આ પ્રસંગે પરમ પ્રમાણ દર્શનના પ.પૂ.સ્વામી શ્રી નિજાનંદ સરસ્વતીજીએ પધારી બટુકોને યજ્ઞોપવિતનો મહિમા સમજાવી આર્શીવાદ આપ્યા હતા.

# રવિવારે વિરાર-વૈતરણા અને સફાળે-કેલવે રોડ વચ્ચે સાડાપાંચ કલાકનો બ્લોક

### અનેક ટ્રેનો રદ, મુંબઈ-અમદાવાદ સહિત સબર્બનની લોકલ ટ્રેનસેવા પર પડશે અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

પશ્ચિમ રેલવેના વિરાર અને વૈતરણા તથા સફાલે અને કેલવે રોડ વચ્ચે રવિવારે પીએસસી સ્લેબ અને ગર્ડરના લોન્ચિંગ માટે અપ એન્ડ ડાઉન લાઈનમાં સાડાપાંચ કલાકનો બ્લોક લેવામાં આવશે. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ બ્લોક લેવાનો હોવાથી સબર્બનની લોકલ ટ્રેન સહિત મુંબઈથી ગુજરાત વચ્ચેની અમુક મેલ-એક્સપ્રેસના ટ્રેન-વ્યવહાર પર અસર પડશે. બ્લોકને કારણે ઉપનગરીય ટ્રેનો રદ કરવાની સાથે અમુક ટ્રેનોને આંશિક રદ રહેવાથી ટ્રેનની ફ્રિકવન્સી ઘટી શકે છે, પરિણામે પ્રવાસીઓને ટ્રેનોમાં ભીડનો સામનો કરવો પડી શકે છે. ૧૬મી ફેબ્રુઆરીના વિરાર-વૈતરણા વચ્ચે વહેલી સવારના ૧.૪૦ વાગ્યાથી ૭.૧૦ વાગ્યા સુધી સાડા પાંચ કલાક અને સફાળે અને કેલવે રોડ વચ્ચે વહેલી સવારના ૧.૫૦ વાગ્યાથી ૬.૫૦ વાગ્યા સુધી પાંચ કલાકનો બ્લોક રહેશે.

### રદ રહેનારી ટ્રેન

વિરાર-દહાણુ લોકલ (સવારે ૪.૫૦), સાત વાગ્યાની દહાણુ રોડ-ચર્ચગેટ લોકલ, ૫.૩૫ વાગ્યાની વિરાર-દહાણુ લોકલ, ૭.૧૦ વાગ્યાની દહાણુ રોડ-ચર્ચગેટ લોકલ, ૫.૦૩ વાગ્યાની ચર્ચગેટ-દહાણુ રોડ લોકલ, ૫.૦૩ વાગ્યાની દહાણુ રોડ-બોરીવલી લોકલ, વિરાર-સંજાણ પેસેન્જર, અને બોઈસર-વઈસ રોડ પેસેન્જર રદ રાખવામાં આવી છે.

# રાયગડમાં રિલાયન્સના પ્લાન્ટમાં આગ : એકનું મોત

મુંબઈઃ મહારાષ્ટ્રના રાયગડ જિલ્લામાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના પ્લાન્ટમાં આગ લાગવાથી એક કામદારનું મૃત્યુ થયું છે અને અન્ય છ જણને ઈજા થઈ હોવાનું પોલીસે ગુરુવારે જણાવ્યું હતું.

પાતાળગંગા લિનિયર આલ્કાઈલ બેન્ઝિન પ્લાન્ટમાં બુધવારે સાંજે આગ લાગી હોવાની જાણકારી પોલીસ અધિકારીએ આપી હતી. આ ઘટના અંગે કંપનીની પ્રતિક્રિયાની રાહ જોવાઇ રહી હતી.

અધિકારીએ આપેલી માહિતી અનુસાર ''શટડાઉન'' પ્રક્રિયા દરમિયાન રિલાયન્સના પાતાળગંગા પ્લાન્ટમાં રોટોસ્ટેટ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ સાથે કામ કરતા બિહારના વતની દિગ્વિજય કુમાર રામ બહાદુર સિંહ (૩૬) ગંભીર રીતે દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા. આ સિવાય મનોજ કુમાર, સની કુમાર સિંહ (૨૪), અરુણ કુમાર રામસ્વરૂપ (૩૦), બલરામ (૪૩), સર્વેશ કુમાર નંદલાલ (૨૭) અને સંજય ઉપરેદદાસ (૨૬)ને ગંભીર ઈજા પહોંચી હોવાનું જણાવી અધિકારીએ ઉમેર્યું હતું કે તેમને સારવાર માટે નવી મુંબઈના નેશનલ બર્ન્સ સેન્ટરમાં ખસેડવામાં આવ્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઇ)

### ટૉરેસ સ્કૅમ

# યુક્રેનિયન એક્ટરે જામીન માટે કરી અરજીઃ આરોપી કંપની સાથે જોડાયેલો ન હોવાનો દાવો કર્યો

મુંબઈઃ ટૉરેસ ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ કેસમાં ધરપકડ કરાયેલા યુક્રેનિયન એક્ટરે જામીન માટે અરજી કરી હતી અને આરોપી કંપનીની પ્રવૃત્તિઓ સાથે પોતે જોડાયેલો ન હોવાનો દાવો કર્યો હતો. અર્મેન અટાઇને એડવોકેટ વ્રૂપેન રાઠોડ અને વિવેક તિવારી મારફત જામીન અરજી કરી હતી અને કહ્યું હતું કે એફઆઇઆરમાં તેના નામનો ઉલ્લેખ નથી. જો તેને જેલમાં રાખવામાં આવશે તો તેની કારકિર્દી બરબાદ થઇ જશે.

અર્મેને અરજીમાં જણાવ્યું હતું કે તે નિર્દોષ છે અને આ કેસમાં તેને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. અર્મેન અટેઇનની ગયા મહિને ધરપકડ કરવામાં આવી હતી અને હાલ તે અદાલતી કસ્ટડીમાં છે. પોલીસના જણાવ્યા અનુસાર ટૉરેસ જ્વેલરી બ્રાન્ડ ધરાવતી પ્લેટિનમ હર્ન પ્રા. લિ.એ પોન્ઝી અને મલ્ટિ-લેવલ માર્કેટિંગ સ્કીમ્સ દ્વારા રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હતી. અત્યાર સુધી ૧૦,૮૪૮થી વધુ રોકાણકારોએ ફરિયાદ સાથે મુંબઈ પોલીસનો સંપર્ક સાધ્યો છે અને છેતરપિંડીની રકમ ૫૭ કરોડ રૂપિયાને પાર થઇ છે.(પીટીઆઇ)

# શાસ્ત્રીય ગાયક પંડિત પ્રભાકર કારેકરનું નિધન

મુંબઈઃ પ્રખ્યાત હિન્દુસ્તાની શાસ્ત્રીય ગાયક પંડિત પ્રભાકર કારેકરનું ટૂંકી બીમારી બાદ મુંબઈમાં અવસાન થયું છે, એમ તેમના પરિવારે ગુરુવારે જણાવ્યું હતું. તેઓ ૮૦ વર્ષના હતા.ગોવામાં જન્મેલા કારેકરએ બુધવારે રાત્રે શિવાજી પાર્ક વિસ્તારમાં આવેલા તેમના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા હતા, એમ તેમના પરિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે ગાયકે દરિયાકાંઠાના રાજ્યમાં શાસ્ત્રીય સંગીતના સંરક્ષણ અને વિસ્તરણમાં ખૂબ જ યોગદાન આપ્યું હતું.


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં.). (૧૫૬૦૮-સી)

■ 1993 બોર્ન સોફ્ટવેર Engineer વેલસેટ વૈષ્ણવ યુવક માટે કન્યા આવકાર્ય. ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૬૧૧-એ)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન પિકઅપડ્રોપ. સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હૉટેલ પૅકેજ અને યાત્રા વીમો. અરહમ હોલિડે 9769977466/9892534488. (બી-૧૫૫૫૯)

કાશ્મીર ટુર, દિ-૭
₹30000PP ex. શ્રીનગર
બધાં જ ખર્ચ સામેલ, ગંડોલા, શીકારા, ચંદનવાડી, અરૂવેલી, બેતાબવેલી.
લેહ-લદાખ, દિ-૮
₹35000PP ex. શ્રીનગર
કારગીલ, નુબ્રાવેલી, પેન્ગોંગમાં નાઈટ સ્ટે.
કીન્નોર-સ્પિતી વેલી, દિ-૧૧
₹49000PP ફ્લાઈટ ex. ચંદીગઢ
સાંગલા, કલ્પા, ટાબો, કાઝા, મનાલીમાં સ્ટે.
હરિયા ટ્રાવેલ્સ 8779112094
(એસડીબી-૨૪૫૦)

### ૧૭. જગ્યા આપવી છે

દેવલાલી માં
આધુનિક બંગલા તથા રુમો વીકએન્ડ અથવા લાંબા સમય માટે ભાડા થી મળશે.
ટીવી અને એસી નોન એસી રુમો સાથે નેચરોપથી ટ્રિટમેન્ટ ની પણ સુવિધા ઉપલબ્ધ છે. 24 કલાક ગરમ ઠંડુ પાણી, ચાલવા માટે વિશાળ ટ્રેક,મનોહર ગાર્ડન અને નજીક માં આધુનિક રસોડા રેસ્ટોરન્ટ.
ડબલ ઓક્યુપન્સી 1000/-
બુકિંગ માટે સંપર્ક:
કોરલ ગાર્ડન
લામ રોડ, દેવલાલી.
બિના શાહ - 9860730303
ડૉ. નિશા - 9405438687
(બી-૧૫૩૯૨)

**KANDIVALI EAST**

**2 BHK, Thakur Village, Reputed Builder, Higher Floor, One minute WEH, Metro Station, Thakur College, Bus Stop, Rickshaw Stand, Temple, Chemist, Doctor, Grocery Store Below Building (Broker excuse) Call Owner: 9820112323. (15550-A)**

### ૧૯. ફેકટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૩. ધંધાદારી

''પ્રતાપ પેકર્સ-મુવર્સ''
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા-૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**INTERIOR WORK**
**Civil, Plumbing, Water Proofing, Interior by Civil Engineer. 9833521709. (15321-A)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલિસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સિવિલ કામ, પેઈન્ટિંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, 8450941119. (બી-૧૫૫૫૪)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૫૫૧)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાકાનેરવાસી હાલ ઘાટકોપર સ્વ. મનહરલાલ મગનલાલ મહેતાનાં ધર્મપત્ની લીલાવંતીબેન (ઉં.વ. ૯૨) તા. ૧૧-૨-૨૫ને મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે અનિલ, મુકેશ, રેખાબેન કિરણભાઈ દોશીનાં માતુશ્રી. રજનીકાંત, સુરૂભાઈ દોશીના બહેન. મેહુલ, અંકિત, વિરાગ, દિપના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બાલંભા નિવાસી હાલ મલાડ સ્વ. રેવાબેન પ્રભુદાસ કુવરજી મહેતાના પુત્ર નિરંજનભાઈ (મોટાભાઈ) તે સ્વ. કુસુમબેનના પતિ. તે યામીની (જાગુ) હરેશભાઈ મહેતા, લોપા જયેશભાઈ મહેતા, નીશા પરેશભાઈ દેસાઈના પિતા. તે કિશોરભાઈ, રમેશભાઈ, બિપિનભાઈ, હર્ષદાબેન, પારુલબેન, શીલાબેન, અરુણાબેનના મોટાભાઈ. સ્વ. ચંપાબેન લીલાધર મહેતાના જમાઈ. તા. ૧૨-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ માટુંગા સ્વ. પુષ્પાબેન ચીમનલાલ વર્ધમાન શાહની સુપુત્રી ભાવનાબેન ચીમનલાલ શાહ (ઉં.વ. ૭૦) તે વિદ્યુતભાઈ, અ.સૌ. સરયુબેન હસમુખરાય મહેતા, સ્વ. ઉષાબેન (કોકિલાબેન), રેણુકાબેન ચંદ્રકાંતભાઈ ઉદાણી. પ્રજ્ઞાબેન, શૈલાબેનના બેન. શેફાલી સલીલભાઈ શાહ, ડૉ. મેહુલ મહેતાના માસી તા. ૧૨-૨-૨૫, બુધવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. (ચક્ષુદાન કરેલ છે.)

**વાગડ બે ચોવીસી જૈન**

મૂળ ગાગોદરના હાલે દાદર સ્વ. મણીબેન ચુનીલાલ વોરા (ઉં.વ. ૯૦) અરિહંતશરણ થયેલ છે. તે નવીનભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. નરેશભાઈ, ઉર્મિલા નાનાલાલ પારેખ, નીલાવંતીબેન મુક્તિલાલ શાહના માતુશ્રી. અ.સૌ. સુશીલાબેન તથા ચંદ્રિકાબેનના સાસુમા. નિકુંજકુમાર, ડોલીબેન, અમીતાબેનના દાદીસાસુમા. ચિરાગ, ધવલ, રિમ્પલ, કૃતિના દાદીમા. તે સરૂપીબેન છગનલાલ મહેતાના સુપુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૨-૨૫ના શુક્રવારે ૪થી ૫.૩૦. કરશન લધુ હોલ (નવનીત જૈન હેલ્થ સેન્ટર) દાદર-(વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

તોરી નિવાસી, હાલ ઘાટકોપર, સ્વ. શારદાબેન રમણીકલાલ પંચમીયાના સુપુત્ર ભરતભાઈ (ઉં.વ. ૭૫) તા. ૧૨-૨-૨૫, બુધવારનાં અરિહંતશરણ પામેલ છે. તે ઈલાબેનના પતિ. ગૌરાંગભાઈ અને ચિરાગભાઈના પિતાશ્રી. ડોલીબેન અને મનિષાબેનના સસરા. પ્રફુલાબેન કીર્તિકુમાર સરવૈયા, ધીરેનભાઈ અને રજનીકાંતભાઈના ભાઈ. રાજકોટ નિવાસી સ્વ. કિશોરભાઈ ત્રિભોવનદાસ કોઠારીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. (ચક્ષુદાન કરેલ છે.)

**વાંકાનેર દશા શ્રીમાળી જૈન**

અ.સૌ. ગીતાબેન (ઉં.વ. ૭૧) તે કિશોરભાઈ ચંપાબેન રતીલાલ શાહના ધર્મપત્ની (હાલ-ખાર-મુંબઈ) તે રચના દીપન દિનેશભાઈ શાહ, મેઘના જયંતો કરમાકરના માતુશ્રી. વનિતાબેન અમૃતલાલ શાહ, સ્વ. કુસુમબેન રમણલાલ, ઈન્દુબેન નવીનચંદ્ર, સ્વ. શોભાબેન રસીકલાલ અને વિલાસબેન ચંદ્રકાંતના દેરાણી. પિયર પક્ષે સ્વ. કપીલાબેન રતીલાલ શેઠવાલાના દીકરી. કીર્તિભાઈ, નયનભાઈ, સુનીતાબેન, કમલેશભાઈ, ભાવનાબેનના બહેન. આર્યા, આદિત્ય, આયુષના નાની. તા. ૧૨-૨-૨૫ને બુધવારના અ રિહંતશરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**વિશા શ્રીમાળી સ્થા જૈન**

ધ્રાંગધ્રા નિવાસી સ્વ.સરલાબેન હરિલાલ શાહના પુત્ર ધીરેનભાઈ શાહ (હકાણી) (ઉં. વ. ૬૨) ૧૧/૨/૨૫ના અવસાન પામેલ છે. તે પૂજાના પતિ. ભરત, મીના શિરીષકુમાર સંઘવી, રિટા પરેશ સંઘવીના ભાઈ. સ્મિત, રિદ્ધિ સુયશકુમાર રવાસાના પિતા. સાસરાપક્ષે સ્વ.રસીલાબેન શાંતિલાલ વાસા બુઢણાવાળાના જમાઈ, ગુણવંત, હિતેશના બનેવી. સાદડી તા.૧૪/૨/૨૫ ના ૩ થી ૫. ૬૪, આર્કેડ કાઉન ,જંક્શન ઓફ એસ.વી રોડ અને દેવીદાસ લેન, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ઓથા (મહુવા) નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ.લીલાવંતીબેન ભાયચંદભાઈ વલ્લભદાસ દોશીના પુત્ર શરદભાઈ (ઉં. વ. ૬૬) તા.૧૨/૨/૨૫ બુધવારે અરિહંત શરણ પામેલ છે. સ્વ.કલ્પનાબેનના પતિ. હાર્દિક અને કૃણાલના પિતાશ્રી. નિર્મળાબેન છબીલદાસ શાહ, મધુબેન બળવંતરાય દોશી, બિપીનભાઈના ભાઈ. નયનાબેનના દિયર. સાસરા પક્ષે સ્વ.પૂનમચંદ મોતીચંદ લાખાણી દિહોરવાળા હાલ ડોમ્બિવલીના જમાઈ. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. અ ૨૦૩, ન્યૂ દેવકી નિવાસ, કર્વે રોડ, ભાગશાળા મેદાનની પાછળ, સાઈબાબા મંદિરની બાજુમાં ડોમ્બિવલી-વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટા સુરકા નિવાસી હાલ મુલુન્ડ સ્વ.શાંતિલાલ વનમાળીદાસ જસાણીના પુત્ર. કેતનનાં ધર્મપત્ની આશાબેન (ઉં.વ. ૪૯) તા.૧૧/૨/૨૫ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે આસ્થા, આગમની મમ્મી. મંદાબેન જનકકુમાર, જ્યોતિબેન અશોકકુમાર, જયનાબેન ધર્મેશકુમાર, જીજ્ઞાબેન મનોજકુમારનાં ભાભી. પિયરપક્ષે રાળગોળ નિવાસી હાલ ડોમ્બીવલી દોશી જયંતીલાલ ગોરધનદાસના દીકરી. બંને પક્ષની સાદડી તા.૧૫/ ૨/૨૫ને શનિવારના ૯.૩૦ થી ૧૧.૦૦. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંન્ડ વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલા (ગાડરવારા) ના માવજી શામજી શાહ (સતરા) (ઉં. વ. ૮૭) તા. ૮/૨/૨૫ ના અવસાન પામેલ છે. મમીબાઈ શામજી કરમશીના પુત્ર. સંતોકના પતિ. ગુંજેશ, ભારતી, હિતેશના પિતા. અમૃતલાલ, અમરચંદ, વનિતાના ભાઈ. લાખાપર નાનબાઈ કાનજી મણશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હિતેશ માવજી શાહ : એ/૪૦૫, લેન્ડમાર્ક દાદર (પૂર્વ) .

નાની તુંબડીના માતુશ્રી ચંચળબેન ચંદ્રકાંત જાદવજી શામજી સંઘવી (બૌઆ) (ઉં. વ. ૯૦) તા. ૧૨-૨-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન જાદવજીના પુત્રવધૂ. સ્વ. ચંદ્રકાંત જાદવજીના ધર્મપત્ની. તુંબડી વેલબાઇ રવજી દેવશીના સુપુત્રી. નાનજી, ગુલાબચંદ મહેન્દ્ર, રમણીકના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમેશ સંઘવી, બી ૩૦૫, બંધુત્વ, દત્તમંદિર રોડ, વાકોલા બ્રીજ, સાંતાક્રુઝ (ઇસ્ટ), મું. ૫૫.

સણોસરા ના પુરબાઈ હીરજી નાગડા (ઉં. વ. ૯૧) તા.૧૧/૨/૨૫ ના અવસાન પામેલ છે. હાંસબાઈ ખેરાજના પુત્રવધૂ. હીરજીના પત્ની. ખારૂઆ મઠાંબાઈ વાલજીના પુત્રી. પ્રવીણ, ધીરજ, પ્રેમીલા, સાકર, લતા, વિમળાના માતુશ્રી. નારાયણપર મઠાંબાઈ આણંદજી, ગઢશીશા રાજબાઈ/ વેજબાઈ સોજપારનાં બેન. પ્રાર્થનાઃ બપોરે ૩ થી ૪.૩૦ સુધી, ગુણશતાબ્દિ ભવન, જૈન દેરાસર, કાનસાઈ, અંબરનાથ(ઇ).

ટોડાના મૌલિક ભરત ગાલા (ઉં. વ. ૩૯) તા. ૧૦-૨-૨૫ના અવસાન પામ્યા છે. મધુબેન ભરતના સુપુત્ર. રિધ્ધીના પતિ. કાવ્યાના પિતા. સોના કમલેશના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ (૧લે માળે), દાદર-ઈ. ટા. સવારે ૧૦ થી ૧૧.૩૦. વેલે પાર્કીંગ છે. નિ. મધુબેન ભરત ગાલા : ૨૦૦૪, રિદ્ધિસિદ્ધિ એપા., આર.એ.કે. માર્ગ, માટુંગા, મું-૧૯.

નાની તુંબડી હાલે ખારઘરના શ્રી નેમજી કાનજી છેડા (ઉં. વ. ૭૯) તા.૧૨-૨-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. રતનબેન કાનજીના સુપુત્ર. નીલમબેન (કસ્તુરબેન)ના પતિ. કેતન, રશ્મિ (ટીના), હીતેન ના પિતાશ્રી. મોટા આસંબીયાના જીવીબાઈ વીરજી ચાંપશી સાવલાના જમાઈ. સંસાર પ. પ.પુ.નીલમબાઇ મહાસતી, જવેર, મંજુલા, પ્રવીણ, રૂક્ષ્મણી, જયા, ભારતીના ભાઈ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં.સં. કરશન લઘુ હોલ, દાદર. બપોરે ૨ થી ૩.૩૦.

દેશલપુર-કંઠી/દાહોદના મા. ભાનુમતીબેન લખમશી સોની (ઉં. વ. ૮૫) ૧૧.૦૨ ના અવસાન પામ્યા છે. લખમશી કુંવરજીના ધર્મપત્ની. ઉમરબાઈ કુંવરજી પદમશીના પુત્રવધૂ. દિલીપ, મનોજ, કસ્તુર, ભારતીના માતા. ટુંડા મણીબેન મોરારજી જેવતના પુત્રી. શીવજી, રામજી, શાંતિલાલ, બિદડા કમળા કાંતિલાલ રતનશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિલીપ સોની, ૧૭૦૧, ક્રીસ્ટલ હાઈટ્, મા. પાસ્તા રોડ, દાદર-ઈ, મું-૧૪.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

રાણપુર નિવાસી હાલ મલાડ (પ.) મુંબઇ શેઠ વિક્રમભાઇના ધર્મપત્ની રેણુકાબહેન (ઉં. વ. ૬૪) તા. ૯-૨-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. નિરંજનાબેન નટવરલાલ શાહ (સાસરી પક્ષ) સ્વ. કનકલતા ચંદુલાલ મહેતા (પિયર પક્ષ) અ. સૌ. સ્વેતા ગૌરવ શાહ (પુત્રવધુ-પુત્ર) અ. સૌ. કૃતિ સિદ્ધાર્થ ગાંધી (દિકરી-જમાઇ) અને રિદ્ધિ-યાશીકા, ઇશાર્થના દાદી/નાની. પિયુષભાઇ-કેતનભાઇના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈના કિરણબેન રાજીવ બૌવા (ઉં.વ.૪૩) મંગળવાર તા ૧૧.૦૨.૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. દિવાળીબેન દેવરાજ શિવજીના પૌત્રવધુ, લીલાબેન દલસુખના પુત્રવધૂ. રાજીવના ધર્મપત્ની, વીરના માતુશ્રી, હિતેશના નાનાભાઈના ઘેરથી મીતાની દેરાણી. ગં.સ્વ. પ્રેમિલાબેન પ્રવિણ છાડવાની સુપુત્રી. પ્રાર્થના સભા શુક્રવાર તા. ૧૪.૦૨.૨૫ સમય ૧૦થી ૧૧.૩૦ સ્થળ. બી.૮૦૩, સુશીલાબાગ, ગ્રીન સ્ટ્રીટ, સાંતાક્રુઝ-વેસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉ રમેશ ખાખણ નિસર (ઉં.વ. ૫૩) તા. ૯.૨.૨૫ના અવસાન પામેલ છે. અ.નિ. મુરઈબેન કરશન પચાણ નિસરના પૌત્ર. અ.નિ.મોંઘીબેન ખાખણ નિસરના સુપુત્ર, રંજનના પતિ. સંગમ, ભક્તિના પિતા. સ્વ. અમૃતબેન, સ્વ.જવેર, સ્વ. મંજુ, કસ્તુર,નવીન, દિનેશ, પ્રવીણના ભાઈ. ભરૂડિયાના ગં.સ્વ. જશુબેન નરશી કાંઈયા સત્રાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દિનેશ ખાખણ નિસર, એ-૩૦૨, બ્લુ તુલીપ, મહાવીર નગર, એક્તા નગર, કાંદિવલી-વેસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના સ્વ. દિવાળીબેન ખેતશી રવજી કારીઆ (ઉં.વ.૭૫) મંગળવાર તા. ૧૧.૨.૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. હિરૂબેન/રમાબેન રવજી ગાંગજીના પુત્રવધુ, શ્રી ખેતશી રવજીના ધર્મપત્ની. નવિન, પ્રવિણ કીર્તિ, ચંદનના માતુશ્રી, પુષ્પા, પ્રભા, નિશા, ભાવિન બુરીચાના સાસુ, પ્રતિક, જીત,રાજ, શ્રેયા, તનિક, મેસીના દાદી. ભચાઉ-નવાગામના કોરઈબેન પુંજા જીવા નિસરના દિકરી. પ્રાર્થના સભા શુક્રવાર તા. ૧૪.૨.૨૫. સમય ૩.૩૦ થી ૫.૦૦ સ્થળ. યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ, ઠે. દ્વારકાદાસ લેન, ૬૧, બોરાબજાર, ૧લે માળે, ફોર્ટ, મુંબઈ-૦૧.

**સોરઠ વિશા શ્રીમાળી અને ઘોઘારી જૈન**

ગામ પાટણ વાવ હાલ સાયન માતુશ્રી અરૂણાબેન પ્રતાપરાય વસાના સુપુત્ર પારસભાઈ (ઉં.વ.૫૩) ડિમ્પલબેનના પતિ. હર્ષના પિતાશ્રી. નિકિતા શિજોકુમારના ભાઈ, અરૂણાબેન ભૂપેન્દ્રભાઈ સાકરીયા હાલ માટુંગાના જમાઈ, સ્વ.નવનીતભાઈ, સ્વ.પ્રમોદભાઈ, વિનોદભાઈના ભત્રીજા, તા.૧૨/૦૨/૨૫ બુધવારના અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૧૪/૦૨/૨૫ શુક્રવાર ૫.૩૦ થી ૭.૦૦, નપ્પુ હોલ, તેલંગ રોડ, નપ્પુ ગાર્ડન પાસે, માટુંગા (સે. રે.) નેત્રદાન તેમજ ત્વચાદાન કરેલ છે.

**પાલનપુરી જૈન**

સ્વ.ચંદનબેન કેશવલાલ શાહના પુત્ર વિનોદભાઈ કેશવલાલ શાહ (ઉં.વ. ૭૪) ૧૨/૨/૨૫ ના અરિહંતશરણ પામેલ છે. તે લલિતાબેનના પતિ. વિશાલ-દીપેનના પિતા. શ્વેતા- દેવાંશીના સસરા. પુષ્ટિ -ધ્રુવી -દેવર્ષ -યશશ્રી -સમર્થના દાદા, સુરેશભાઈ-સ્વ પ્રવીણભાઈ - સ્વ રમીલાબેન - અરુણાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

ચૂડા નિવાસી હાલ કાંદિવલી સ્વ. સનતાબેન હિમતલાલ તલક્ષી વોરાના સુપુત્ર જયેન્દ્રભાઈ (ઉ.વ. ૮૦) તે ઉર્વશીબેનના પતિ, સેજલ ઉદયભાઈ પટેલ, શીતલ સોહમભાઈ કોઠારીના પિતા. સ્વ. દિનકરભાઈ વોરા, રમેશભાઈ, સુનંદાબેન જીતેન્દ્રભાઈ શાહના ભાઈ, સ્વ. છોટાલાલ ફુલચંદ ધોળકીયાના જમાઈ, અતુલભાઈના બનેવી, તા.૧૨-૨-૨૫, બુધવારના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થના ત્થા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

મની અદી ડોક્ટર તે મરહૂમ અદી હોરમસજી ડોક્ટરના ધન્યાની. તે મરહૂમો દોલતબાનુ હોરમસજી પટેલના દીકરી. તે રોહિનતન ને અરનાવાઝ હોરમઝ ભક્કાના માતાજી. તે કેશમીરા ને હોરમઝના સાસુજી. તે ફીરોઝ હોરમઝજી પટેલના બહેન. તે બેપસીના ભાભી. (ઉં.વ. ૮૯) રે.ઠેઃ બાઈ જરબાઈ તાતા બિલ્ડિંગ નં. ૧, ફ્લેટ નં. ૩, તાતા બલોક્સ, એસ.વી. રોડ, બાંદ્રા (વે). મુંબઈ-૪૦૦૦૫૦.

## હિન્દુ મરણ

**દેસાઈ સઈ સુતાર દરજી જ્ઞાતિ**

ભુંબલી નિવાસી હાલ મલાડ સ્વ. લાલજીભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલાના મોટા દીકરા સ્વ. હસમુખભાઈ વાઘેલા (ઉં.વ. ૬૩) તા. ૧૨-૨-૨૫, બુધવારના શ્રીરામ ચરણ પામ્યા છે. તે મધુબેનના પતિ. વૈશાલી, હિતેશ, સમીરના પિતા. અવનીના સસરા. વિનોદભાઈના મોટાભાઈ. તે શામજીભાઈ કેશવભાઈ માંડલિયાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૪-૨-૨૫ના શુક્રવારે ૪થી ૬. બીએમસી હોલ, સરદાર વલ્લભભાઈ પટેલ ગાર્ડન પાસે, બાપા સીતારામ ચોક, દેવદર્શન બિલ્ડિંગ, ધનજીવાડી, મલાડ (ઈ).

**સુરતી દશા પોરવાડ વણિક**

સુરત નિવાસી હાલ બોરીવલી સ્વ. હસમુખલાલ તથા સ્વ. નીલાબેન દેસાઈના સુપુત્ર સ્વ. કેતન દેસાઈ (ઉં.વ. ૬૯) તા. ૧૨-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેઓ ચિત્રલેખાબેનના પતિ. કૃપાના પિતાશ્રી. આશિષના સસરા. કાવ્યાના નાના તથા રિટા, કૌશિક અને મયંકના ભાઈ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

મહુવા નિવાસી, હાલ કાંદિવલી શશીકાંતભાઈ ગંભીરદાસ મણિઆર (ઉં.વ. ૭૩) મંગળવાર, તા. ૧૧-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ઈન્દુમતીબેનના પતિ. પ્રીતિ અને બાલકૃષ્ણના પિતા. ગૌ.વા. રજનીકાંતભાઈ, મહેશભાઈ, શારદાબેન અનંતરાય સોનેજી, ગૌ.વા. સુશીલાબેન અશોકકુમાર છાટબાર અને મીરાબેન રમેશકુમાર આશરાના ભાઈ. બાબરાવાળા દલપતરાય રણછોડદાસ પડિયાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૪-૨-૨૫, શુક્રવારે ૫થી ૭. લોહાણા મહાજનવાડી, પહેલા માળે, એસ.વી. રોડ, શંકર મંદિર બાજુમાં, કાંદિવલી (પશ્ચિમ). લૌકિક પ્રથા બંધ છે.

**ઝાલાવાડી સઇ સુથાર જ્ઞાતિ**

ગામ સાયલા નિવાસી હાલ જોગેશ્વરી લક્ષ્મણભાઈ ધનજીભાઈ કપુરીયા (ઉં. વ. ૯૦) ૧૨/૨/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેનના પતિ. જગદીશ, સુરેશ, સતીશ, ગનુના પિતા. કામિની, પલ્લવી, રેખા, મનીષાના સસરા, તૃપ્તિ સુદીપ મકવાણા, મયુર, વિવેક, પ્રણય, આકાશ, સ્વ.અક્ષયના દાદા. કોમલ, દીપિકાના દાદાસસરા. પ્રાર્થનાસભા ૧૪/૨/૨૫ના ૪ થી ૬. માંગલ્ય મંગલ હોલ, હિન્દુ ફ્રેન્ડસ સોસાયટી નં ૩, ઇન્ડિયન ઓએસીસ બેંકની બાજુમા, જોગેશ્વરી ઈસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

વળીયા નિવાસી હાલ કાંદિવલી અ. સૌ. લીનાબેન ભુપતાણી (ઉં. વ. ૭૦) તે પંકજભાઈ છગનલાલ ભુપતાણીના ધર્મપત્ની. સ્વ.દેવચંદ તલાટીના દીકરી. નિશિથ તથા મિહિરના માતુશ્રી. પૂજાના સાસુ. કલ્પના, કૌશિકા, પ્રકાશ, રાજુ તથા રિટાના બહેન ૧૧/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા.**

શ્રીમતી મયુરી (મધુરી) મથરહદહસ જેસરહણી (ઉં. વ. ૮૬) સ્વ.ગોકલદાસ ગોવર્ધનદાસ મુંદ્રાઈનાં પુત્રી. સ્વ.કેશવજી પુરુષોત્તમના પુત્રવધૂ. સ્વ.મથરહદહસ કેશવજીના પત્ની. સ્વ. ઉદય મહેશના માતુશ્રી. સોનલ અજીત હમલાઈ, વિમી જેસરહણીનાં સાસુજી. શનિવાર તા. ૦૮/૦/૨૫ના મસ્કત શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વશા સોરઠિયા વણિક**

બાલાગામ વાલા હરિદાસ દયાળના સુપુત્ર નરેન્દ્ર શાહના ધર્મપત્ની મંજુલાબેન (ઉં.વ. ૭૧) તા.૧૧-૨-૨૫ના મુંબઈ શ્રીજીચરણ પામેલા છે. તે મિતેશ, મોનાના માતા. નિશ્ચિતા, અખિલ ભાઈના સાસુ. સ્વ.નાથાલાલ જીવાભાઈ પારેખના પુત્રી. સ્વ. દ્વારકાભાઈ, ગુણવંતભાઈ, સ્વ.પ્રવિણભાઈ, સ્વ.વસંતબેન, સ્વ.સરોજબેન, સ્વ. કુસુમબેન, ભારતીબેનના ભાભી. પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૫-૨-૨૦૨૫ના ૫ થી ૭. પારલે મેડિકલ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, રૂતુમ્ભરા કોલેજની સામે, મ્હાત્રે માર્ગ, આઈએમએ હોલ જુહુ.

**ચિંચણ તારાપુર ઘોઘારી દશા પોરવાડ**

કિશોર પરમાનંદ પારેખ (ઉં.વ. ૮૭) તે રમીલાના પતિ. જાગૃતિ કેતન ફડિયા, આસ્થા આશિષ શેઠ, મૌના કેતન પંચમિયાના પિતા. ખુશાલી, સંગીની, અનેરી, અક્ષર, લિપિના નાના. અશ્વિન, પ્રવીણ, સુભાષ રતીલાલ પારેખના બનેવી. સ્વ. વ્રજલાલભાઈ, સ્વ.ચંચળબેન શાહ, સ્વ. હંસાબેન મહેતા, વસંતબેન વાસાના ભાઈ. તા ૧૨-૨-૨૫ને મંગળવાર શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રોહિદાસવંશી વઢીયારા**

ગામ ઢસા હાલ મીરા રોડના સ્વ.મગનભાઈ ગોદાવરીયા તા.૭/૨/૨૫ શુક્રવારના રામચરણ પામ્યા હતા. તે સ્વ.જેઠીબેન ટાભજીભાઈના પુત્ર. કાંતાબેનના પતિ, મનોજભાઈ, દક્ષાબેન, સ્વ.જ્યોતિબેનના પિતા. હમીરભાઈ, કાનજીભાઈ, જયંતીભાઈ,નાથીબેન, વિરુબેન, કમળાબેનના ભાઈ, વાલીબેન, વર્ષાબેનના સસરા, જીવાભાઈ, મણીબેન, જગદીશભાઈ જસુબેન, કાનજીભાઈ,સુનિતાબેન, સંતોકબેન, પાર્વતીબેનના જમાઈ. તેમની બારમાની વિધિ તા.૧૪/૨/૨૫ શુક્રવારના ૯ કલાકે. બાલાજી લોન્સ, રાજ એટલાન્ટિસ ટાવરના સામે, બેવર્લી પાર્ક, કાણકિયા પોલીસસ્ટેશન પાસે, મીરા રોડ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# લાવો, લવ સ્ટોરી લાવો...!


## ‘ડીડીએલજે’ એટલે કે ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’નાં ૩૦ વર્ષની ઉજવણી કરવા બ્રિટિશ રેલવે ઉત્સુક છે ત્યારે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હાંસિયામાં ધકેલાઈ ગયેલી પ્રેમકથાઓને ફરી વધુ પ્રાધાન્ય આપવાની તાતી જરૂર છે...

પ્રેમ એ શાશ્વત ભાવ છે. પ્રેમકથા - લવસ્ટોરી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું સૌથી સફળ અને ટકાઉ રસાયણ છે. જોકે, છેલ્લાં પાંચ વર્ષની ફિલ્મો પર નજર નાખતા સાવ અલગ જ ચિત્ર નજર સામે આવી ઊભું રહે છે.

ગયા વર્ષની બોક્સ ઓફિસ પર સફળ થયેલી ટોપ ટેન ફિલ્મમાં એક જ લવ સ્ટોરીહતી ‘તેરી બાતોં મેં ઐસા ઉલઝા જીયા’અને એ નવમા નંબરે હતી. ૨૦૨૩માં પણ ટોપટેનમાં પણ એક જ ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની’ અને એ પણ સાતમા નંબરે. ૨૦૨૨માં પણ ફરી એક જ. ‘રાધે શ્યામ’ - છઠ્ઠા નંબર પર. ૨૦૨૧માં પણ એક જ, ‘ચંદીગઢ કરે આશિકી’ - પાંચમો નંબર. ૨૦૨૧માં પણ એક જ, ‘લવ આજ કલ’ - સફળતામાં સાતમા ક્રમે.

એકંદરે આમ છેલ્લાં પાંચ વર્ષમાં ફિલ્મના સ્ક્રિન પર પ્રેમની પીછેહઠ થઈ છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના નિર્માતા - દિગ્દર્શકો હવે દિલમાં કુછ કુછ હોતા હૈની જગ્યાએ દિમાગમાં કુછ કુછ હોતા હૈને પ્રાધાન્ય આપી હોરર કોમેડી અને હિંસા પ્રચુર એક્શન ફિલ્મોને પ્રાધાન્ય આપી રહ્યા છે એ હકીકત છે.

આ વર્ષની (૨૦૨૫)ની વાત કરીએ તો ટોપ બેનરની કે સારી સ્ટાર કાસ્ટ ધરાવતી જૂજ રોમેન્ટિક ફિલ્મ રિલીઝ થવાની ગણતરી છે. ટૂંકમાં પ્રેમ કરતાં પ્રેતમાં રસ વધુ જોવા મળી રહ્યો છે. બ્રિટિશ રેલવે અને ‘યશરાજ ફિલ્મ્સ’ ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’ના૩૦ વર્ષની અને ઈંગ્લેન્ડમાંની આધુનિક રેલવેના ૨૦૦ વર્ષની સંયુક્ત પણે ઉજવણીની જાહેરાત કરવામાં આવી છે ત્યારે આજે વેલેન્ટાઈન- ડે નિમિત્તે લવ સ્ટોરીનો દુકાળ કેવી રીતે પૂરો થઈ શકે એનો વિચાર કરવો જરૂરી છે.



૧૯૩૧માં ’આલમ આરા’થી બોલપટ યુગનો પ્રારંભ થયો. એ હિસાબે એ જ વર્ષે રિલીઝ થયેલી જે. જે. મદાનની ‘શીરીં ફરહાદ’ ટેકનિકલી પહેલી લવસ્ટોરી કહેવાય. જોકે, ૧૯૪૭માં ભારતનેસ્વતંત્રતા મળ્યા પછી ફિલ્મ ઉદ્યોગનો વ્યવસ્થિત વિકાસ થયો. એ જોતા દિલીપ કુમાર - નૂર જહાંની ‘જુગનુ’ (મોહમ્મદ રફીને નામના અપાવનારું ‘યહાં બદલા વફા કા બેવફાઈકે સિવા ક્યા હૈ’ યાદ છેને ? ) પહેલી જાણીતી લવસ્ટોરી ધરાવતી ફિલ્મ કહેવી જોઈએ.

આઝાદી પૂર્વે પૌરાણિક - સામાજિક ફિલ્મોને પ્રાધાન્ય મળતું હતું અને ૧૯૪૭ બાદ રોમેન્ટિક ફિલ્મોને વેગ મળવા લાગ્યો. ૭૦ વર્ષ પહેલાં ૧૯૫૫ પછી લવસ્ટોરીની સંખ્યા ધીમે ધીમે વધવા લાગી અને ૧૯૬૦માં ૨૫થી વધુ લવસ્ટોરી ધરાવતી ફિલ્મોબની હોવાની સત્તાવાર નોંધ છે.

શું આજની તારીખમાં પ્રેક્ષકોની રુચિ લવસ્ટોરી માટે ઓછી થઈ ગઈ છે? એનો જવાબ ‘હા’ છે અને ‘ના’ પણ છે. ‘હા’ એટલા માટે કે એકવીસમી સદીના ત્રીજા દાયકામાં કોવિડ - ૧૯ મહામારી અને એને પગલે ઓટીટી પ્લેટફોર્મ ઉપલબ્ધ થવાથી લવસ્ટોરીના નિર્માણમાં ગજબનાક ઓટ આવી ગઈ.

આ દલીલ થોડી વિસ્તારપૂર્વક સમજવી જોઈએ. ૧૯૬૦ના દાયકામાં પ્રેમી યુગલની નિકટતા દર્શાવવા બે એક સરખા ફૂલ એકબીજા તરફ નમી એકમેકને સ્પર્શ કરતા હોય કે પછી ભમરો ફૂલ પર મંડરાતો હોય એના પર કેમેરા ફોકસ કરવામાં આવતો. ૧૯૭૦ના દાયકામાં ‘બોબી’માં હીરો- હીરોઈનનો કિસિંગ સીન દર્શકોએ જોયો. પછી તો બોલ્ડનેસ વધતી ગઈ અને ૨૦૨૩માં ઓટીટી પ્લેટફોર્મ પર આવેલી સિરીઝમાં તો દાદીમા જ પૌત્રીને શિખામણ આપે છે કે ‘લગ્ન પહેલા સેક્સનો અનુભવ’ કરી લેવો જોઈએ.... વાત ક્યાંથી ક્યાં પહોંચી ગઈ ! અહીં કોઈ પણ પરિસ્થિતનું સમર્થન કરવાની વાત નથી, પણ ગર્લ ફ્રેન્ડના સહવાસ અંગેનું કુતૂહલ ખતમ થઈ ગયું છે. એટલે જ મુગ્ધતા દર્શાવતી લવસ્ટોરીવાળી ફિલ્મ માટે ઉત્સુકતા કે ઉત્કંઠા રહ્યા નહીં. આમ છતાં, લવસ્ટોરીવાળી ફિલ્મોના શટર સાવ ડાઉન ન થયા.

૧૯૯૦ના દાયકાની હિન્દી ફિલ્મોમાં યંગસ્ટર્સની પ્રેમકથામાં બદલાવ જોવા મળ્યો. ’દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે - ડીડીએલજે’ (૧૯૯૫)ના રાજ અને સિમરનમાં યુવા વર્ગને પોતાનું પ્રતિબિંબ દેખાયું. ‘હમ આપકે હૈં કૌન’, ‘રંગીલા’, ’કુછ કુછ હોતા હૈ’ વગેરેમાં મજેદાર મ્યુઝિક સાથે મોડર્ન લવસ્ટોરી હતી અથવા મોડર્ન સેટઅપ હતું. આ ફિલ્મોને આવકાર મળ્યો. એકવીસમી સદીમાં ફરહાન અખ્તરની ‘દિલ ચાહતા હૈ’ (૨૦૦૧)થી લવસ્ટોરીની માવજતમાં બદલાવ જોવા મળ્યો. ‘સાથિયા’, ‘કલ હો ના હો’, ‘વીર ઝારા’ જેવી ફિલ્મોમાં યુગલ પ્રેમીઓએકબીજાને સ્નેહ કરતા હોવા છતાં ‘તેરે બિના ભી ક્યા જીના’ ફિલોસોફીમાં નથી માનતા. ‘ટુ ગેધર બટ ઈન્ડિપેન્ડન્ટ’ (સહવાસ ખરો, પણ સ્વાતંત્ર્ય સુધ્ધાં ખરું)ની ફિલોસોફીને અપનાવી રહેતા આર્થિક અને બૌદ્ધિક રીતે વધુ સમૃદ્ધ યંગસ્ટર્સને આ પ્રકારની ફિલ્મો પોતીકી લાગી.

‘લવસ્ટોરી માટે ફિલ્મ રસિયાઓમાં આકર્ષણ ઓછું થઈ ગયું છે’ એ દલીલ સ્વીકારતા પહેલાં ગયા વર્ષની રિ- રિલીઝ ફિલ્મો પર એક નજર નાખવી જરૂરી છે.

૨૦૨૪માં અનેક હિન્દી ફિલ્મ રિ- રિલીઝ થઈ એમાંથી ‘યે જવાની હૈ દીવાની’, ‘સનમ તેરી કસમ’, ‘લૈલા મજનુ’,‘વીર ઝારા’, ‘રેહના હૈ તેરે દિલ મેં’ રી રિલીઝમાં સારી કમાણી કરી શકી હતી અને આ બધી લવ સ્ટોરી છે. સમજદાર કો ઈશારા કાફી હૈ એ કહેવત હિન્દી ફિલ્મ મેકરો જાણતા જ હશે.

ટૂંકમાં પ્રેત (હોરર કોમેડી) માટેના લગાવમાં ભલે મોટી ભરતી આવી,પણ પ્રેમ પર પડદો નથી પડી ગયો. આ સદીના પ્રારંભમાં જેમ ફરહાન અખ્તર ‘નવું લાવ્યો’ એમ આ સદીના પચીસમા વર્ષમાં લવસ્ટોરીમાં નવું રસાયણ ઉમેરવાની જરૂર છે. અલબત્ત, એનું એક સેમ્પલ ‘તેરી બાતોંમેં ઐસા ઉલઝા જીયા’ ફિલ્મ હતી. શાહિદ કપૂર અને ક્રિતી સેનનની પ્રેમકથામાં ‘આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ’નું નવું તત્ત્વજોવા મળ્યું. ફિલ્મ બ્લોકબસ્ટર નહોતી, પણ હિટ જરૂર હતી. ‘સ્ત્રી ૨’, ‘ભૂલભૂલૈયા ૩’, ‘શૈતાન’, ‘ફાઈટર’ અને ‘સિંઘમ અગેન’ વચ્ચે આ લવસ્ટોરી ખોવાઈ ન ગઈ એ જ એક સિદ્ધિ છે. પ્રેમની ભાવના શાશ્વત છે અને દર્શકો એવી ફિલ્મો જોવા આવશે જ, શરત એટલી જ છે કે નવી ટ્રીટમેન્ટ આપો. એક્શનમાં જેમ સિદ્ધાર્થ આનંદ ખીલ્યો, હોરર કોમેડીમાં અમર કૌશિક ઊગી નીકળ્યો એમ લવસ્ટોરી માટે યશ ચોપડાનો વારસો મોડર્ન રીતે ચલાવી શકે એવા આદિત્ય ચોપડા ઉપરાંત અન્ય ફિલ્મ મેકરની પણ જરૂર છે. પ્રેમની જેમ આશા અમર છે!■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# મનોરંજક સિનેમાનું ઑક્સિજનઃ થ્રિલ-રોમાંચ કે પછી મસાલો?

પડદા પર હીરો સડક પર ભાગી રહ્યો છે. એની પાછળ વિલન ગન લઈને દોડી રહ્યો છે. ગમે ત્યારે વિલન ગનની ટ્રિગર દબાવશે અને હીરો મરી જશે... એક ખતરનાક ચેઝ શરૂ થાય છે. હીરો આગળ, વિલન એની પાછળ... શહેરના ટ્રાફિકમાં દોડતાં દોડતાં હીરો જીવ બચાવવા હવાતિયાં મારે છે. રોડ ક્રોસ કરતી વખતે અચાનક એને એક બસ દેખાય છે. તરત એ બસ પર ચઢી જાય છે. થિયેટરમાં પ્રેક્ષકોને હાશકારો થાય છે કે હાશ! હીરો બચી ગયો... બસમાં ચઢીને. વિલન પાછળ રહી ગયો. બસમાં ચઢીને હીરો શ્વાસ ખાઈને એક સીટ પર બેસે છે અને સામેની સીટ પર વિલન હસતાં હસતાં ગન તાકે છે. હીરોનાં મોતિયાં મરી જાય છે. અવાચક પ્રેક્ષકોનાં મોં ઉઘાડાં રહી જાય છે.

આ છે સિનેમાની થ્રિલ... કે હવે અચાનક હીરો બચી જશે? બંને વચ્ચે ફાઇટ થશે? સત્યનો વિજય થશે કે પરાજય? અને સૌથી મોટી વાત એ છે કે ફિલ્મની સ્ટોરી એટલી પૂરપાટ દોડતી હોય છે કે લોકો પાસે એ વિચારવા માટે સમય જ નથી મળતો કે વિલન જો હીરોની પાછળ હતો તો પછી એ હીરોની પહેલાં બસની અંદર આવ્યો કઈ રીતે? જો આ જ વાત કિતાબમાં-નોવેલમાં લખી હોત તો વાચક કિતાબને બંધ કરી, બે મિનિટ વિચારત અને લેખકની બુદ્ધિને, બેવકૂફીને ગાળો આપીને વાંચવાનું બંધ કરત... પણ ફિલ્મમાં એ માફ છે, કારણ કે સિનેમા ભાગતી કથાશૈલી છે. ફિલ્મને ‘મૂવી’ કહેવાય છે, કારણ કે એમાં દશ્યો, પાત્રો, ઘટના... બધું જ ફાસ્ટ સ્પીડમાં ભાગે છે. ‘મૂવ’ થાય છે... જો વાર્તા આગળ ‘મૂવ’ ન થાય, આગળ દોડે નહીં તો લોકો કંટાળી જાય...

લોકપ્રિય સિનેમામાં આ થ્રિલ-રોમાંચ ઑક્સિજનનું કામ કરે છે. એ થ્રિલ કોઈ પણ પ્રકારની હોઈ શકે છે, કપડાં બદલતી હીરોઇનના પગ પાસે સરકતો ગાઉન હોય કે છાપરાં પરથી છલાંગમાર ક્લાઉન હોય. થ્રિલ મળવી જોઈએ જનતાને! કિતાબ માણસ એકલો વાંચે છે, સિનેમા સૌની સાથે જુએ છે. અંધારામાં સૌની સાથે એક આખો માહોલ ઊભો થાય છે. ૫૦૦થી ૧,૦૦૦ માણસોના એકસાથે હસવાના, રડવાના, ઉશ્કેરાવાના, ડરવાના અવાજો, તાળીઓ, હાયકારાઓ... બધું જ સામૂહિક અનુભવ છે ને એટલે જ એમાં થ્રિલ છે.

૧૯૭૫માં દેશમાં ગરીબી ભ્રષ્ટાચારના સમયમાં અમિતાભ બચ્ચન જ્યારે પૈસાવાળા વિલનને પોતાની લાંબી ટાંગ દ્વારા લાત મારતો ત્યારે દબાયેલ - કચડાયેલ ભારતની પ્રજાને થ્રિલ મળતી. સામાજિક આક્રોશને અમિતાભના ‘એંગ્રી યંગ મેન’ દ્વારા મુક્તિ મળતી. ‘અર્ધસત્ય’માં ઈમાનદાર ઇન્સ્પેક્ટર વેલણકર (ઓમ પુરી) લોકલ ગુંડા રામા શેટ્ટીને (સદાશિવ અમરાપુરકરને) જ્યારે અંતમાં અભદ્ર ભાષામાં ગાળો આપીને ગળું દબાવીને મારી નાખે છે ત્યારે પ્રેક્ષકોની રગરગમાં અન્યાયબોધની થ્રિલ મળે છે. ‘અમર અકબર એંથની’માં ત્રણ અલગ અલગ ધર્મમાં ઊછરેલા હીરો અમર-અકબર-એંથની એક સાથે એક જ સ્થળે એક જ નળી વડે એમની વિખૂટી પડેલી આંધળી મા (નિરૂપા રોયને) લોહી આપે છે ત્યારે જનતાને ઇમોશનલ થ્રિલ મળે છે. મમતા અને પ્રેમના ખેંચાણના ભાવાવેશમાં રડતી આંખે પ્રેક્ષકો ‘વાહ’ કહી બેસે છે.... આમ તો મેડિકલી જોઈએ તો એક સાથે ત્રણને એક જ નળી વડે એક પેશન્ટ્સને એક જ સમયે લોહી આપી જ ન શકે, પણ સિનેમામાં એ શક્ય છે, કારણ કે એ ક્ષણ રોમાંચક છે. ‘પુષ્પા ૧-૨’ કે ‘એનિમલ’ જેવી શોકિંગ ફિલ્મમાં લોકોને નવી જ થ્રિલ મળે છે. વિવેચકો અને બુદ્ધિજીવીઓનો સમજાતું નથી કે થિયેટરમાં લોકો લોજિકના સવાલો પૂછવા નહીં, પણ પોતાના જીવનના સવાલો ભૂલવા આવ્યા હોય છે એટલે હાલતી-ચાલતી, નાચતી, ઝૂમતી, બોલતી, ડોલતી પરીકથા જોવાનો એ આનંદ લે છે.







મનમોહન દેસાઈ, વિજય આનંદ, રાજ કપૂર કે આજના ડેવિડ ધવન, અબ્બાસ-મસ્તાન, રોહિત શેટ્ટી કે કરણ જોહર જેવા ભારતીય દિગ્દર્શકોને ખબર હતી કે છે કે પ્રેક્ષકોની કઈ નસ ક્યાં છે અને એટલે જ એ જાતજાતની થ્રિલ ઊભી કરી શકતા અને એટલે જ એમની ફિલ્મો કાશ્મીરથી કન્યાકુમારી સુધી સફળ થતી. ઝરણામાં નહાતી પારદર્શક કપડાંવાળી મંદાકિનીનું ફિગર હોય કે સની લિયોની કે તમન્ના ભાટિયાની દૂધમલ માદકતા હોય કે સાંઈબાબાની મૂર્તિમાંથી જ્યોત નીકળીને અંધ સ્ત્રીની આંખોની જ્યોત ઉજાગર કરતી ક્ષણો હોય.... ‘લગાન’ જેવી ફિલ્મમાં આખું થિયેટર સ્ટેડિયમમાં ફેરવાઈ જાય, કારણ કે ગરીબ કિસાનની અંતિમ બોલમાં થતી જીતમાં ભારતના આમઆદમીને ૨૫૦ વર્ષની ગુલામીનો જવાબ દેખાય છે.

થ્રિલ, દરેક દાયકામાં બદલાય છે... એક જમાનામાં હીરો-હીરોઇન ચુંબન કરતો ને કૅમેરા સામે ફૂલ આવી જતું એમાં પ્રેક્ષકોને થ્રિલ આવતી, પણ હવે તસતસતા ચુંબન કે બેડરૂમનાં નગ્ન દશ્યો, ‘એનિમલ’ ફિલ્મ જેવી બેકાબૂ હિંસા, ‘બાહુબલી’ કે ‘પદ્માવત્’ જેવી ભવ્યતા કે ‘પુષ્પા’ જેવી રો-નેસ હવે નવાઈ નથી રહ્યા. મૂલ્યો ને માર્કેટ બદલાય છે. હવે કહેવાતા મોડર્ન કે વોક સિનેમામાં હીરો-હીરોઇન બિનધાસ્ત ગંદી ગાળો બોલે છે. ખુલ્લેઆમ સેક્સની વાતો કરે છે, કોંડોમ કે શીઘ્રપતન પર મજાક થાય છે, હવે એમાં પ્રેક્ષકોને ‘રોમાંચ’ મળે છે. રોમાંચનુંય ફૅશન જેવું છે, એનું ચક્ર બદલાયા કરે છે.

વરસોથી જાણીએ છીએ કે વિદેશી ફિલ્મોની એક્શન કે સ્પેશિયલ ઇફેક્ટની થ્રિલ અવર્ણનીય હોય છે. ત્રીજા વિશ્વના દેશોના પ્રેક્ષકો મોં ફાડીને ટાઇટેનિક, ઈ.ટી-એવેટાર કે ૩૦૦ કે ૨૦૧૨ કે મેટ્રિક્સ જેવી ફિલ્મોની સ્પેશિયલ ઇફેક્ટ જોયા કરે છે, જેમાં ‘રોલર-કોસ્ટર રાઇડ’ જેવી થ્રિલ મળે છે, પણ એ સ્પેશિયલ ઇફેક્ટો પાછળ જે ખર્ચો થાય છે એમાં સોમાલિયા જેવા દેશનો એક વર્ષનો ખર્ચ નીકળી શકે! એવી કરામતો માટે જ્યોર્જ લુકાસ કે જેમ્સ કેમેરૂન વર્ષોનાં વર્ષ કાઢી નાખે છે. જે હવે AI - આર્ટિફિશિયલ ઇંટેલિજન્સ વડે તરત બની શકશે.. પણ ભારતીય સિનેમાને ખબર નહીં વર્ષો લાગશે.

સ્ટીવન સ્પીલબર્ગ કહે છે મારી અંદર એ ૧૨ વર્ષનું બાળક છે જે મને રોમાંચક ફિલ્મો બનાવવા મજબૂર કરે છે, કારણ કે સિનેમા પોતે જ એક થ્રિલ છે! ■

---

# જેટલા વિચાર ઓછા કરો તેટલા વધુ આનંદમાં રહો!

સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

**ભવન્સનો** ૧૫ ઑગસ્ટનો ‘હરણફાળ’નો શો ઘણો સારો ગયો. નિર્માતા આમ તો કમાતા હતા, આ શોમાં પણ સારું કમાયા.

રમેશ જમીનદાર સાથેની નૈતિક લડત ફળી. જોકે હવે એમના વિશે વિચારવાનું છોડી દીધું. એક સમય એ આવ્યો, નાની ઉંમરે મોટા સાથે ‘પંગો’ લેવો પડ્યો, એ સંસ્કારની દૃષ્ટિએ ખૂંચ્યું, પણ જમાનો ખાઈ બેઠેલા આવા વડીલો કેમ અસત્યનો ટેકો લઈ જાતને બચાવવાની કોશિશ કરતા હશે એ અકળ જ રહ્યું. આમ છતાં એ કિસ્સામાં સત્યની જીત એ મને મારા સંસ્કારની જીત લાગી. એ પછી એ બનાવ યાદ કરવાનો ટાળ્યો. જેટલા ઓછા વિચાર કરો તેટલા વધુ આનંદમાં રહો! પ્રયત્નો ભૂલવાના કરતો, પણ ક્યારેક અચાનક આળસ મરડીને બેઠા થઈ જતા. કહે છે ને કે કોઈને પોતાના બનાવવામાં સમય નથી લાગતો, પણ એની યાદ ભુલાવવામાં ક્યારેક જિંદગી પણ વીતી જાય. મારો પ્રયત્ન તરત મગજને બીજા વિચારમાં પરોવી દેવા કરતો. આમ પણ, એ વખતનું કામ તો પતી ગયું અને બીજાં ઘણાં કામ તો ચાલ્યાં જ કરતાં હતાં ને!

‘હરણફાળ’ની સેન્ચ્યુરી પણ વીતી ગઈ. હવે રાત્રે શો પતાવી નાલાસોપારા પહોંચવું અને શો માટે ત્યાંથી નીકળવું જરા વસમું લાગતું હતું. તન્મયની સ્કૂલનો પણ પ્રોબ્લેમ થતો હતો. એનો અનુભવ ટ્રેનની કઠણાઈને કારણે નાટકના પહેલા શોમાં જ થઈ ગયો. પ્રભુકૃપા કે શો રદ કરતાં પહેલાં હું અને તન્મય પહોંચી ગયા. બાકી શોનો સમય ધાર્યા કરતાં વધારે પસાર થઈ ગયો હોત તો ‘પ્રથમ ગ્રાક્ષે મક્ષિકા’ થઈ હોત. સમય આમ પણ કમાલ હોય છે, બધાને રાહ જોવડાવે છે, પણ પોતે કોઈની રાહ નથી જોતો.



‘ધૂપછાંવ’: અમૃત પટેલ, અરવિંદ વેકરીયા, બીજલ રાજડા, વિપુલ શાહ અને શોભા પ્રધાન

પહેલાં હું કાંદિવલી રહેતો હતો. પછી સંકડાશને કારણે નાલાસોપારા ભલે શીફ્ટ થયો, પણ કાંદિવલી બા-બાપુજી તો હતાં જ.

એમના ખબર હું અઠવાડિયે પૂછી આવતો.

એક રાત્રે વિચાર કર્યો કે એક-રૂમ-રસોડામાં થોડું વધારી એક નાનું રસોડું અને વધુ એક રૂમ થઈ જાય તો કાંદિવલી આવી જવાય.‘ઘરસભા’ ભરી આ નિર્ણય લીધો. નાલાસોપરાની જગ્યા કાઢી કાંદિવલી પરત આવી ગયા. હવે ત્યાં રૂમ વધારવાનો હતો. પૈસા તો નાલાસોપારાની જગ્યાના હાથમાં હતા. હવે આર્કિટેક્ટ શોધવામાં કમાલ થઈ. મેં ‘ચિનગારી’ નાટક કરેલું. એમાં સુનીલ દેસાઈ કરીને નાટકનો ઉત્સાહી કલાકાર હતો. એણે પોતાની જ્ઞાતિ માટે મને એક એકાંકી નાટક કરવાનું કહ્યું. આમ પણ મને નવા કલાકારો પ્રત્યે વધુ લગાવ. સુનીલનું આખું ગ્રુપ મલાડ-ઇસ્ટના ચાર રસ્તાનું હતું. અમરો, દિલીપ ભાટિયા.. વગેરે. રિહર્સલમાં એક વધુ કલાકાર પણ મળ્યો. એ લેખક પણ હતો. એનું નામ હતું, ઈમ્તિયાઝ પટેલ. આજે તો નાટ્ય-રસિકોને એ નામ મોઢે હશે. એના નિધન પછી આજે પણ હજુ એનાં નાટકો ચાલતાં રહે છે. ત્યારે એ કલાકાર જ બનવા માગતો હતો. એનું એકાંકી જોઈ મેં એને કહેલું કે આજે રંગભૂમિ ઉપર લેખકોની ખોટ વર્તાય છે તો બની શકે તો લેખનકાર્ય ઉપર ‘ફોકસ’ કર અને એણે માન્યું.

એ એકાંકી તો થયું, પણ એને કારણે એના ઘરે જવું-આવવું થતું રહ્યું. નવરાશ હોય તો એના ઘરે પહોંચી જતો. નિરાંત અને નવરાશમાં ફરક છે, એક મનથી અને બીજી ક્ષણથી. મૂળ મને ઈમ્તિયાઝના અબ્બા સાથે ખૂબ બનતું. ઈમ્તિયાઝ મ્હાડાનાં મકાનો, કોઈને એક માળ વધારવો હોય તો એની પહોંચથી એ કરી આપતો અને એ જ એનું કામ હતું. એનો એક મિત્ર હતો, જગદીશ. એ આર્કિટેક્ટ હતો. ઈમ્તિયાઝ એને લઈ મારા ઘરે આવ્યો. વાજબી ભાવે મારું ‘રિનોવેશન’ કરાવી આપ્યું. દોસ્તીની શરૂઆત તો થઈ હતી જે આ અનુભવે ગાઢ બની. એ સમયે સિરિયલના એક નિર્માતા હતા, ડોલર પટેલ. એમણે ‘ધૂપછાંવ’, ‘કેવડાના ડંખ’ વગેરે ડી.ડી. ઉપર રજૂ કરેલી. (એ સમયે બીજી ચેનલો નહોતી) મને બંનેમાં સારો રોલ આપેલ. અચાનક એને નાટક બનાવવાની ‘ચળ’ ઊપડી. ડોલર સાથે પણ ટ્યુનિંગ સારું થઈ ગયેલું એટલે મને નાટક શોધવાનું કહ્યું. શરત એટલી કે નાટક ‘બોલ્ડ’ બનાવવું અને મારે ડિરેક્ટ કરવાનું. એ વખતે દ્વિ- અર્થી સંવાદોસભર નાટકો ખૂબ ચાલતાં. મેં વાત ઈમ્તિયાઝ પટેલને કરી. મારું મન ‘બોલ્ડ’ વિષય ઉપર નાટક બનવવા માનતું નહોતું. ડોલરે સરસ વાત કરી, ‘કામ તો કામ જ હોય છે દાદુ, નાટક કરવું તારું કામ છે પછી કોઈ પણ આવે ચેલેન્જ સમજીને સ્વીકારવું જોઈએ. બોલ્ડ હોય તો શું થયું? ગુલાબના છોડમાં કાંટા છે એનો કકળાટ ન કર, કાંટાળા છોડમાં ગુલાબ છે તેનો ઉત્સવ કરવાનો હોય!’

હવે ઈમ્તિયાઝ પટેલને જ્યારે નાટક માટે ફરી વાત કરી તો એણે કહ્યું, ‘દોસ્ત, મેં પહેલું નાટક જે લખી રાખ્યું છે એ ‘બોલ્ડ’ જ છે. સમય હોય ત્યારે પઠન કરી લઈએ. પહેલું નાટક લખ્યું છે એટલે તારા પ્રમાણે સુધારા-વધારા તો કરવા જ પડશે. તારા હિસાબે પરફેક્ટ તો નહી જ હોય.’

મેં મારો સંકોચ કહ્યો, ‘વાત મધરાત પછીની’ બોલ્ડનેસ અને એને મળેલી સફળતાની વાત એની સાથે શેયર કરી. એણે ‘સફળતા’ને તરત પોતાની વાતમાં પકડી લીધી. મને કહે, ‘જોયું ને? મનમાં પવિત્રતા અને પાયામાં નીતિ હશે તો જીવનમાં પરીક્ષા આવી શકે, પરંતુ પરાજય તો નહી જ આવે’

મેં કહ્યું કે, ‘હું તારી વાત સ્વીકારીને નાટક તો કરીશ.. તું મને સ્ક્રિપ્ટ આપ. હું વાંચીશ. અક્ષર બરાબર નહી ઉકેલી શકું તો તું વાંચી આપજે. ખોટું નહીં લગાડતો, પણ ઘણીવાર હું મૂળરાજ રાજડાના અક્ષરો વાંચી નહોતો શકતો.

‘વાત મધરાત પછીની’

સફળતા મળી પણ દોસ્ત, મેળવવા કે ગુમાવવા કરતાં જાળવી રાખવું મારે માટે અત્યારે મહત્ત્વનું છે.’ ■

ડબલ રિચાર્જ

મારા મિત્રે મને પૂછ્યું : ‘સાચો શબ્દ ‘નર્ક’ છે કે ‘નરક’?
મેં જવાબ આપ્યોઃ
‘તારે જવાથી મતલબ છે કે જોડણીથી?’

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# મધુબાલાનું મ્યુઝિકલ મેજીક

### આ 'અનારકલી'ના અપ્રતિમ સૌંદર્યથી અનેક આંખોમાં ચમક આવી છે તો એનાં ગીતોએ ઘણા કાનમાં ઘંટડીઓ પણ રણકાવી છે !



**મધુબાલા.** દેખાવે- બોલવે ને અદાકારીમાં સુધ્ધાંમાં જેવી મીઠી - મીઠડી - મધુબાલાના સૌંદર્યના અનેક લોકો દીવાના હતા, આજે પણ છે. જોકે, સાથે એવા કેટલાક રસિયા પણ છે જે મધુબાલા પર ફિલ્માવાયેલાં ગીતો પાછળ ઘેલા છે.

આજે ૧૪ ફેબ્રુઆરી. હુસ્ન કી હૂર - પ્રેમની પરી મધુબાલા ૧૯૩૩માં આજના દિવસે પૃથ્વી પર અવતરી હતી. એના સૌંદર્યની, એની અદાકારીની, એના પ્રેમ સંબંધની ઘણી વાત તમે જાણી હશે, માણી હશે. આમ છ્તાં, આજે મધુબાલાના કેટલાંક અવિસ્મરણીય ગીત વિશે જાણીએ અને ગીતોમાં પણ મધુબાલા કેવી મોહક લાગતી હતી એનાથી પરિચિત થઈએ. આ ગીતો યુટ્યુબ પર છે. એ જોશો ત્યારે બત્રીસ કોઠે દીવા થાય એવી અનુભૂતિ અવશ્ય થશે. મધુબાલા અને સંગીનો આ મેજિક છે.

બાળ કલાકાર તરીકે શરૂઆત કરનારી મધુબાલાની હીરોઈન તરીકે પહેલી ફિલ્મ હતી કેદાર શર્માની 'નીલ કમલ'. બોક્સ ઓફિસ પર ફિલ્મ ઠીકઠાક ચાલી. ત્યારબાદ આવી કમાલ અમરોહીની 'મહલ', જે ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થઈ અને મધુબાલાનું નામ ચારેકોર ગુંજવા લાગ્યું. આ જ ફિલ્મથી લતા મંગેશકર (આયેગા, આયેગા, આયેગા આનેવાલા આયેગા) પણ લોકપ્રિય બન્યાં. મધુબાલા એટલે મધ જેવી મીઠડી અને એમાં મધ જેવો મીઠો લતાદીદીનો સ્વર ઉમેરાયો. બસ, પછી તો પૂછવું જ શું? 'મહલ' પછી નવી ફિલ્મનો કોન્ટ્રેક્ટ સાઈન કરતી વખતે 'મારાં ગીત તો લતા મંગેશકર જ ગાશે' એવી શરત મધુબાલા રાખતી થઈ ગઈ. નિર્માતા પણ આ શરત કબૂલ રાખતા હતા, પણ...

પણ જ્યારે ફિલ્મના સંગીત દિગ્દર્શક ઓ. પી. નય્યર હોય ત્યારે મધુબાલાની શરતનું સુરસુરિયું થઈ જતું હતું, કારણ કે ઓ. પી. નય્યર સાહેબ લતા મંગેશકર પાસે ગીત નહીં ગવડાવવાનો નિર્ણય લઈ ચૂક્યા હતા. પરિણામે મધુબાલાની જે ફિલ્મોમાં નય્યર સાહેબનું સંગીત હતું એમાં પ્લેબેક મુખ્યત્વે ગીતા દત્ત અથવા આશા ભોસલેનું રહેતું. આજે આપણે મધુબાલા - ઓ પી નય્યરએ આપેલાં કેટલાંક યાદગાર ગીતોની મજા લઈએ. મધુબાલાની છ ફિલ્મમાં સંગીત ઓ પી નય્યરનું હતું.

મધુબાલા અને ઓ પી નય્યર વચ્ચેના સંબંધો હૂંફાળા હતા. બંનેને એકબીજા માટે આદર હતો અને એમની વચ્ચે ઘનિષ્ઠ મૈત્રી પણ હતી. મધુબાલા એમને 'નય્યર બાબુ' કહીને બોલાવતી અને આ સંબોધનને કારણે જ ફિલ્મવાળાઓ ઓ. પી. નય્યરને 'બાબુજી' કહીને બોલાવવા લાગ્યા હતા. મધુબાલાને સંગીતકાર માટે એ હદે સ્નેહ હતો કે જો તેની ફિલ્મમાં નય્યર સાહેબને સંગીત દિગ્દર્શક તરીકે સાઈન કરવામાં આવે તો મધુબાલા પોતાની ફી ઘટાડવા તૈયાર થઈ જતી.

ગુરુ દત્તની 'બાઝ' અને વિશેષ તો 'આર પાર'થી ઓ. પી. નય્યરની ઓળખ બની, પણ એમાં મધુબાલા હાજર નહોતી. 'મિસ્ટર એન્ડ મિસિસ ફિફ્ટી ફાઇવ' મધુબાલા અને નય્યર સાબની પહેલી ફિલ્મ. 'ઉધર તુમ હંસી હો ઈધર દિલ જવાં હૈ' રફી - ગીતા દત્તનું યુગલ ગીત છે. ગુરુ દત્ત એક આલા દરજજાના ફિલ્મમેકર હતા એ કબૂલ, ઠીકઠાક એક્ટર હતા એય સાચું, પણ આ ગીતના ફિલ્માંકનમાં જ્યારે પણ ગુરુ દત્ત પડદા પર દેખાય છે ત્યારે કેમેરા એમના પરથી હટી ક્યારે પાછો મધુબાલા પર જાય એની તાલાવેલી રહે એટલી મોહક મધુબાલા લાગે છે. બીજા ગીત 'ઠંડી હવા કાલી ઘટા આ હી ગયી ઝૂમ કે'ની ધૂન કર્ણપ્રિય છે, પણ પડદા પર મધુબાલા આ ગીત ગણગણતી દેખાય ત્યારે શબ્દો અને સ્વરાંકન ગૌણ બની જાય છે અને મુગ્ધ ભાવે મધુબાલાને નીરખતા રહેવાનું મન થાય છે.

શક્તિ સામંતએ 'હાવડા બ્રિજ' બનાવવાનું નક્કી કર્યું ત્યારે કેબ્રે ડાન્સર એડનાના રોલ માટે એમને ટોપ હીરોઈન જોઈતી હતી. નરગીસ - નિમ્મીનો વિચાર કર્યો, પણ કેબ્રે ડાન્સર તરીકે આ બેમાંથી કોઈ જચતું નહોતું. મધુબાલાનું નામ પણ મનમાં રમતું હતું, પણ એ સમયે અભિનેત્રી જે રકમ માંગતી હતી એ શક્તિ સામંતને પરવડે એવી નહોતી. 'હાવડા બ્રિજ'ના હીરો અશોક કુમાર અગાઉ 'મહલ' અને 'એક સાલ' નામની ફિલ્મમાં મધુબાલા સાથે કામ કરી ચૂક્યા હતા. અશોક કુમાર પહોંચ્યા એના ઘરે અને ફિલ્મની વાર્તા સંભળાવી શક્તિ સામંતની સમસ્યાનું વર્ણન પણ કર્યું. વાર્તા ખૂબ જ ગમી ગઈ હતી અને સંગીત ઓપી નય્યરનું હોવાની જાણ થતા મધુબાલા ઓછા પૈસે કામ કરવા તૈયાર થઈ ગઈ. 'હાવડા બ્રિજ'નું મધુબાલા પર ફિલ્માવાયેલું 'આઇએ મેહરબાં, બૈઠિયે જાને જાં' ગીતની અફાટ લોકપ્રિયતામાં એના શબ્દો અને એની કર્ણપ્રિય ધૂન જેટલો જ ફાળો મધુબાલાનો છે. આ જ ફિલ્મનું બીજું એક ગીત છે 'યે ક્યા કર ડાલા તુને'. આશા ભોસલેનું સોલો સોન્ગ છે પણ પિક્ચરાઈઝેશન મધુબાલા અને અશોક કુમાર પર છે. જોકે, ગીતમાં મધુબાલા એટલી મોહક લાગે છે કે અશોક કુમારનું હોવું રીતસરનું ખટકે છે.

'ફાગુન'નું સુપરહિટ સોન્ગ 'એક પરદેસી મેરા દિલ લે ગયા, જાતે જાતે મીઠા ગમ દે ગયા' મધુબાલા સાથે ભારત ભૂષણ પર ફિલ્માવવામાં આવ્યું છે. 'કાગડો દહીંથરું લઈ ગયો' કહેવતનું સ્મરણ થઈ આવે એવી આ જોડી ગીતમાં લાગે છે. મેળાના આ ગીતમાં મધુબાલાને જોઈ 'કભી મેલે મેં અકેલા તો કભી અકેલે મેં મેલા' કાનમાં ગુંજે છે મધુબાલાને કારણે. 'ફાગુન' ફિલ્મ જોશો તો કદાચ નહીં ગમે, ભારત ભૂષણ તો જરાય નહીં ગમે, પણ ગીતોમાં મધુબાલાએ પાથરેલી મોહિની તમારું દિલ કબ્જે કરી લેશે એ નક્કી.

દેવ આનંદ સાથેની 'જાલી નોટ'માં રફી - આશાના એક યુગલ ગીત 'દિલ હૈ આપકા હુઝૂર લિજીયે, ઈતના ગુરૂર હુસ્ન પર તૌબા' ની શરૂઆત મોહમ્મદ રફી કરે છે, પણ પછી કેમેરા પેન થઈ મધુબાલા પર આવે છે અને 'શીશા દેખિએ હુઝૂર દિલ ના હમકો દીજિયે, આપણી શક્લ દેખકર તૌબા તૌબા કીજિયે' પંક્તિઓ મધુબાલા ગાય છે અને હેન્ડસમ દેવ આનંદ મૂછમાં જરાય જચતા નથી, પણ મધુબાલાને જોઈ દિલ બાગ બાગ થઈ જાય છે.

(અહીં એક અપવાદ રૂપ, સચીનદાના સંગીતમાં પેશ થયેલું આવું જ મધુબાલા પર શૂટ થયેલું એક ગીત 'કાલા પાની'નું છે. 'અચ્છા જી મેં હારી ...માન જાવ ના !' ગીતમાં હીરો દેવ આનંદ રીસાઈ જાય છે ત્યારે હીરોઈન મધુબાલા એને જે રીતે મનાવે છે એ વખતનો મધુબાલાનો અભિનય-અદા ખરેખર લા-જવાબ છે)

ઓ. પી. નય્યર અને મધુબાલાના સંગીતના જાદુના અન્ય ગીત સુધ્ધાં છે, પણ બધા સમાવી ન શકાય. આ ઝલક મધુબાલાની મોહિનીની સાક્ષી પૂરે છે. ■




# રિશ્તે મેં સ્ટાર કે બાપ હૈ!

મહેશ નાણાવટી

**ફિલ્મ સ્ટારર્સ** મોટા ફિલ્મ સ્ટાર બની જાય પછી તો એમના પિતાજીઓની ઓળખ એમનાં સંતાનો બની જતાં હોય છે, પરંતુ સ્ટાર બન્યા પહેલાં એમના સંબંધો કેવા હોય છે?

જોકે આ બધા કિસ્સા મોટા થઈ ચૂકેલા સ્ટાર્સના મોઢે જ સાંભળવા મળે છે. જિતેન્દ્રએ બહુ જૂનો કિસ્સો યાદ કરતાં તાજેતરમાં કહ્યું કે જ્યારે 'સહેરા' ફિલ્મ બની રહી હતી ત્યારે વી. શાંતારામે એમને માત્ર એક 'એક્સ્ટ્રા'નો રોલ આપેલો.

એકવાર જીતુભાઈ (જિતેન્દ્ર) સેટ ઉપર એક કલાક મોડા પહોંચ્યા તો શાંતારામે ગુસ્સામાં બધા સામે એને કહી દીધુંઃ

'યે કોઈ આનેકા વક્ત હૈ? યે લડકે કો વાપસ બમ્બઈ ભેજ દો!' (શૂટિંગ નાગપુરમાં હતું.)

જિતેન્દ્રને એટલી બધી 'ચાટી ગઈ' કે એ સીધા પહોંચ્યા પ્રોડક્શનની ઑફિસમાં અને ત્યાંથી મુંબઈ પોતાના પપ્પાને ફોન લગાડીને બળાપો કાઢ્યો 'એક તો મને મામૂલી એક્સ્ટ્રાનો રોલ આપ્યો છે અને ઉપરથી મને આટલું બધું ખખડાવે છે! હું તો પાછો આવતો રહું છું...'

એ ઘટના યાદ કરતાં જિતેન્દ્ર કહે છે : 'મેરે પિતાજીને મુઝે ઔર જ્યાદા ડાંટા! ઔર કહા કી ખબરદાર, જો વાપસ આયા તો...' વગેરે વગેરે.

બીજા દિવસે આપણા જીતુભાઈ સવારે છ વાગે, મેકપ સાથે, કોસ્ચ્યુમનાં વસ્ત્રો પહેરીને શાંતારામ સાહેબની રૂમના દરવાજે જઈને ઊભા રહ્યા! શાંતારામ બહાર આવે છે. ત્યાં તો જિતેન્દ્રની આંખોમાં આંસુ! જિતેન્દ્ર કહે છેઃ 'શાંતારામજીને કુછ નહીં કહા... પીઠ પર હાથ મારકે બોલે, ચલ બદમાશ,આ જા!'

જિતેન્દ્ર ઉમેરે છેઃ 'જો એ દિવસે મને મારા પિતાજીએ ખખડાવ્યો ના હોત તો ખબર નહીં આજે હું ક્યાં હોત?'


અમિતાભ બચ્ચનના પિતાજી તો પોતાના સમયના બહુ જાણીતા હિન્દી ભાષાના કવિ હતા. બચ્ચન સાહેબે એ દિવસોના કિસ્સા વારંવાર જાહેરમાં કહ્યા છેઃ

'પિતાજી જબ દેર રાત કો કવિ સંમેલન સે વાપસ આતે, તબ દરવાજા ખોલને કી જિમ્મેદારી મેરી હુઆ કરતી થી... મૈં દરવાજા ખોલ કર પૂછતા થા, પિતાજી, આજ કુછ મિલા?'

અહીં 'કુછ' મિલાનો મતલબ સંમેલનના આયોજકોએ કેટલા રૂપિયાનો 'પુરસ્કાર' આપ્યો એમ થતો હતો. ત્યારે પિતાજી કહેતાઃ



હરિવંશરાય બચ્ચન



જિતેન્દ્ર



સાહિર લુધિયાનવી

'મન કા મિલે તો અચ્છા હૈ, ના મિલે તો ઔર ભી અચ્છા...'

બાય ધ વે, તમને યાદ કરાવી દઈએ કે કવિ હરિવંશરાય બચ્ચન એમ કંઈ સાવ 'હેન્ડ ટૂ માઉથ' નહોતા. એ યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા અને દિલ્હીમાં તો એમનાં પત્નીની ઈન્દિરા ગાંધી સાથેની નિકટતાને કારણે બહુ સારા બંગલામાં રહેવા પણ મળ્યું હતું! પરંતુ અહીં વાત 'મનના અભાવ'ની છે...

અમિતજી એ ઘટનાને પોતાના સૌથી ખરાબ સમય સાથે જોડતાં કહે છેઃ 'એબીસીએલમાં કરોડોનું નુકસાન થઈ ગયું હતું. લેણદારો પરેશાન કરી રહ્યા હતા. ઈન્ડસ્ટ્રીમાં નામ ખરાબ થઈ ચૂક્યું હતું. તે વખતે પિતાજીની તબિયત પણ ખરાબ રહેતી હતી...'

તેવા સમયે અમિતજી એકવાર આખી રાત પિતાજીની પથારીની બાજુમાં જાગતા બેસી રહ્યા હતા. સવારે જ્યારે હરિવંશરાય જાગ્યા તો અમિતાભને જોઈને પૂછે છેઃ 'બડે પરેશાન લગ રહે હો? સબ ઠીક તો હૈ?' ત્યારે અમિતાભે હતાશાથી કહ્યું, 'કુછ ઠીક નહીં હૈ... ઐસા ક્યું હોતા હૈ, બાબુજી?'

એ વખતે બાબુજીએ કહ્યું હતું : 'એક બાત સમજો... હો તો અચ્છા, ના હો તો ઔર ભી અચ્છા હૈ...'

બસ, એ પછી અમિતજીના કહેવા મુજબ એમણે હતાશા ખંખેરી નાખી! એ એક વહેલી સવારે પોતાના પડોશમાં રહેતા યશ ચોપરાના ઘરે ગયા અને એક્ટિંગ કરવા માટે 'રોલ' માગ્યો! ...ધ રેસ્ટ ઈઝ હિસ્ટ્રી. બરોબર?

મોટાભાગના ફિલ્મ સ્ટારો પોતાના પિતાજી વિશે બહું સારું સારું બોલતા હોય છે, પરંતુ જાણીતા સ્ક્રીપ્ટ રાઈટર કમ શાયર જાવેદ અખ્તરને પિતાજી સાથે ફિલ્મી ભાષામાં કહીએ તો 'છત્તીસ કા આંકડા' હતો! આ વિશે એ જાહેરમાં પણ ખાસ્સું કહી ચૂક્યા છે. વાસ્તવિકતા એ હતી કે જાવેદ અખ્તરના પિતા જે હિન્દી ફિલ્મોમાં 'જાં નિસાર અખ્તર' નામે ગીતકાર તરીકે મશહૂર હતા. એમના માટે જાવેદ અખ્તરને બાળપણથી ભારોભાર નફરત હતી! કારણ એ હતું કે ગ્વાલિયરથી મુંબઈ જતા રહ્યા પછી એમણે એમની પત્નીને કદી કોઈ પૈસા મોકલ્યા જ નહીં! એટલું જ નહીં, જાવેદ જાણતા હતા કે એ મુંબઈમાં કોઈ બીજી સાથે રહેતા હતા! જાવેદનાં અમ્મીજાન આ બધું જાણવા છતાં એ બાબતે ચૂપ રહેતાં હતાં. એ સંઘર્ષમાં જાવેદની માતાને કૅન્સરની બીમારી લાગુ પડી. આવા સમયે પણ અબ્બુજાન તરફથી કોઈ સહાય કે સાંત્વન મળ્યું નહીં. માતાનાં મૃત્યુ પછી જાવેદનો ઉછેર એમના નાનાજીને ત્યાં થયો...

છેવટે જ્યારે ખુદ જાવેદ અખ્તર પોતાનું નસીબ અજમાવવા મુંબઈ આવ્યા ત્યારે ધરાર પોતાના પિતાજીને ઘરે ગયા નહોતા! એ દિવસોમાં તે જાણીતા ફિલ્મ શાયર સાહિર લુધિયાનવીને ઘરે રહ્યા હતા. જોવાની વાત એ હતી કે સાહિર અને જાં નિસાર મિત્રો હતા! સાહિર સાહેબે બાપ-દીકરાના સંબંધો સુધારવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા, પણ જાવેદ અખ્તર સતત દૂર જ રહ્યા.

અંગ્રેજીમાં 'ગોડફાધર'નામનો શબ્દ છે. એ અર્થમાં સાહિર લુધિયાનવી જાવેદ અખ્તરના ગોડફાધર હતા. ૧૯૭૬માં જાં નિસાર અખ્તરનું નિધન થયું ત્યારે જાવેદ અખ્તરના શું પ્રતિભાવ હતા તેની તો ખબર નથી, પરંતુ સાહિર સાહેબ ૧૯૮૦માં ગુજરી ગયા એનાં વરસો પછી જાવેદ સાહેબે એક નાનકડી શ્રદ્ધાંજલિ રૂપે ખૂબ જ ઈમોશનલ પિસ લખ્યો હતોઃ

'દો સૌ રૂપયે...'

એમાં યાદગીરી હતી સો સો રૂપિયાની બે નોટની, જે સાહિર સાહેબે જાવેદને, અને તકલીફના દિવસોમાં આપ્યા હતા એ પણ હાથમાં નહીં, ત્યાં એમના ઘરમાં એક ટેબલ પર પડ્યા હતા તેને ઈશારાથી લઈ લેવા કહ્યું હતું. જુવાનને શરમિંદા ન થવું પડે એટલા ખાતર!

પછી તો જાવેદ સાહેબ સમૃદ્ધ થયા છતાં મજાકમાં કહેતા 'આપ કે દો સૌ રૂપયે મેરે પાસ હૈં, મગર મેં દુંગા નહીં...' આ મજાક વરસો સુધી ચાલતી રહી, પરંતુ એનો છેડો સાવ અલગ રીતે આવ્યો.

જ્યારે સાહિર લુધિયાનવી ગુજરી ગયા ત્યારે જાવેદ અખ્તર ખૂબ જ ઉદાસ હતા. કબ્રસ્તાનમાં એ છેક છેલ્લે સુધી ગુમસુમ બેસી રહ્યા હતા. આખરે જ્યારે જવા માટે નીકળ્યા ત્યારે સાહિરના એક દોસ્ત અશફાક ભાઈએ કહ્યું : 'આપ કે પાસ કુછ રૂપયે પડે હૈં? કબ્ર બનાનેવાલે કો દેને હૈં... મૈં જલ્દબાજી મેં ઐસે હી ઘર સે નિકલ આયા થા.'


જાવેદ સાહેબ લખે છેઃ 'મૈંને પૂછા, કિતને દેને હૈ?' ઉન્હોંને કહાઃ 'દો સૌ રૂપયે!' ■

## ફિલ્મનામા

નરેશ શાહ

# મહેશ ભટ્ટ - સંજય દત્ત

## દિલ હૈ કી માનતા નહીં!



**'સંજય દત્ત** શારીરિક ભલે મોટો થઈ ગયો, પરંતુ મારું માનવું છે કે બાર-તેર વરસની ઉંમરે જ એનો માનસિક વિકાસ અટકી ગયો હતો. એ હંમેશાં મારધાડ, ભાઈલોગ અને બંદૂકોની વાત જ કરતો-વિચારતો હતો!'

આ વિધાન છે મુંહફાટ અને બિન્દાસ ગણાતા ફિલ્મ ડિરેકટર મહેશ ભટ્ટનું...

નવી જનરેશનના નોલેજ માટે ટાંકવાનું કે મહેશ ભટ્ટ, સફળ અભિનેત્રી આલિયા ભટ્ટના પિતા છે. ફિલ્મ ડિરેકશનના ક્ષેત્રથી હવે એ રિટાયર થઈ ગયા છે, પણ મહેશ ભટ્ટના સ્ટેટમેન્ટ ('આઈએમ બાસ્ટર્ડ')ની જેમ એમની ઘણી ખરી ફિલ્મ્સ (અર્થ, કાશ, સર, ગુમરાહ) પણ ચર્ચાસ્પદ અને રસપ્રદ રહી છે.

એક જમાનામાં જે. કૃષ્ણમૂર્તિના ચેલા તેમ જ હિન્દી ભાષી અગ્રણી અખબારની સિનેમા પૂર્તિના સંપાદક પણ રહી ચૂકેલા મહેશ ભટ્ટ બોલવામાં જેટલા બેધડક છે એવા જ લખવામાં પણ છે તેનો પુરાવો એમનું પુસ્તક 'જાગી રાતો કે સપને' છે. આ પુસ્તકમાં એમના વિચારો બેબાક અને બેખૌફ તરીકેથી શબ્દસ્થ થયા છે. ખાસ કરીને સંજય દત્તનો પગ જ્યારે ક્રાઈમના કુંડાળામાં પડી ગયો ત્યારે મહેશ ભટ્ટે લખેલું કે, હું નથી માનતો કે સંજય દત્તના પાલનપોષણમાં એનાં માતાપિતાએ ધ્યાન નહોતું આપ્યું... સવાલ એ છે કે આપણા આજના ગુનાહ માટે આપણે ક્યાં સુધી (આપણાં જ) માતા-પિતાને જવાબદાર ઠેરવતાં રહીશું?'

સંજય દત્તને લોન્ચ કરતી ફિલ્મ 'રોકી' (૧૯૭૬) બની રહી હતી ત્યારે સંજય દત્તની હીરોઈન ટીના મુનિમ સાથે મહેશ ભટ્ટ 'અબ મેરી બારી હૈ' નામની ફિલ્મ બનાવી રહ્યા હતા. એ ફિલ્મ તો ક્યારેય બની નહીં. સંજય દત્તને મહેશ ભટ્ટ પહેલી વખત મહેબુબ સ્ટુડિયોમાં મળેલા. મહેશ ભટ્ટની જ ફિલ્મ 'લહૂ કે દો રંગ'નો પ્રિવ્યુ જોઈને સંજય દત્તે તેની પ્રશંસા મહેશ ભટ્ટ પાસે કરેલી. એ પછી 'નામ' ફિલ્મ (૧૯૮૬)નું પ્લાનિંગ થઈ રહ્યું હતું ત્યારે રોબિન ભટ્ટે કુમાર ગૌરવ અને સંજય દત્તને લેવાનું સજેશન મૂક્યું. જોકે પુત્ર માટે નિર્માતા બનવા તૈયાર થયેલા અભિનેતા રાજેન્દ્રકુમાર નહોતા ઇચ્છતા કે પુત્ર એવી ફિલ્મ કરે, જેમાં બે હીરો હોય! જોકે કુમાર ગૌરવના સમજાવવાથી રાજેન્દ્રકુમાર તૈયાર થયા, પણ...

'નામ'થી સૌથી વધુ ફાયદો સંજય દત્તને થયો! 'નામ' ફિલ્મના શૂટિંગ પહેલાં જ સંજય દત્ત ડ્રગ્સ છોડવા માટે રિહેબ સેન્ટરમાં જઈ આવ્યો હતો અને 'નામ' વખતે ખૂબ જ ગંભીરતાથી એ કામ કરતો હતો એવું મહેશ ભટ્ટે નોંધ્યું હતું. 'નામ'ની સફળતાથી સંજય દત્ત મહેશ સરનાં કામથી ખુશ થઈ ગયો હતો. એ પછી તો 'કબજા' અને 'સડક' પણ મહેશ ભટ્ટે તેની સાથે બનાવી. એ વખતે મહેશ ભટ્ટ (સડક ઉપરાંત) 'દિલ હૈ કી માનતા નહીં' (આમિર ખાન - પૂજા ભટ્ટ) ફિલ્મ બનાવી રહ્યા હતા. આ દરમિયાન સંજય દત્તે એક દિવસ ટોણો મારતાં મહેશ ભટ્ટને કહેલું કે, 'તમે ભલે દિલ હૈ કી...'માં વધુ ધ્યાન આપો, પણ સુપરહિટ તો 'સડક' જ થશે!'

'થયું પણ એવું જ!' મહેશ ભટ્ટ લખે છે કે, 'દિલ હૈ કી... કરતાં મારી 'સડક' ફિલ્મે દસ ગણો બિઝનેસ કર્યો હતો. આ જ અરસામાં મહેશ ભટ્ટને બેફામ દારૂની લત લાગી ગયેલી, જે છોડવા માટે સંજય દત્ત સતત એમને કહ્યા કરતો. સંજય દત્તના સતત કહેવાથી અને દીકરી આલિયાના જન્મ પછી મહેશ ભટ્ટે શરાબ છોડી પણ દીધો હતો, પરંતુ... 'ગુમરાહ' ફિલ્મના શૂટિંગ વખતે જ મહેશ ભટ્ટને ખ્યાલ આવી ગયો કે સંજયે ફરી શરાબ પીવાનું શરૂ કરી દીધું છે. એમણે સંજયને ચેતવ્યો અને ધમકી પણ આપી કે હું સુનિલ દત્તસાહેબને કહી દઈશ... સંજય દત્તે વિફરીને કહ્યું કે - 'તો આપણી વચ્ચે ઝઘડો થઈ જશે!'

'હું સંજય ગુપ્તા નથી કે તારી વાતોમાં હા કર્યા કરું, સંજુ!'

એ વખતે મહેશ ભટ્ટે સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપી દીધોઃ 'મારી સાથે કામ કરવું હોય તો કર, નહીંતર છોડ!'

ખેર, 'ગુમરાહ' પછી 'કારતૂસ' ફિલ્મ વખતે બધું પહેલાં જેવું જ થઈ ગયું હતું. સંજય દત્ત વિશે મહેશ ભટ્ટ લખે છે કે, 'એણે નિર્માતા ફિરોઝ નડિયાદવાલાને ખૂબ હેરાન કરેલા અને 'કારતૂસ' ફિલ્મ કેવી રીતે પૂરી કરી, એ મારું મન જ જાણે છે!'

બેશક, 'કારતૂસ' વખતે સંજય દત્ત જામીન પર છૂટેલો હતો, કારણ કે એ. કે. ૪૭ રાખવાના ગુના સબબ ૧૯૯૨ના બૉમ્બબ્લાસ્ટ પછી ('આતિશ' ફિલ્મના શૂટિંગ પરથી પાછા ફરેલા) સંજય દત્તની ઍરપૉર્ટ પરથી ધરપકડ થઈ હતી.

મહેશ ભટ્ટ સાથે સંજયે પાંચ ફિલ્મ કરી હતી. (સડક-૨ ફિલ્મ ૨૦૨૦માં વીસેક વરસ પછી કરેલી) પરંતુ મહેશ ભટ્ટે એના વિશે ૨૦૦૨માં જ લખેલું કે, 'હું એ વાત સાથે જરા પણ સહમત નથી કે એ (સંજય દત્ત) અપરાધી છે. સંજય વધુમાં વધુ કોઈની બદબોઈ કરી શકે છે. પીઠ પાછળ બૂરું બોલી શકે છે અથવા ગાળો દઈ શકે છે.હું માનું છું કે એની વિચારધારા અપરાધિક છે મગર વહ એક બચ્ચે કી તરહ નિર્દોષ હૈ!' ■

આજની ટૂંકી વાર્તા
નિખિલ મહેતા

# અંતરાત્મા



બાની તબિયત વધુ પડતી બગડી ગઈ હોવાના સમાચાર મળ્યા ત્યારે જ અક્ષય ચિંતિત થઈ ગયો હતો. એમાં જીનેશે કહ્યું કે 'ભાઈ, તમે આવી જાઓ તો સારું, કારણ કે ડૉક્ટરો કહે છે કે હવે વધુ સમય નથી.' અક્ષય લગભગ ભાંગી પડ્યો હતો. જોકે પત્ની સીમા અને ગુરુજીએ એને સંભાળી લીધો. અક્ષય થોડો સ્વસ્થ રહી શક્યો, પણ અંદરની વ્યથા જતી નહોતી. દર વખતે સીમાની વાતમાં આસાનીથી નમતું જોખી લેતા અક્ષયે આ વખતે જીદ પકડી હતી.

'આ વખતે મારું મન માનતું નથી.' અક્ષયે કહ્યું હતું. 'મુંબઈ જવું જ પડશે.'

'તું ખોટી ચિંતા કરે છે,' સીમાએ તેને સમજાવતાં કહ્યું હતું. 'પહેલાં પણ બા કેટલીય વાર બીમાર પડ્યાં છે અને પછી સાજાં થઈ જાય છે. બિલીવ મી, એમની જિજીવિષા બહુ જ સ્ટ્રોંગ છે.'

'પણ જીનેશ ચોખ્ખું કહે છે કે ડૉક્ટરોએ આશા છોડી દીધી છે', અક્ષયે મક્કમ બનીને કહ્યું, 'તું સમજતી કેમ નથી? જો, તારે આવવું હોય તો આવ, નહીં તો હું એકલો જઈશ.'

'અરે અરે, તું આવું કેમ બોલે છે,' સીમાએ અચાનક સૂર બદલી નાખતાં કહ્યું, 'મેં તને ક્યારેય એકલો મૂક્યો છે? ડોન્ટ વરી, હું તારી સાથે આવીશ.' બન્નેએ મુંબઈ જવાની તૈયાર શરૂ કરી દીધી. અક્ષયે બિઝનેસને લગતાં કામો આટોપી લીધાં. સીમાએ તો પોતે ઘણા પ્રોગ્રામો રદ કરવા પડ્યા એનો અફસોસ વ્યક્ત કર્યો. અક્ષયે એની વાત પર ધ્યાન ન આપ્યું. અક્ષયની નારાજગી દૂર કરવા સીમાએ નવો આઈડિયા અજમાવ્યો.

'અક્ષય, આપણે ગુરુજીને સાથે લઈ જઈએ તો?' સીમાએ કહ્યું, 'શક્ય છે, ગુરુજીના દિવ્ય સ્પર્શથી બા બીમારીમાંથી બેઠાં થઈ જાય.'

'હેં?' અક્ષય બોલી પડ્યો, 'પણ ગુરુજી આપણી સાથે મુંબઈ આવશે?'

'આપણે આગ્રહ કરીશું તો જરૂર આવશે,' સીમાએ કહ્યું, 'હું આજે સાંજે ગુરુજીને મળવાની છું. જો તેઓ હા પાડે તો આવતી કાલે જ આપણી નીકળી જઈશું.'

અને ખરેખર ગુરુજીએ તેમની સાથે આવવાની હા પાડી દીધી. સીમા અને અક્ષય બન્નેના મનનું સમાધાન થઈ ગયું. સીમા જાણતી હતી કે દિયર - દેરાણીના ઘરમાં તેનું કોઈ માન નહોતું. બા સાથે પણ ક્યારેય તેને જામ્યું ન હતું. આથી તો તેને ક્યારેય મુંબઈ જવું ગમતું નહોતું. પણ તેની મુલાકાતને એક નવો રંગ મળ્યો હતો. તે ગુરુજીને સાથ લઈ જવાની હતી અને એ રીતે તેનો વટ પડી જવાનો હતો. આખરે ગુરુજીનું નામ દેશભરમાં પ્રસિદ્ધ છે. મુંબઈમાં પણ ગુરુજીના અનેક ભક્તો છે.

ગુરુજીના દિવ્ય સ્પર્શથી બાની તબિયત સુધરી જશે એ વાત પર અક્ષયને એટલો વિશ્વાસ નહોતો, પરંતુ બા પ્રત્યેની લાગણીને કારણે તે આશાવાદી બની ગયો હતો. તેણે એમ પણ વિચાર્યું કે જો બાને બચાવી શકાય એમ નહીં હોય તો પણ ગુરુજીના આશીર્વાદને કારણે બાનું મૃત્યુ સુધરી જશે. ગુરુજીની આધ્યાત્મિક શક્તિઓથી તે અને સીમા બન્ને પ્રભાવિત હતા. સીમા તો ગુરુજીમાં ઓતપ્રોત થઈ ગઈ હતી.

બાય રોડ સુરતથી મુંબઈ એટલે લગભગ પાંચ કલાકની મુસાફરી, પણ અક્ષયને ખબર હતી કે આ મુસાફરી તેને બહુ ભારે પડવાની છે. સાથે સીમા અને ગુરુજી હતાં, પણ અંદરથી તે સાવ એકલો હતો. આ વખતે કોણ જાણે, પણ બાની માંદગીએ તેને ડરાવી દીધો હતો. આમ તો ચાર વર્ષથી તે મુંબઈ છોડીને સુરત આવીને સેટલ થઈ ગયો હતો. ભાઈ-ભાભી, એમનો દીકરો અને બા મુંબઈમાં સુખેથી રહેતાં હતાં. અક્ષયનો પોતાનો હીરાનો વેપાર બહુ વધી ગયો હતો અને સામાજિક - આર્થિક રીતે બહુ આગળ નીકળી ગયો હતો. તેનો નાનો ભાઈ જીનેશ પોતાની પ્રાઈવેટ નોકરીમાં ખુશ હતો. પણ બા? અચાનક જ અક્ષયને સીમા પર ગુસ્સો આવ્યો. તેણે તો ક્યારેય બા સાથે પ્રેમથી વાત કરી નહોતી, પણ તેના કારણે પોતે પણ બા સાથે ક્યારેક ખરાબ વર્તન કરી નાખ્યું હતું. બા જ શા માટે? જીનેશ સાથે પણ તેણે બહુ મોટો અન્યાય કર્યો હતો. જોકે એ સમય જુદો હતો. એ સમયે અક્ષય આર્થિક ભીંસમાં હતો. મોટા દેવામાં ડૂબી ગયો હતો અને એમાંથી નીકળવા માટે બનાવટી દસ્તાવેજો તૈયાર કરાવવા પડ્યા હતા. ઓહ, કેટલો મોટો દગો.

ડ્રાઈવરે કાર બરોબર ચેક કરી લીધી. ડ્રાઈવરની બાજુમાં અક્ષય બેઠો. પાછળ સીમા અને ગુરુજી. કારનું એસી બંધ કરીને બારીઓ ખોલી નાખવામાં આવી. હંમેશાંની જેમ સીમાએ ડ્રાઈવરને કાર સ્ટાર્ટ કરવાનો આદેશ આપ્યો. કારમાં હવાની લહેરખી પસાર થઈ ગઈ. અક્ષયની સામે ભૂતકાળની યાદો પસાર થવા માંડી.

એ રાત્રે અક્ષયે બહુ જ દારૂ ઢીંચ્યો હતો. ઘરે પહોંચીને સીમાના ખોળામાં માથું રાખીને તે રડી રહ્યો હતો. તેણે બહુ જ ખોટું કર્યું હતું. જીનેશ કે અક્ષય સાથે અને બા સાથે બહુ મોટો દગો કર્યો હતો. અરે, બાપુજીના આત્માને પણ દૂભવ્યો હતો. પરિવારનો સહિયારો વાલકેશ્વરનો ફ્લેટ કાઢીને બન્ને ભાઈઓ માટે બે નાના ફ્લેટ લેવાનું નક્કી થયું હતું. અક્ષયને એક ફ્લેટથી સંતોષ થાય એમ નહોતું. તેના માથા પર મોટું દેવું ચડી ગયું હતું. પંદર જ દિવસમાં હીરાબજારની બે પાર્ટીઓ ઊઠી ગઈ એનાથી તેને બહુ મોટું નુકસાન થયું હતું. અક્ષયે ધાર્યું હોત તો તે પણ હાથ ઊંચા કરી શક્યો હોત, પણ તેણે એમ ન કર્યું, કારણ કે તે મહત્ત્વાકાંક્ષી હતો. તે હીરાબજારમાં રહીને જ પૈસા અને નામ કમાવા માગતો હતો. અનેક મહત્ત્વાકાંક્ષી માણસોની જેમ તેણે પણ ઘરના લોકોનો જ ભોગ લીધો. વાલકેશ્વરના ફ્લેટ પર બાપુજીએ કરજ લીધું હતું એવા બનાવટી દસ્તાવેજો અક્ષયે તૈયાર કરાવ્યા હતા. બા અને જીનેશે તેની વાત પર કોઈ જ શંકા નહોતી કરી. બાપુજીના કરજના નામે જે પૈસા આવ્યા તે તેણે લેણદારોને ચૂકવી દીધા અને આબરૂ જાળવી રાખી. આ ખોટું કામ કરતાં તો કરી નાખ્યું, પણ અંદરથી તે વ્યથિત થઈ ગયો હતો. એ રાત્રે પોતાની મજબૂરી પર તે રડ્યો હતો અને આત્મજનો સાથે દગો કર્યો એ વાત પર તે રડ્યો હતો. ત્યાર પછી તો જાણે ખરાબ કર્મોનું સારું ફળ મળ્યું હોય એમ અક્ષયનો ધંધો કૂદકે ને ભૂસકે આગળ વધવા માંડ્યો. મુંબઈ અને સુરત વચ્ચેની અવરજવર વધી ગઈ. આખરે સીમાના કહેવાથી મુંબઈનો નાનો ફ્લેટ કાઢીને સુરતમાં જ મોટો ફ્લેટ લઈ લીધો અને ત્યાં સેટલ થઈ ગયો. હવે ધંધાના કામસર મુંબઈ આવવું પડે તો તે હોટેલમાં ઊતરતો. જીનેશ તથા બાને એવું બહાનું આપતો કે પાર્ટી સાથે હોય એટલે હોટેલમાં રહેવું પડે. બા, જીનેશ અને તેના પરિવાર સાથેનું ભૌગોલિક અંતર વધ્યું એ સાથે જ આત્મીય અંતર પણ વધી ગયું.

આ જ સમય દરમિયાન સીમા ગુરુજીના પરિચયમાં આવી. શરૂઆતમાં અક્ષયને ગુરુજીએ ખાસ પ્રભાવિત નહોતો કર્યો, પરંતુ ધીમે ધીમે નવા જમાનાના સંત તરીકે ગુરુજીએ પોતાનું સ્થાન જમાવી દીધું હતું. પોતાના ભાઈ સાથે દગો કર્યો એ વાતનો પોતાને રંજ હોવાની કબૂલાત એક વાર તેણે ગુરુજી સમક્ષ કરી.

'દીકરા તને ખબર છે, આ વિશ્વમાં ખરાબ કર્મ કરતાં પણ વધુ ખરાબ શું છે?'

ગુરુજીએ પોતાના પ્રભાવશાળી અવાજમાં કહ્યું, 'ગુનાહિત લાગણી. ગિલ્ટ. જો તું ગિલ્ટને મારી નહીં નાખે તો ગિલ્ટ તને મારી નાખશે.'

'પણ ગુરુજી મેં મારા સગ્ગા ભાઈ સાથે દગો કર્યો,' અક્ષયે કહ્યું, 'મેં અપ્રામાણિકતાથી તેના પૈસા પડાવી લીધા.'

'આ કર્મ તારી પાસે કોણે કરાવ્યું?' ગુરુજીએ દલીલ ચાલુ રાખતા કહ્યું.

'તને કુબુદ્ધિ સૂઝી એ ક્ષણનો માલિક કોણ?'

અક્ષય સ્તબ્ધ બની ગયો અને ચૂપ થઈ ગયો.

'ભૂતકાળ એ મૃત્યુ છે અને માનસિક બોજ એ મૃત્યુનો પડછાયો છે,' ગુરુજીએ તેના માથા પર વહાલથી હાથ મૂકીને કહ્યું, 'સૂર્ય તરફ મીટ માંડ અને જીવનનો ઉત્સવ મનાવ. તારી ઊર્જા એ જ તારું ભવિષ્ય છે.'

ગુરુજીની વાણીએ અક્ષયને ખરેખર પ્રભાવિત કર્યો હતો અને તે જાણે ગુનાહિત લાગણીમાંથી મુક્ત થઈ રહ્યો હોય એવું તેને લાગ્યું. અંદરથી તેણે રાહત અનુભવી. ગુરુજીએ તેને કોઈક બંધનમાંથી મુક્ત કર્યો હોય એવું લાગ્યું. બસ, ત્યાર પછી તો જ્યારે પણ મનમાં કોઈ દ્વિધા પેદા થાય ત્યારે તે ગુરુજીની સલાહ લેવા પહોંચી જતો અને ગુરુજી તેને માનસિક વિમાસણમાંથી મુક્તિ અપાવતા. ગુરુજી ખરેખર નવા જમાનાના સંત હતા. તેઓ પોતાના અનુયાયીઓની તકલીફોને બરોબર સમજતા હતા અને તેને અસરકારક રીતે દૂર કરતા હતા.

ગુરુજીના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી અક્ષય એકદમ હોશિયાર બની ગયો. આ દુનિયા સાથે નીપટવા માટે જે ચતુરાઈ જોઈએ એ તેનામાં આવી ગઈ. ગિલ્ટથી તે મુક્ત થઈ ગયો હતો. કોઈ પણ વાતમાં મક્કમ બનીને ના પાડવાની હિંમત તેનામાં આવી ગઈ હતી. થોડા સમય પહેલાં જીનેશને પોતાના પુત્રના એડમિશન માટે પૈસાની જરૂર પડી હતી અને તેણે બે લાખની મદદ માગી હતી, પણ એ જ સમય દરમિયાન સીમાએ યુરોપની ટૂર પ્લાન કરી હતી. કોઈ પણ પ્રકારના સંકોચ કે ગિલ્ટ વિના અક્ષયે જીનેશને મદદ કરવાની ના પાડી હતી. અલબત્ત, એક ચતુરાઈભર્યું બહાનું બતાવીને. એક વાર તે મુંબઈ ગયો ત્યારે બાએ મહેણું મારતાં કહ્યું હતું, 'કેમ ભાઈ, બહુ મોટો માણસ બની ગયો છે?'

બહુ મોટો માણસ.

અક્ષયને એક ઝાટકો લાગ્યો અને તે તંદ્રામાંથી જાગી ગયો. કાર અચાનક ઊભી રહી. પાછળથી એક ટ્રકે કારને ઓવરટેક કરીને થોડે આગળ જઈ અચાનક બ્રેક મારી. સીમાના મોઢામાંથી એક હળવી ચીસ નીકળી ગઈ. ગુરુજી ધ્યાનમાં મગ્ન હતા.

'કોઈ અનાડી લાગે છે,' ડ્રાઈવરે કહ્યું, 'જરાકમાં બચી ગયા.'

કોઈ કશું બોલ્યું નહીં. આમ પણ મુંબઈ આવવાની તૈયારી હતી.

ગુરુજી જ્યારે પણ મુંબઈ આવતા ત્યારે જુહુમાં રહેતા તેમના એક ખાસ ભક્તના બંગલામાં જ ઉતારો કરતા. આ વખતે પણ તેઓ ત્યાં ગયા અને સીમા પણ તેમની સાથે જ ગઈ. બીજા દિવસે સવારે ગુરુજી બાને આશીર્વાદ આપવા હોસ્પિટલ આવશે એવું નક્કી થયું. અક્ષય પોતાના ભાઈ જીનેશના ઘરે આવ્યો. ઘરમાં વાતાવરણ ઉદાસીભર્યું હતું.

'બાને કેમ છે?' અક્ષયે ઉતાવળા બનતાં પૂછ્યું. તેના હૃદયમાં સચ્ચાઈ હતી, પરંતુ આટલાં વર્ષોના ફરેબને લીધે તેનો અવાજ બોદો લાગતો હતો. જીનેશે થોડી વાર કોઈ જવાબ ન આપ્યો અને પછી બોલ્યો, 'તમે ફ્રેશ થઈ જાઓ, પછી આપણે હોસ્પિટલ જઈએ.'

હોસ્પિટલની દોડધામમાં અક્ષયને મૂંઝવણ શરૂ થઈ. જીનેશ સાથે હતો, પરંતુ અંદરથી તે ડર અનુભવવા લાગ્યો. બાના વોર્ડમાં પહોંચ્યા ત્યારે જીનેશની પત્ની એક-બે નર્સો સાથે ધીમા અવાજે વાત કરી રહી હતી.

'અચ્છા હુઆ આપ લોગ આ ગયે.' એક નર્સે કહ્યું, 'પેશન્ટ કો અભી આઈસીયુ સે બાહર લા રહે હૈ.'

'એટલે?' જીનેશે પૂછ્યું અને પછી અક્ષય સામે જોયું. બન્ને ભાઈઓ એકબીજાને ભેટ્યા. થોડી જ વારમાં સ્ટ્રેચર પર સૂતેલાં બાને વોર્ડમાં લાવવામાં આવ્યાં. તેમના બેડ પર ગોઠવવામાં આવ્યાં. અમુક નળીઓ કાઢવામાં આવી અને બીજી કેટલીક નળીઓ ભરાવવામાં આવી.

જીનેશ બાની નજીક ગયો. તેને આશ્ચર્ય થયું. બા ભાનમાં હતાં.

'બા, જુઓ, ભાઈ આવ્યા છે,' જીનેશ બોલ્યો. અક્ષય પણ નજીક સરક્યો. બન્ને ભાઈઓ બા તરફ ઝૂક્યા. બાએ હાથ ઊંચક્યો અને વારાફરતી બન્નેનાં માથાં પર હાથ મૂક્યો. પછી તરત જ બાનો હાથ નીચે પડી ગયો.

'પ્લીઝ હટીએ, પેશન્ટ કો આરામ કરને દો,' તરત નર્સે આવીને બન્ને ભાઈઓને ત્યાંથી દૂર હટાવ્યા. બાને એક ઈન્જેક્શન આપ્યું અને સૂવડાવી દીધાં.

જીનેશની પત્ની ઘરે ગઈ એ પછી બન્ને ભાઈઓ એકલા પડ્યા.

'જીનેશ, એક વાત તેં નોટ કરી?' અક્ષયે કહ્યું, 'બાએ મને આશીર્વાદ ન આપ્યા.'

'ના ભાઈ, તમે એવું કેમ બોલો છો?' જીનેશે કહ્યું, 'બાએ આપણા બન્નેનાં માથાં પર હાથ મૂક્યો હતો.'

'ના જીનેશ, મારું બરોબર ધ્યાન હતું,' અક્ષયે રડમસ બની જતાં કહ્યું.

'બાએ મને આશીર્વાદ ન આપ્યા. બા મારાથી નારાજ છે. મને આશીર્વાદ ન આપ્યા.'

'ભાઈ તમે કેવી વાત કરો છો?' જીનેશે કહ્યું, 'બા તમારાથી શા માટે નારાજ થાય?'

'તો પછી મને આશીર્વાદ કેમ ન આપ્યા?' અક્ષય મક્કમતાથી બોલ્યો,

'કોઈ વાંધો નહીં, બા ભાનમાં આવશે ત્યારે ફરી હું તેમની પાસે જઈશ અને આશીર્વાદ માગીશ.'

બા પછી ભાનમાં ક્યારેય ન આવ્યાં. નર્સે જીનેશ અને અક્ષયને બાના મૃત્યુના દુઃખદ સમાચાર આપ્યા. બન્ને ભાઈઓ એકબીજાને ભેટીને રડ્યા. સગાં-સંબંધીઓને સમાચાર મોકલવાનું શરૂ થયું. જીનેશે બાના મૃતદેહને ઘરે લઈ જવાની તૈયારીઓ કરી. અમુક સગાંવહાલાં હોસ્પિટલમાં આવી પહોંચ્યા. અક્ષય એકદમ ગૂમસૂમ થઈ ગયો હતો. તેની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં અને તેનું મન અશાંત હતું. રાત્રે સીમાનો ફોન આવ્યો, બાના ખબર પૂછવા માટે. અક્ષય ભાંગી પડ્યો. ફોન પર તે પોક મૂકીને રડી પડ્યો.

'સીમા, બાએ મને આશીર્વાદ ન આપ્યા. બાએ મને આશીર્વાદ ન આપ્યા...'

અક્ષયનો અવાજ આખી હોસ્પિટલમાં ગાજવા લાગ્યો. જીનેશે તેને શાંત કરવાનો પ્રયાસ કર્યો. હોસ્પિટલના કર્મચારીઓએ આવીને ધીમી ચેતવણી આપી. અક્ષયને માંડ માંડ શાંત પાડવામાં આવ્યો. બાના મૃતદેહને ઘરે લઈ જવામાં આવ્યો. બીજા દિવસે સવારે જ અંતિમક્રિયા કરવાનું નક્કી થયું. બીજા દિવસે બપોર સુધી અંતિમક્રિયા અને વિધિઓ ચાલી. અક્ષય ગૂમસૂમ થઈને બેઠો રહ્યો. કોઈ જ વિધિમાં તેણે ભાગ ન લીધો. કોઈ કંઈ પૂછે તો એનો જવાબ પણ નહોતો આપતો. અંતિમક્રિયા માટે સીમા આવી પહોંચી હતી, ગુરુજી કોઈક બહાનું બતાવીને ન આવ્યા. સીમાએ અક્ષય સાથે વાત કરવાની કોશિશ કરી પણ કંઈ ન વળ્યું. તે ફક્ત એક જ રટણ કરતો હતો... બાએ મને આશીર્વાદ ન આપ્યા... સીમાને ડર લાગી રહ્યો હતો.

મોડી સાંજે અક્ષય, સીમા અને ગુરુજી સુરત પાછા જવા રવાના થયાં. ક્યાંય સુધી ત્રણેય કારમાં ચૂપચાપ બેઠાં રહ્યાં. હાઈ-વેનો શાંત પ્રદેશ શરૂ થયો ત્યારે અક્ષય બોલ્યો, 'ગુરુજી, બાએ મને આશીર્વાદ કેમ ન આપ્યા?'

સીમાએ ગુરુજી તરફ જોયું. ગુરુજીએ કોઈ જવાબ ન આપ્યો. અક્ષયે ફરીથી એ જ પ્રશ્ન કર્યો. ગુરુજીએ પોતાની આંખો બંધ કરી અને પછી થોડા આગળ નમીને અક્ષયના માથા પર હાથ મૂક્યો.

'તું જરાય ચિંતા ન કર,' સીમાએ અક્ષયને સંબોધીને ધ્રૂજતા અવાજે કહ્યું,

'ગુરુજીના આશીર્વાદ આપણી સાથે જ છે.' ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ
funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मधुमती | ડિમ્પલ કાપડિયા |
| चोरी चोरी | કરીના કપૂર |
| बोबी | વૈજયંતિમાલા |
| लम्हे | નરગીસ |
| जब वि मेट | શ્રીદેવી |

### ઓળખાણ પડી?

પ્રેમકથા ધરાવતી શબાના આઝમી - નસીરુદ્દીન શાહના લીડ રોલવાળી મહિલા દિગ્દર્શકની ફિલ્મની ઓળખાણ પડી?



અ) અંકુર  બ) સ્પર્શ  ક) અર્થ  ડ) મંડી

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | શ્વ | ૨ સ | ૩ ની | ય | | ૪ બ | ળ | ૫ વા | ૬ ન |
| વિ | | ૭ રા | જ | | ૮ પ | | | ૯ ર | વ |
| ૧૦ ધ | ૧૧ મ | ણ | | ૧૨ વી | ર્ય | વા | ૧૩ ન | | ત |
| ૧૪ તા | ત | | ૧૫ વી | | ટ | | ૧૬ ડ | ૧૭ કા | ર |
| | ૧૮ દા | ક્ત | ર | | ૧૯ ન | ૨૦ હીં | ત | ર | |
| ૨૧ ઉ | ર | | | ૨૨ મ | | ૨૩ મ | ર | | ૨૪ મા |
| પ | | | ૨૫ પા | ણી | ૨૬ પ | ત | | ૨૭ મા | ર્ગ |
| ૨૮ લ | ગી | ૨૯ ર | | ૩૦ કા | ર્ય | | ૩૧ ક | મો | દ |
| બ્ધિ | | ૩૨ ગ | ૩૩ પ | | ટ | | મ | | શં |
| | ૩૪ બે | ડો | ળ | | ૩૫ ક | મ | લા | સ | ન |

### શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | ૯ | | | | | ૧૦ | |
| ૧૧ | | | | | ૧૨ | | ૧૩ | | |
| | | ૧૪ | | | ૧૫ | | | | |
| | ૧૬ | | ૧૭ | | | | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | | | | | ૨૧ | | | |
| ૨૨ | | | ૨૩ | | | ૨૪ | | | ૨૫ |
| ૨૬ | | | | | ૨૭ | | | ૨૮ | |
| | | ૨૯ | | ૩૦ | | | ૩૧ | | |
| ૩૨ | | | | | | | ૩૩ | | |

**આડી ચાવી**

૧. હરવાફરવાની જગા (૫)
૫. આકાશ (૪)
૮. મારા પપ્પાના પપ્પાની પુત્રવધૂ (૨)
૯. કક્ષા, સ્તર (૨)
૧૦. ઈજ્જત, શરમ (૨)
૧૧. સમય (૨)
૧૨. એક જાણીતા ઋષિ (૩)
૧૫. ઝીણી કાંકરી (૩)
૧૬. પતંગનો તહેવાર (૫)
૧૮. જમાઈ (૩)
૨૦. અગ્રાહ્ય, ત્યાજ્ય (૪)
૨૨. તિરસ્કારનો ઉદ્ગાર (૨)
૨૩. હંમેશાં (૨)
૨૪. ફટાફટ (૨)
૨૬. તમારા માટે શું ---? (૨)
૨૭. તદ્દન, બિલકુલ, સંપૂર્ણપણે (૨)
૨૮. માન્યતા (૨)
૩૦. વરરાજા --- જાય (૪)
૩૨. હરકતરૂપ (૬)
૩૩. ખેલ, ક્રીડા (૩)

**ઊભી ચાવી**

૧. સમાસ, સમાવવું તે (૪)
૨. હેતથી ભરેલો (૩)
૩. બાકું, નુકસાન, ખોટ (૩)
૪. દરેક (૨)
૫. જરૂરી (૪)
૬. હાર (૨)
૭. પોતાના જ ઘરમાં કેદ (૫)
૧૨. કડવાં વેણ (૩)
૧૩. ફલક, પટલ (૩)
૧૪. જોખમ (૩)
૧૬. અપમાન કરવું, ખોદવું (૪)
૧૭. રાજશાસનની વિદ્યા (૪)
૧૯. ખબર છે એટલી કે --- ની હાકલ પડી છે (૨)
૨૦. અજોડ (૫)
૨૧. ગૂંચવણ, અકળામણ, ઉચાટ (૪)
૨૫. ગુ. નાટકો અંગ્રેજી પર --- હોય (૪)
૨૭. સારાપણું (૩)
૨૯. ક્યારેક અજવાળી, ક્યારેક અંધારી (૨)
૩૦. ગુમડામાંથી નીકળે (૨)
૩૧. ઘા (૨)

### ગુજરાત મોરી મોરી રે

પાંચ વર્ષ પહેલા આવેલી પ્રતીક ગાંધી - દીક્ષા જોશી - શ્રદ્ધા ડાંગરને ચમકાવતી પ્રણય કથા ધરાવતી ફિલ્મનું નામ જણાવો.

અ) તારો થયો  બ) લવની ભવાઈ
ક) ચૂંદડીના સથવારે  ડ) લવની લવસ્ટોરીઝ

### જાણવા જેવું

વિધુ વિનોદ ચોપડાની '૧૯૪૨ અ લવ સ્ટોરી' માટે અનિલ કપૂરે પહેલા ના પાડી હતી કારણ કે લવ સ્ટોરીવાળી ફિલ્મમાં કામ કરવા એ ઉત્સુક નહોતો. તેણે આમિર ખાન અથવા બોબી દેઓલને લેવા માટે કહ્યું હતું, પણ પછી આર. ડી. બર્મનનાં ગીતો સાંભળી કામ કરવા તૈયાર થયો હતો.

### સુડોકુ-૮૦૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૮ | | ૩ | | |
| | | | | | ૩ | | | ૫ |
| | | | | | ૭ | | | ૮ |
| | | ૯ | | | | | ૪ | |
| | ૪ | ૬ | | | | ૯ | ૧ | |
| | ૮ | | | | | ૭ | | |
| ૬ | | | ૧ | | | | | |
| ૩ | | | ૪ | | | | | |
| | | ૪ | | ૫ | | | ૭ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૧૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૮ | ૯ | ૫ | ૬ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૬ | ૯ | ૧ | ૪ | ૩ | ૭ | ૫ | ૮ |
| ૫ | ૪ | ૩ | ૮ | ૭ | ૨ | ૯ | ૬ | ૧ |
| ૬ | ૩ | ૨ | ૫ | ૧ | ૮ | ૪ | ૭ | ૯ |
| ૮ | ૫ | ૪ | ૬ | ૯ | ૭ | ૩ | ૧ | ૨ |
| ૧ | ૯ | ૭ | ૨ | ૩ | ૪ | ૫ | ૮ | ૬ |
| ૪ | ૭ | ૧ | ૩ | ૮ | ૯ | ૬ | ૨ | ૫ |
| ૯ | ૮ | ૬ | ૭ | ૨ | ૫ | ૧ | ૪ | ૩ |
| ૩ | ૨ | ૫ | ૪ | ૬ | ૧ | ૮ | ૯ | ૭ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

મેહબૂબ ખાન દિગ્દર્શિત કઈ ફિલ્મમાં દિલીપકુમાર - નરગીસ અને રાજ કપૂરનો પ્રણય ત્રિકોણ ધરાવતી કથા હતી એ જણાવો.

અ) મધર ઈન્ડિયા  બ) અંદાજ  ક) આન  ડ) તીસરા કૌન

### નોંધી રાખો

'હમને દેખી હૈ ઉન આંખોં કી મહકતી ખુશ્બુ, હાથ સે છૂ કે ઈસે રિશ્તો કા ઈલ્ઝામ ના દો, પ્યાર કો પ્યાર હી રહને દો કોઈ નામ ના દો.'

### માઈન્ડ ગેમ

ઈટલીના નયનરમ્ય લોકશન્સ પર ફિલ્માંકન થયું હતું એ ઓડ્રિ હેપબર્ન અને ગ્રેગરી પેકની મજેદાર લવ સ્ટોરીનું નામ કહી શકશો?

A) Titanic  b) Roman Holiday
c) Falling in Love  d) Casablanca

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| तश्तरी | છીબું |
| पतीली | તપેલી |
| धागा | દોરો |
| बोरा | કોથળો |
| कुंजी | ચાવી |

ઓળખાણ પડી?
શ્રીરામ લાગુ

માઈન્ડ ગેમ
Sleeping with Enemy

ગુજરાત મોરી મોરી રે
સાજણ તારા સંભારણાં

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
નન્હા ફરિશ્તા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ધીરેન્દ્ર ઉદેશી (૩) ગીતા ઉદેશી (૪) પ્રતીમા પમાણી (૫) સુરેખા દેસાઈ (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) ખુશરૂ કાપડિયા (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) નંદકિશોર સંજાણવાળા (૧૨) લજિતા ખોના (૧૩) મીનળ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) અશોક સંઘવી (૧૮) પુષ્પા પટેલ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) ડૉ. પ્રકાશ કટકિયા (૨૩) ભારતી પ્રકાશ કટકિયા (૨૪) મહેશ દોશી (૨૫) કલ્પાના આશર (૨૬) સુભાષ મોમાયા (૨૭) મહેશ દોશી (૨૮) નયના ગિરીશ મિસ્ત્રી (૨૯) જ્યોત્સના ગાંધી (૩૦) રમેશ દલાલ (૩૧) હિના દલાલ (૩૨) ઈનાક્ષી દલાલ (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) વિણા સંપટ (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) નિતિન બજરિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) અંજુ ટોલિયા (૪૧) અરવિંદ કામદાર (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) મહેશ સંઘવી (૪૫) ભાવના કર્વે (૪૬) નૂતન વિપીન (૪૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૮) જગદીશ ક્કર

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) કાટે નહીં કટતે યે દિન યે રાત કહેની થી તુમસે આઈ લવ યુ... ૨) અંગ્રેજી મેં કેહતે હૈ આઈ લવ યુ - ગુજરાતી મેં... ૩) મેરી સોની મેરી તમન્ના જૂઠ નહીં હૈ, આઈ લવ યુ.. ૪) ઇલુ ઇલુ, યે ઇલુ ઇલુ ક્યાં હૈ, ઇલુ કા મતલબ આઈ લવ યુ... ૫) આઈ લવ યુ... આઈ લવ યુ, હો મેરી નિંદો મેં તૂ... ૬) આંખો મેં બસાકાર ખ્વાબ તેરે મૈં જુમતી રેહતી હું, આઈ લવ યુ... ૭) પૂછે મેરી બીબી ડુ યુ લવ મી, બરસોં સે કહેતા આયા આઈ લવ યુ...

ક્વિઝ (બ) ૧) રિશી કપૂર - રણજિતા ૨) રાજ કુમાર - પ્રિયા રાજવંશ ૩) સન્ની દેઓલ - પૂનમ ધિલ્લોન ૪) ધર્મેન્દ્ર - હેમા માલિની ૫) પ્રદીપ કુમાર - મધુબાલા ૬) હૃતિક રોશન - ઐશ્વર્યા રાય ૭) રણબીર સિંહ - દીપિકા પદુકોણ

ફોકસ પ્લસ
પ્રફુલ શાહ


# આ છે હિમેશ મેજિક... સ્ટાઈલ - ૮૦ની!

અત્યારે હિન્દી ફિલ્મ ઉદ્યોગ કટોકટી કાળમાં છે. હાથનાં કર્યાં હૈયે વાગ્યાં જેવો ઘાટ છે. વાંક માત્ર ને માત્ર બોલિવૂડના આકાઓનો છે. પ્રેક્ષકરાજાએ નામ-બેનરની શરમ છોડી દીધી છે. એ તો 'સા હો' ને 'ના હો', 'જીગરા'ને 'ઠીકરા' અને 'દેવા'ને 'ન લેવા-દેવા' કરી દે. અક્ષયકુમારનો ક્ષય કરી નાખે... આમિરને જમીન પર પટકી દે. અજય દેવગનની 'આઝાદ' અને 'કંગના'ની 'ઈમરજન્સી' ના જુએ....

'સ્ત્રી-૨' 'પુષ્પા-૨' પ્રેક્ષકોની મનોરંજન માટેની બૂમાબૂમ છે. આ બધામાં અમદાવાદમાં ઊછરેલાં ઉન્ની મુકુંદન (હીરો અને નિર્માતા)ની 'માર્કો' સુખદ આંચકો આપી દે.

ગયા અઠવાડિયે બે ફિલ્મે ધારણાથી એકદમ વિપરીત 'દેખાવ' કર્યો. સૌને હતું કે આમિર ખાનના શાહજાદા જુનૈદ ખાન અને શ્રીદેવીની સુપુત્રી ખુશી કપૂરની રોમેન્ટિક મુવી 'લવયાપા'ને પ્રેક્ષક માથે ચડાવી લેશે. મોટા પ્રોડક્શન હાઉસ, ધાસું પબ્લિસિટી અને સ્ટાર્સની ઈન્સ્ટા પોલ છતાં ધરાર એવું ન થયું. આને બદલે પ્રેક્ષકોએ 'બેડએશ રવિકુમાર'ને પ્રેમ કર્યો.

આ 'બેડએશ રવિકુમાર' કંઈ ગ્રેટ - મહાન કે ક્લાસિક ફિલ્મ નથી, પરંતુ નોસ્ટાલને - ભૂતકાળની યાદ જીવંત કરવા પર અતૂટ વિશ્વાસ, પરફેક્ટ પ્લાનિંગ અને વિચારપૂર્વકની રિલિઝ પ્લાનનું એ સહિયારું સફળ ફરજંદ છે. આ ફિલ્મ બોલિવૂડના મનોરંજક, સફળ અને લોકપ્રિય કલ્ચરને રિક્રિએટ કરે છે. પડદો ખીચોખચ ભરાઈ જાય એટલા મોટા અને સોનેરી અક્ષરે કહેવાય છે કે તર્ક શોધતા નહિ.




જૂની હિન્દી ફિલ્મો જેવું જ છે બધું. બે ભાઈ - હત્યા, બન્ને ભાઈનું છૂટા પડી જવું, હીરો-હીરોઈનનો પ્રેમ ને જેમાં અડચણ, મા-દાદીનાં વ્હાલ ને દાદાગીરી, જાસૂસી, હિરાની ચોરી અને એવું બધું...

અહીં કંઈ નવું નહોતું- હકીકતમાં નવું આપવું જ નહોતું. પોતાની પેઢીએ જે માહોલ મુવી અને મસ્તી માણ્યાં એ જ ફરીથી રજૂ કરવાં હતાં હિમેશ રેશમિયાને. નિર્માતા, વાર્તા-લેખક સંગીતકાર, ગીતકાર અને ગાયક તરીકે જવાબદારી છતાં પોતાના વિચાર-કલા પર જબરદસ્ત વિશ્વાસ અને પકડ એના પર્ફોમન્સમાં દેખાય છે. તમે ધર્મેન્દ્ર, જિતેન્દ્ર, રાજેશ ખન્ના, પ્રાણ, અજિત કે ડેનીને આ બધું કરતાં જોયા છે એ તમને તરત સાંભરે છે. તમને ફિલ્મ સાથે અનુસંધાન સાધી આપે છે.

બોલિવૂડના ભુલાઈ ગયેલા ડાયલોગબાજીના સમયને ગજબનાક આયામ સાથે સફળતાપૂર્વક પેશ કરાયો છે. તમને જાની રાજકુમારની સંવાદબાજી સાંભરી આવે. આ ફિલ્મનાં અનેક સીનમાં હિમેશ બોલવાનું શરૂ કરે એ પહેલાં થોડી અને ડાયલોગ પૂરો થાય પછી તાળીઓનો ગડગડાટ સંભળાય છે!■

ઊડતી વાત
ભરત વૈષ્ણવ

# કઈ સ્વપ્ન સુંદરીએ રાજુ રદીને કહ્યું: 'બી માય વેલેન્ટાઇન?!'



'રાજુડાઆઆ.' કોઈએ પાતળા અવાજે બૂમ મારી. અવાજ પરથી બૂમ મારનાર પુરુષ નથી એ ખ્યાલ આવે. સામાન્ય રીતે ગજવેલ લોઢા કે તલવારની ધાર જેવો અવાજ કોઈ સલવારધારી મતલબ કે સ્ત્રૈણ હોય.

'કોણ?' રાજુએ સામી બૂમ મારી. થોડી વારમાં ચંપલના ખખડભભડ અવાજ કરતી ઝમકુડી આવી. ઝમકુડીને ઝમકુડી કહેવાય કે કૂડી એટલે કે છોકરી કહેવાય તે પણ અલગ વિચારણાનો મુદ્દો ગણાય. પતંગના કાગળથી પણ પાતળી.. .ઉંમર? ઉંમર તો એક નંબર છે.... જવા દોને! ઝમકુડીના વાળ વિપક્ષો જેવા કોરા અને વિખરાયેલા. છોકરીને જોઈને છોકરાના હોઠ ઉઘાડબંધ થાય તેમ ઝમકુડીના હોઠ હલહલ કરે.

'રાજુડા, હું તારી ઝમકુડી.' ઝમકુડીએ નજર નીચી ઢાળીને મનોમન જમીન ખોતરતાં જવાબ આપ્યો. શરમના શેરડા ઝમકુડીના ચહેરા પર ઈલેક્ટ્રિકના બલ્બની જેમ ઝબૂક ઝબૂક થાય....

'અત્યારે શું કામ હતું, ઝમકુડી?' રાજુએ સાવધ થઈ પૂછયું.

'રાજુડા, આજે કઈ તારીખ છે?' ઝમકુડીએ સીધો જવાબ આપવાના બદલે ચેસનાં પ્યાદાં ગોઠવવા માંડ્યાં.

'તારા ઘરે તારીખિયું કે ઘડિયાળ નથી તે મારા ઘર સુધી લાંબી થઈ?' રાજુએ ઝમકુડીને તતડાવી.

'રાજુડા, આમ, ખાલીપીલી ગુસ્સે શું કામ થાય છે?' ઝમકુડીએ અવાજમાં સાકરને બદલે સેકરિન ભેળવ્યું:

'રાજુડા, હું તો તારું જનરલ નોલેજ ચેક કરતી હતી.' ઝમકુડીએ ઉંદર-બિલાડીની રમત ચાલુ કરી.

'ઝમકુડી, મારે 'કૌન બનેગા કરોડપતિ'ના શોમાં જવાબ આપવાના છે? તું આવા સીલી નોનસેન્સ સવાલો પૂછી મારું દિમાગ ચાટે છે.' રાજુએ ગુસ્સાનો ગિયર ત્રીજા ગિયરમાં નાખ્યો.

'રાજુડા, આજે ચૌદમી તારીખ છે.' ઝમકુડીએ રોમેન્ટિક મૂડમાં જવાબ આપ્યો. ઝમકુડીને રાજુ પર ક્રશ હતો, પણ રાજુ એને ભાવ આપતો ન હતો.

'ચૌદમી તારીખ હોય તો શું એ તારીખને ચાટું?' રાજુએ અકડાઈ દાખવી.

'તારીખને છોડીને મને પકડ.' ઝમકુડી મનમાં બોલી.

'શું બોલી?' ઝમકુડીનો અવાજ ન પકડાતાં રાજુએ પૃચ્છા કરી.

'કંઈ નહીં, કંઈ નહીં રાજુડા. કયા મહિનાની ચૌદમી તારીખ છે?' ઝમકુડી છાલ છોડતી ન હતી.

'જાન્યુઆરી હોય કે ફેબ્રુઆરી... શું ફરક પડે છે?'

'રાજુડા, હમણાં જ દેશી વેલેન્ટાઇન જેવી વસંતપંચમી ગઈ. પ્રાચીન સમયના વસંતપંચમીએ પ્રેમપંચમી માનવામાં આવતી હતી. યુવાન હૈયાઓ પ્રણયફાગ રમતાં હતાં. ચૌદમી ફેબ્રુઆરી વિદેશી વેલેન્ટાઇન છે, જેમાં પ્રણયોત્સુક પાત્રો પ્રેમનો વિશિષ્ટ શૈલીએ ઇઝહાર-એકરાર કરે છે. ...દિલના આકારના ફુગ્ગા ફુલાવે છે. બાઇક પર તસુભર જગ્યા ન રહે તે રીતે ચિપાઇને લોંગ ડ્રાઇવ પર જાય છે. રોશનીની ઝાકઝમાળ વચ્ચે કેન્ડલ લાઇટ ડિનર કરે છે ને પછી....' ઝમકુડીએ વેલેન્ટાઇન-ડેનો ઉપક્રમ જણાવ્યો.

'ઠીક છે, બટ આઇ એમ નોટ ઇન્ટ્રેસ્ટેડ.' રાજુએ ખભા ઉછાળીને કહ્યું.

'રાજુડા તું આમ કેમ નિર્દયી થાય છે? તારા મનમાં કોઈ ઓર બિરાજમાન છે? ઝમકુડીના અવાજમાં જાણે આંસુ પ્રગટ્યાં.

રાજુ કંઈ કામદેવનો અવતાર ન હતો. લગ્ન કે સેમીલગ્ન કરવા માટે રીતસર ઝુંબેશ ઉપાડેલી. અનેક છોકરીના ઘરે બ્રેકફાસ્ટ, લંચ, ડિનર કરી ચૂકેલો આ તક ચૂકી જાય તો ફરી તક ક્યારે આવશે તેવો સવાલ રાજુના મનની ખરલમાં ઘૂંટાઈ રહ્યો હતો. થોડું જતું કરે તો....

'ઝમકુડી સૉરી. મને માફ કરી દે.' રાજુ ભાવાવેશમાં બોલ્યો.

'રાજુડા, તને એક શરતે માફ કરી દઉં.' ઝમકુડી બોલી.

'કઈ શરત?' રાજુ બોલ્યો.

'ફિલ્મી સ્ટાઇલે તું મને પ્રપોઝ કર.' ઝમકુડીએ મોઢું બે હાથથી ઢાંકતાં શરમથી પાણી પાણી થઈને કહ્યું.

'બી માય વેલેન્ટાઇન.' રાજુએ ઝમકુડી સામે ઘૂંટણિયે પડી ગુલાબનું ફૂલ એને આપતાં કહ્યું.

ઝમકુડીએ આંખ પટપટાવી. ચોમેર સંગીત રેલાવા માંડ્યું. દેવોએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. અપ્સરાઓએ ઉન્નત થઈ નાચ કર્યો. (લિખને મેં કયા હર્ઝ હૈ, મેરે હુજૂર?!)

'ના..ના. ઝમકુડી તો નહીં જ!' એવા ચિત્કાર સાથે
-અચાનક જાણે દુ:સપનું જોયું હોય એમ
રાજુ રદી સફાળો ઊંઘમાંથી જાગી ગયો...!
રાજુની સ્વપ્ન સુંદરી પડોશીની ૩૦ વર્ષીય પુત્રી આ ઝમકુડી તો નહોતી જ! ■




## 'કેસરી વીરઃ લેજેન્ડ્સ ઓફ સોમનાથ'નું ટીઝર
# આ પીરિયડ ડ્રામા સાથે ઈતિહાસના પાના ફેરવશે

કેસરી વીરઃ લેજેન્ડ્સ ઓફ સોમનાથ સાથે, સૂરજ પંચોલી તેની નજીકના હીરોની છબીથી અલગ થઈને એક જટિલ ઐતિહાસિક ભૂમિકા ભજવીને પોતાને એક ગતિશીલ અભિનેતા તરીકે સ્થાપિત કરે છે. ટીઝર તેના અભિનય શ્રેણીની માત્ર એક ઝલક છે, પરંતુ તેણે નિઃશંકપણે દર્શકોને ફિલ્મના ટ્રેલરની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.


મુખ્ય અભિનેતા સૂરજ પંચોલી ઉપરાંત, વિવેક ઓબેરોય એક લોહીલુહાણ વિરોધીનું પાત્ર ભજવે છે, જ્યારે સુનિલ શેટ્ટી મંદિરને બચાવવાની તેની શોધમાં સૂરજના પાત્રને ટેકો આપે છે. આ પીરિયડ ડ્રામા આકાંક્ષા શર્માનો પરિચય કરાવે છે, જે 'કેસરી વીરઃ લેજેન્ડ્સ ઓફ સોમનાથ' સાથે બોલીવુડમાં પ્રવેશ કરે છે. આ ફિલ્મ ૧૪મી સદીમાં ઐતિહાસિક સોમનાથ મંદિરને ઘુસણખોરોથી બચાવવા માટે લડનારા અને પોતાના જીવનનું બલિદાન આપનારા ગાયબ યોદ્ધાઓની વાર્તા કહે છે. પ્રિન્સ ધીમન દ્વારા દિગ્દર્શિત અને કનુ ચૌહાણ દ્વારા ચૌહાણ સ્ટુડિયો હેઠળ નિર્મિત, આ ફિલ્મ ભવ્ય સેટ પર બનાવવામાં આવી છે અને કાળજીપૂર્વક મહેલોને ફરીથી બનાવવામાં આવ્યા છે, જે દ્રશ્ય ભવ્યતાનું વચન આપે છે. કેસરી વીરઃ લિજેન્ડ્સ ઓફ સોમનાથ ભારતભરમાં અનેક ભાષાઓમાં રિલીઝ થવાની તૈયારીમાં છે અને ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં આવવાની છે.■


શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# ધ ક્યુરિયસ કેસીસ ઓફ કમબેક!
## ઓસ્કર્સ નોમિનેટેડ ફિલ્મ્સ દ્વારા ભૂલાયેલા એક્ટર્સની સિનેમા વાપસીની મજેદાર વાત


કી હુઈ કવાન


બ્રેન્ડન ફ્રેઝર


ડેમી મૂર


માઈકલ કીટન

માર્ચ મહિનામાં દર વર્ષની જેમ ઓસ્કર એવોર્ડ્સનું આયોજન થઈ રહ્યું છે. હંમેશાની માફક નોમિનેશન્સ અને ફેવરિટ ફિલ્મ્સની સાથે-સાથે તેના પ્રચારને લગતા અનેકવિધ સમાચાર આવી રહ્યા છે. એકેડમી એવોર્ડ્સ મતલબ કે ઓસ્કર્સ સાથે એક બહુ જ મજેદાર પેટર્ન જોડાયેલી દેખાય છે. અમુક વીતેલાં વર્ષોના એક્ટર્સ કે ખૂબ સિદ્ધિ મેળવેલા સ્ટાર્સ જે છેલ્લા અમુક વર્ષોથી ખોવાઈ ગયા હોય એમનાં કમબેક માટે ઓસ્કર્સ નિમિત્ત બન્યું હોય તેવા અનેક કિસ્સા બન્યા છે,જેની પાછળના અનેકવિધ પરિબળની વાતો જાણવા જેવી છે.

આ વર્ષે 'ધ સબસ્ટન્સ' નામની હોરર ફિલ્મ ઘણી ચર્ચામાં છે. એની અભિનેત્રી ડેમી મૂર બેસ્ટ એક્ટ્રેસની શ્રેણીમાં નોમિનેટ થઈ છે. આ જ ફિલ્મ માટે અતિ પ્રખ્યાત ગોલ્ડન ગ્લોબ એવોર્ડ તો ડેમી જીતી જ ચૂકી છે, પણ એકેડમી એવોર્ડ મેળવીને એ પોતાનું કમબેક વધુ મજબૂત રીતે નોંધાવી શકે છે. ફિલ્મ ક્રિટીક એના સ્મિથનું કહેવું છે કે 'કમબેક કરવું આજકાલ ફેશન બની રહ્યું છે. દર્શકો પણ કમબેક એટલા માટે સ્વીકારે છે, કેમ કે પોતાના બચપણ કે યુવાનીમાં એમણે અમુક એક્ટર્સને જોયા હોય અને વર્તમાન કાળમાં એ જ મનપસંદ સ્ટાર્સને ફરી વખત જોવામાં 'નોસ્ટેલ્જીયા ફેક્ટર' કામ કરે છે. એક્ટર્સનું બદલાતું ભાગ્ય જોઈને પોતાની જિંદગીમાં પણ એમને એક આશા જન્મે છે.' ડેમી મૂરની જેમ જ 'બેવોચ' ફેમ પામેલા એન્ડરસનને પણ પોતાની 'ધ લાસ્ટ શોગર્લ' માટે ગોલ્ડન ગ્લોબ અને સ્ક્રીન એક્ટર્સ ગિલ્ડ એવોર્ડ્સમાં નોમિનેશન્સ મળ્યાં હતાં. ૨૦૨૩ના એકેડમી એવોર્ડ્સમાં પણ વર્ષો પછી ફિલ્મ્સમાં ફરી દેખાયેલા એક્ટર કી હુઈ કવાનને ઓસ્કર વિનિંગ ફિલ્મ 'એવરીથીંગ એવરીવ્હેર ઓલ એટ વન્સ' માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો ઓસ્કર એવોર્ડ મળ્યો હતો (એ વિશે આ જ કટારમાં રસપ્રદ શ્રેણી આપણે કરી હતી). એ પછીથી કીનું ભાગ્ય બદલ્યું અને સૌથી મોટા સિનેમેટિક યુનિવર્સ 'માર્વેલ' ના વેબ શો 'લોકી'ની બીજી સિઝનમાં એને એક મહત્વનું પાત્ર મળ્યું હતું. એ ઉપરાંત ઘણા પ્રોજેક્ટમાં એને લીડ એક્ટર તરીકે પણ સ્થાન મળ્યું છે. એની 'લવ હટ્સ' નામની ફિલ્મ ગયા સપ્તાહે જ રિલીઝ થઈ છે.

હોલિવૂડ પીઆર એક્સપર્ટ માર્કસ કીનું કહેવું છે કે 'આવું હોલિવૂડ કમબેક હકીકતમાં એક કાળજીપૂર્વક ઘડાયેલી ફોર્મ્યુલાનો જ ભાગ છે. મોટા ભાગે કમબેક કરનાર સ્ટાર્સ માટે એવી જ ફિલ્મ પસંદ કરવામાં આવે છે, જે એના ઓફસ્ક્રીન સંઘર્ષનું પ્રતિબિંબ હોય.'

ડેની મૂર સાઈડલાઈન થઈ ચૂકેલી સ્ટાર હતી. એના માટે 'ધ સબસ્ટન્સ'નો રોલ પણ એ જ પ્રકારનો હતો. ડેમી મૂર ૧૯૯૦ પછી એક પણ મેનસ્ટ્રીમ હિટ ફિલ્મનો હિસ્સો નહોતી બની શકી. 'ગોલ્ડન ગ્લોબ એવોર્ડ'ની સ્પિચમાં એણે કહ્યું હતું કે 'પ્રોડ્યુસરોએ મને પોપકોર્ન એક્ટ્રેસ કહીને અવગણી હતી. હું કારકિર્દીમાં લો પોઇન્ટ પર હતી, પણ આ ફિલ્મથી મને એવું લાગ્યું કે હજુ સિનેમા ક્ષેત્રે મારી પાસે કશુંક આપવા જેવું છે ખરું!'

મોટાભાગે એક્ટર્સના કમબેકમાં એક થીમ હોય છે. ઇન્ડસ્ટ્રી દ્વારા યોગ્ય ન્યાય ન મળ્યા પછી લાંબા સમય સુધી એ બધા કામથી વંચિત હોય છે. જેમ કે કી હુઈ કવાનને ૧૯૮૦ના દશકમાં બાળ કલાકાર તરીકે કામ કર્યા પછી પોતે એશિયન અમેરિકન હોવાથી એને મહત્ત્વના રોલ ન મળતા કામ છોડવું પડ્યું હતું. એની ફિલ્મ 'એવરીથીંગ એવરી વ્હેર ઓલ એટ વન્સ'માં એને જાણે રિયલ લાઈફ પ્લોટ હોય તેવું ફિક્શનલ પાત્ર મળ્યું અને સિનેમાએ એને ફરી એક મોકો આપ્યો.

૨૦૨૩માં એવી જ રીતે 'ધ વ્હેલ' ફિલ્મના એક્ટર બ્રેન્ડન ફ્રેઝરને સૌ ભૂલી ચૂક્યા હતા. એણે બેસ્ટ એક્ટરનો એવોર્ડ જીતીને વર્ષો પછી કમબેક કર્યું હતું. પામેલા એન્ડરસનની પણ ફરિયાદ છે કે એને ઇન્ડસ્ટ્રી તરફથી પૂરતો ન્યાય નથી મળ્યો. હજુ હમણાં જ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ 'હુલુ' પર 'પેમ એન્ડ ટોમી' સિરીઝ પામેલાની લાઈફ સ્ટોરી પર એની મંજૂરી વગર બનાવવામાં આવી એ ઘટના પછી રજૂ થયેલી એની ફિલ્મ 'ધ લાસ્ટ શોગર્લ'માં પામેલા એક ઢળતી ઉંમરે પોતાનું સ્થાન ખોઈ રહેલી એક ડાન્સરના પાત્રમાં છે. આ દ્વારા પામેલા પોતે પોતાની કહાની કહી રહી હોય એવું લાગે છે,જે દર્શકો પસંદ કરે!

૨૦૦૮ની 'રેસલર' ફિલ્મમાં મિકી ઋર્ક પણ એ જ રીતે એક ભૂલાઈ ચૂકેલા રેસલરના રોલમાં હતો. ૨૦૧૪ની 'ધ બર્ડમેન' ફિલ્મમાં માઈકલ કીટન કે જેણે અગાઉ સુપરહીરો બેટમેનનો રોલ કરેલો એ આ ફિલ્મમાં પણ એક અસમંજસ ધરાવતા સુપરહીરોના પાત્રમાં હતો.

ઓફ સ્ક્રીન સંઘર્ષ ઓન સ્ક્રીન પાત્રમાં દેખાય તો એ વધુ પ્રભાવશાળી લાગે એ સાચું, પરંતુ જો આવી ફિલ્મ કે કોઈ પણ પ્રોજેક્ટ ફક્ત એક્ટરનો અહમ સંતોષવા માટે બને તો એ સફળ ન નીવડે.... તેના બદલે નવા ડિરેક્ટરની વાર્તા કે વિઝન દ્વારા એનું કમબેક થાય તો એ વધુ અસરકારક રહે છે, જેમકે 'ધ ગોડફાધર' ફિલ્મમાં માર્લોન બ્રાન્ડો, ૨૦૧૫ની 'ક્રીડ'માં સિલ્વેસ્ટર સ્ટેલોન કે પછી આ વખતની ઓસ્કર્સની રેસમાં સામેલ 'ધ બ્રુટલિસ્ટ' ફિલ્મના એક્ટર એડ્રીન બ્રોડીનું કમબેક!

ટૂંકમાં યોગ્ય એક્ટર્સને સિનેમા બીજો મોકો આપે અને એના પર ઓસ્કર્સની મહોર લાગે એ ક્ષણ એક્ટર્સ અને સિનેપ્રેમી સૌ માટે હૃદયસ્પર્શી બની જતી હોય છે! ■

**લાસ્ટ શોટ**
*દિગ્દર્શક કવેન્ટીન ટેરેન્ટિનોએ 'પલ્પ ફિકશન' ફિલ્મ દ્વારા જાણીતા એક્ટર જ્હોન ટ્રાવોલ્ટાનું જબરદસ્ત કમબેક કરાવ્યું હતું!*

# ક્વિક ફિલ્મી ક્વિઝ
નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ ફિલ્મોના કયા ગીતમાં I love you શબ્દો આવે છે?**

૧) મિસ્ટર ઇન્ડિયા
૨) ખુદ્દાર
૩) યાદોં કી બારાત
૪) સૌદાગર
૫) ઔજાર
૬) ગુંડારાજ
૭) કર્મા




## ક્વિઝ (બ)

**આ લવ સ્ટોરી પર આધારિત ફિલ્મના મુખ્ય કલાકાર કોણ હતા, જાણો છો?**

૧) લૈલા-મજનુ - ૧૯૭૬
૨) હીર-રાંઝા - ૧૯૭૦
૩) સોહની-મહિવાલ - ૧૯૮૪
૪) રઝિયા-સુલતાન - ૧૯૮૩
૫ )શીરીન-ફરહાદ - ૧૯૫૬
૬ ) જોધા-અકબર - ૨૦૦૮
૭) બાજીરાવ-મસ્તાની - ૨૦૧૫




જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

# 'લાડકી બહેનો' ખાતર તમામ સરકારી ખાતાઓને 30 ટકા ખર્ચ કાપનો આદેશ

**મહારાષ્ટ્રમાં લાડકી બહીણ યોજનાને કારણે બીજી યોજનાઓને અસર થઈ રહી છે. નાણાં મંત્રાલય દ્વારા વિવિધ વિભાગોને નિર્દેશ આપવામાં આવ્યો છે કે કુલ વાર્ષિક ફાળવણીના માત્ર ૭૦ ટકા જ ખર્ચ કરવામાં આવે.**

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્યના નાણા વિભાગના ૨૦૨૪-૨૫ માટે સુધારેલા બજેટને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આથી નાણા મંત્રલયે વિવિધ વિભાગોને કેટલું ભંડોળ ખર્ચવું જોઇએ તે અંગેના અંદાજ પૂરા પાડ્યા છે. નાણા મંત્રાલય દ્વારા નિર્દેશિત ૭૦ ટકા ભંડોળમાંથી ૧૦૦ ટકા ભંડોળ પેન્શન, શિષ્યવૃત્તિ અને સ્ટાઈપેન્ડ, સહાયક સબસિડીવાળા પગાર, લોનની રકમ, લોનની ચુકવણી અને આંતર-ખાતા ટ્રાન્સફરનો સમાવેશ થાય છે.

નાણા મંત્રાલયે અન્ય આપેલી સૂચના અનુસાર પુરસ્કારો, વિદેશી યાત્રા ખર્ચ, પ્રકાશનો, કમ્પ્યુટર ખર્ચ, અન્ય વહીવટી ખર્ચ, જાહેર હિત ખર્ચ, નાનાં બાંધકામો, સહાયક અનુદાન, મોટર વાહનો, મશીનરી, મોટાં બાંધકામો અને રોકાણો માટેનાં ભંડોળની જરૂર હોય તો ૧૮મી ફેબ્રુઆરી સુધીમાં નિવેદન રજૂ કરવું પડશે.

નાણા મંત્રાલયના આ નિર્દેશને કારણે શું લાડકી બહીણ અને ખેડૂતોને અસર થશે, એવો પ્રશ્ન ઊભો થઇ રહ્યો છે. કારણ કે ખેડૂતોને છેલ્લા એક વર્ષથી સિંચાઈ યોજના માટે સબસિડી મળી નથી. છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં જ ખેડૂતોએ સરકારને ૫.૬૦ રૂપિયા ચૂકવવાના બાકી છે.

## વિપક્ષે તાક્યું સરકાર પર નિશાન

લાડકી બહીણ અને ખેડૂતો યોજનાના લાભથી વંચિત રહી જતાં હોવાને મુદ્દે વિપક્ષે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સરકાર પર નિશાન તાક્યુ છે. ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે એ વાતની ટીકા કરી હતી કે લાડકી બહીણ યોજનાને કારણે શિવભોજન થાળી જેવી યોજનાઓ બંધ થઇ ગઇ છે. ભૂતપૂર્વ વિધાનસભ્ય બચ્ચુ કડુએ પણ સરકારને આડે હાથ લીધી હતી. તેમણે કહ્યું હતું કે લાડકી બહીણ યોજના બહેનો માટે નહીં, સત્તા માટે હતી. શરદ પવાર જૂથના પ્રદેશ અધ્યક્ષ જયંત પાટીલે લાડકી બહીણ યોજનામાંથી મહિલાઓનાં નામ બાકાત રાખવાના મુદ્દા પર સરકારની ટીકા કરી હતી. ■

# ગિરગામ ચોપાટી પર પીઓપી મૂર્તિઓનું ધરાર વિસર્જનઃ પાલિકા-પોલીસ સાવ ચૂપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આ વર્ષની માઘી ગણેશોત્સવની ઉજવણી અને ગણપતિબાપ્પાની પીઓપીની મૂર્તિનું વિસર્જન વિવાદાસ્પદ રહ્યું છે. પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિનું કુદરતી જળસ્રોતમાં વિસર્જન કરવા પર સુપ્રીમ કોર્ટનો પ્રતિબંધ હોવા છતાં ગિરગામ ચોપાટીમાં દક્ષિણ મુંબઈના કુંભારવાડાના ગણેશમંડળની પીઓપીની મૂર્તિનું વિસર્જન મોડી રાતે ચુપચાપ રીતે પતાવી દેવામાં આવ્યું હોવાના અહેવાલ છે અને પોલીસે પણ આંખ આડા કાન કર્યા હોવાનું કહેવાય છે. આ બાબતે જોકે પાલિકાએ આ બાબતે ચૂપકીદી સેવી છે.

માઘી ગણેશોત્સવોમાં પશ્ચિમ ઉપનગરના કાંદિવલી અને બોરીવલીના અનેક મંડળોની પીઓપીની મૂર્તિ હોવાથી તેમના સાતમા અને અગિયારમા દિવસે પોલીસ તથા પાલિકાએ માર્વે સહિતના કુદરતી જળસ્રોતમાં વિસર્જન કરવાની મંજૂરી આપી નહોતી. આમ છતાં દક્ષિણ મુંબઈના કુંભારવાડા પરિસરમાં આવેલા અમુક મંડળોએ મોડી રાતે તેમના મંડળની પીઓપીની મૂર્તિના વિસર્જન ગિરગામ ચોપાટી પર કરી નાખ્યા હતા. પોલીસ સહિત પાલિકાના અધિકારીઓએ તેમના રોકવાના પ્રયાસ પણ કર્યા ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ બાબત પ્રકાશમાં આવ્યા બાદ પાલિકાના 'સી' વોર્ડના ઉચ્ચ અધિકારી સહિત પોલીસે કંઈ પણ બોલવાનો ઈનકાર કર્યો હતો. મોટાભાગનાં મંડળોએ પોતાની મૂર્તિઓના વિસર્જન આ કૃત્રિમ વિસર્જન સ્થળ પર કરી નાખ્યા હતા. જોકે હજી સુધી કાંદિવલી (પશ્ચિમ)ના મહાવીર નગરના 'કાંદિવલી ચા શ્રી' મંડળ સહિત બોરીવલીના કાર્ટર રોડના એક મંડળે પોતાની ગણેશમૂર્તિનું વિસર્જન પરંપરાગત રીતે દરિયામાં જ કરવાનો આગ્રહ રાખ્યો છે. ■

### ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્ટનો વિવાદ

# સમય રાઈના હાજિર હો...

**અમેરિકા ગયેલા રાઈનાને પાંચ દિવસમાં હાજર થવું પડશેઃ મીડિયાથી ડરી અલાહાબાદિયા પોલીસ સ્ટેશને ન પહોંચ્યો, પણ આજે તો હાજર થવું જ પડશેઃ વિરાટ કોહલીએ અલાહાબાદિયાને અનફોલો કર્યો**

મુંબઈઃ કોમેડી શો 'ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્ટ'માં માતા-પિતાને ઉદ્દેશને કરાયેલા બીભત્સ પ્રશ્નને પગલે થયેલા વિવાદ બાદ આ પ્રકરણની તપાસ કરનારી મહારાષ્ટ્ર સાયબર પોલીસ અને ખાર પોલીસે યુએસ ગયેલા સમય રાઈનાને ચાર-પાંચ દિવસમાં પૂછપરછ માટે હાજર થવાનું ફરમાન કર્યું હતું. બીજી બાજુ, શોમાં અશ્લીલ ટિપ્પણી કરનારા રણવીર અલાહાબાદિયાએ મીડિયાના ડરે પોલીસ સ્ટેશને આવવાનું ટાળતાં પોલીસે શુક્રવારે હાજર રહેવાની સૂચના આપી હતી.

પોલીસના જણાવ્યા મુજબ રાઈના અત્યારે અમેરિકામાં છે અને પૂછપરછ માટે પોલીસ સમક્ષ હાજર થવા તેણે વધુ સમય માગ્યો હતો. રાઈનાના શો ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્ટમાં અશ્લીલ ટિપ્પણીને કારણે વિવાદ વકર્યો હતો. ખાર પોલીસે ૧૭ ફેબ્રુઆરી પહેલાં તેને નિવેદન નોંધાવવા પોલીસ સ્ટેશને હાજર થવાનું કહ્યું હતું. આ જ પ્રકરણે ગુનો નોંધી તપાસ કરી રહેલી સાયબર પોલીસે પણ પૂછપરછ માટે ૧૮ ફેબ્રુઆરીએ હાજર રહેવા રાઈનાને સમન્સ મોકલાવ્યા હતા.

વડીલોને ઉદ્દેશીને બીભત્સ સવાલ કરનારો અલાહાબાદિયા ગુરુવારે ખાર પોલીસ સમક્ષ હાજર થવાનો હતો, પરંતુ મોડી રાત સુધી તે આવ્યો નહોતો. આ માટે તેણે મીડિયાના ડરથી ન આવ્યો હોવાનું કારણ આપ્યું હતું. આ રીતે તે પૂછપરછ ટાળી શકે નહીં, એવી સૂચના આપી પોલીસે શુક્રવારે તેને બોલાવ્યો છે. દરમિયાન ગુવાહાટીમાં અલાહાબાદિયા અને અન્ય ચાર વિરુદ્ધ નોંધાયેલા કેસની તપાસ માટે મુંબઈ આવેલી આસામ પોલીસ ગુરુવારે મહારાષ્ટ્ર સાયબર સેલના અધિકારીઓને મળી હતી. તેના આગલા દિવસે આ ટીમ ખાર પોલીસ સ્ટેશને પણ ગઈ હતી. શોમાં કરેલી ટિપ્પણીને કારણે વિવાદમાં ઘેરાયેલા અલાહાબાદિયાને ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ સોશિયલ મીડિયા પર અનફોલો કર્યો હતો. ■

# કુણબી-મરાઠા પ્રમાણપત્ર પદ્ધતિ નક્કી કરતી સમિતિની મુદત લંબાવાઇ

મુંબઈઃ મરાઠા સમુદાયના સભ્યોને 'કુણબી' જાતિ પ્રમાણપત્રો આપવાની પદ્ધતિ નક્કી કરવા માટે અગાઉના શાસન દ્વારા રચાયેલી ન્યાયાધીશ (નિવૃત્ત) સંદીપ શિંદે સમિતિનો મહારાષ્ટ્ર સરકારે કાર્યકાળ લંબાવ્યો છે.

એકનાથ શિંદેની આગેવાની હેઠળની સરકારે આ સમિતિની નિમણૂક સપ્ટેમ્બર ૨૦૨૩ માં કરી હતી. તેનો વિસ્તૃત કાર્યકાળ ૩૦ જૂન, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થશે, એમ સરકારી આદેશમાં જણાવાયું છે.

પેનલની અગાઉની મુદત ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ પૂરી થયાના ૪૩ દિવસ પછી છ મહિનાનો વધારાનો આદેશ આવ્યો છે. મનોજ જરંગેના નેતૃત્વમાં થયેલા આંદોલન બાદ આ પેનલની નિમણૂક કરવામાં આવી હતી, જેમાં માંગ કરવામાં આવી હતી કે લાયક મરાઠાઓને કુણબી જાતિ પ્રમાણપત્રો આપવામાં આવે જેથી તેઓ નોકરીઓ અને શિક્ષણમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) અનામતનો લાભ મેળવી શકે. ■

# નાના પટોલેની છુટ્ટી, હર્ષવર્ધન સપકાળ મહારાષ્ટ્ર કૉંગ્રેસના નવા વડા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં કોંગ્રેસે મોટો ફેરફાર કર્યો છે. પાર્ટીએ નાના પટોલેના સ્થાને હર્ષવર્ધન વસંતરાવ સપકાળને નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

ગયા વર્ષના અંતમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને નાના પટોલેના નેતૃત્વમાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. પાર્ટીએ માત્ર ૧૬ વિધાનસભા બેઠકો જીતી હતી. આ પછી તેમના નેતૃત્વ પર સવાલો ઉઠવા લાગ્યા હતા. જોકે, લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ ૪૮ લોકસભા સીટોમાંથી ૧૩ સીટો જીતવામાં સફળ રહી હતી. આ પછી એવું લાગતું હતું કે વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીનો દેખાવ વધુ સુધરશે પરંતુ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો ખરાબ રીતે પરાજય થયો હતો.

## કોણ છે સપકાળ?

સપકાળ મહારાષ્ટ્ર કોંગ્રેસના વરિષ્ઠ નેતા છે. ગયા વર્ષે ઓગસ્ટમાં તેમને રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠનના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે મીનાક્ષી નટરાજનની જગ્યા લીધી હતી. હર્ષવર્ધન સપકાળ ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રની બુલઢાણા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓ ૨૦૧૯માં ચૂંટણી હારી ગયા હતા. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં આ સીટ ઉદ્ધવ ઠાકરે જૂથના ક્વોટામાં ગઈ હતી. શિવસેના શિંદે જૂથના સંજય ગાયકવાડ હાલમાં અહીંથી ધારાસભ્ય છે. ૨૨ માર્ચ ૨૦૧૭ના રોજ રાજ્યના બજેટ સત્ર દરમિયાન મહારાષ્ટ્રના નાણાં પ્રધાન સુધીર મુનગંટીવારને વિક્ષેપિત કરવા અને ચાર દિવસ અગાઉ વિધાનસભાની બહાર બજેટની નકલો સળગાવવા બદલ સપકાળને અન્ય ૧૮ ધારાસભ્યો સાથે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હર્ષવર્ધન વસંતરાવ સપકાળ મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લામાંથી આવે છે. તેણે બી.કોમ. કર્યું છે. ■


**પશ્ચિમ રેલવે**

**વિવિધ કાર્યો**

ડીવાય. ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (૫), પશ્ચિમ રેલવે કેરેજ રિપેર વર્કશોપ, એન. એમ. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩, ટેન્ડર નોટિસ નંબરઃ EL/WA/PL/૨૦૨૪-૨૫/૪૮ આમંત્રિત કરે છે. સ્થાન સાથે કામનું નામઃ ઇલેક્ટ્રીકલ પેનલની અંદર નોન-એલએચબી એસી કોચમાં ટૂલ બોક્સ અને કેબલ બોક્સની ડિઝાઇન, ફેબ્રિકેશન, સપ્લાય, ફિક્સિંગ અને કમિશનિંગ ડ્રોઇંગ નંબર ICF/SK૩-૭-૨-૦૪૧ અને કામના અવકાશ અને દરોના શેડ્યૂલની પુષ્ટિ કરે છે. કામની અંદાજીત કિંમતઃ ₹ ૧૫,૮૦,૨૫૬/-. ઇએમડીઃ ₹ ૩૧૬૦૦/-. ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમયઃ ૦૬.૦૩.૨૦૨૫, ૧૨:૦૦ કલાક સુધી. ટેન્ડર ખોલવાની છેલ્લી તારીખ અને સમયઃ ૦૬.૦૩.૨૦૨૫ના રોજ ૧૨:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 1068

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly



**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

એલ. ટી. એમ. જી. હોસ્પિટલ, સાયન, મુંબઈ - ૪૦૦૦૨૨

નં.: એલટીએચ/એસડી/૧૬૨૯/એમ. તારીખ ૧૧/૦૨/૨૦૨૫

**ઈ-મહાટેન્ડર નોટિસ**

આ એક ઇ-ટેન્ડર નોટિસ છે. બૃહન્મુંબઈ મહાનગર પાલિકા (એમસીજીએમ)ના કમિશનરે ઇ-ટેન્ડર માટે આમંત્રણ આપ્યું છે.

કાર્યનું નામઃ ઇન્જે. મેટ્રોનિડેઝોલ ૫ એમજી/એમએલ એલ.ટી.એમ.જી. હોસ્પિટલ માટે.

| ક્ર. નં. | વર્ણન | ઈ-ટેન્ડર કિંમત (રૂ.) | ઇએમડી (રૂ.) | શરૂ કરવાની તારીખ અને ઓનલાઈન બિડ ડાઉનલોડ કરવાનો સમય | અંતિમ તારીખ અને ઓનલાઈન બિડ સુપરત કરવાનો સમય |
|---|---|---|---|---|---|
| ૧. | ઇન્જે. મેટ્રોનિડેઝોલ ૫ એમજી/એમએલ બિડ નં. 2025_MCGM_1148997 | રૂ. ૧,૩૨૦/- + GST @ ૧૮% | રૂ. ૨૦૦૦૦/- | ૧૨/૦૨/૨૦૨૫ ૬.૦૦ સાંજે (૧૨.૦૦ કલાકે) | ૧૮/૦૨/૨૦૨૫ ૬.૦૦ સાંજે (૧૮.૦૦ કલાકે) |

ટેન્ડર સંબંધી વધુ વિગતો માટે ટેન્ડર ભરવાનો ઇરાદો ધરાવનારે મહાનગરપાલિકાની વેબસાઈટ http//www.mcgm.gov.in ની મુલાકાત લેવી જોઈએ.

પોસ્ટ દ્વારા ટેન્ડર દસ્તાવેજો ન અપાશે કે ન લેવાશે.

સહી/-
ડીન,
એલ.ટી.એમ.જી. હોસ્પિટલ, સાયન.

PRO/2545/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ચૂંટણી સોગંદનામામાં માહિતી કેમ છુપાવી?: ધનંજય મુંડેને સમન્સ

મુંબઈઃ બીડની કોર્ટે રાજ્યના પ્રધાન ધનંજય મુંડેને તેમની પહેલી પત્ની દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના સંદર્ભમાં સમન્સ પાઠવ્યા છે. મુંડે પર ૨૦૨૪ની વિધાનસભાની ચૂંટણીમાં પહેલાં રજૂ કરાયેલા સોગંદનામામાં માહિતી જાહેર ન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. બીડના પરલી ખાતે સંયુક્ત સિવિલ જજ જુનિયર ડિવિઝન અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસે ૧૦મી ફેબ્રુઆરીએ એનસીપીના નેતાને સમન્સ જારી કર્યા હતા. આ મામલાની સુનાવણી આગમી ૨૪મી ફેબ્રુઆરીએ થશે.

ફરિયાદમાં મુંડેની પહેલી પત્નીએ એવો દાવો કર્યો હતો કે મુંડેએ પરળી મતવિસ્તારમાંથી તેમના ઉમેદવારીપત્રો રજૂ કરેલા સોગંદનામામાં તેમની પત્ની રાજશ્રી મુંડે અને તેમની ત્રણ પુત્રીઓ તેમ જ તેમનાં બે બાળકો નામનો ઉલ્લેખ કર્યો હતો, એવું તેમના વકીલ ચંદ્રકાંત થોમ્બ્રેએ જણાવ્યું હતું. જોકે તેમણે કરુણા મુંડેની માલિકીની કોઇ પણ સંપત્તિનો ઉલ્લેખ નહોતો કર્યો.

ફરિયાદ લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૩૩ (એ)(આઈ) અને ૧૨૫-એ હેઠળ ઓનલાઈન દાખલ કરવામાં આવી હતી. કલમ ૩૩ (એ) મુજબ સાચી માહિતી આપવી ફરજિયાત છે અને તેને છુપાવવાથી ૧૨૫ (એ) હેઠળ ૬ મહિનાની જેલ થઇ શકે છે. દસ્તાવેજોના અવલોકન બાદ કોર્ટે મુંડેને સમન્સ પાઠવ્યા હતા. (પીટીઆઈ)■


**વેસ્ટર્ન રેલવે - રતલામ ડિવિઝન**

W/623/5/NIT Date 30.01.2025

**ઈ-ટેન્ડરિંગ નોટિસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે, જેની વિગતો નીચે મુજબ છે.

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. અને કામનું નામ | અંદાજિત મૂલ્ય રૂા. | ઈએમડી રૂપિયામાં | પૂર્ણતાનો સમય |
|---|---|---|---|---|
| ૧. | RTM-૨૦૨૪-૨૫-૧૩૨ | ૧,૮૩,૪૭,૦૭૩.૧૩ | ૨,૪૧,૮૦૦/- | ૧૦ મહિના |
| | ફાંડા સ્ટેશન - રનિંગ લેન નં. ૩ અને ૪ નું વિસ્તરણ અને જર્જરિત જૂના સ્ટેશન બિલ્ડિંગના બદલે EI નવા સ્ટેશન બિલ્ડિંગની જોગવાઈ, જેમાં ઇલેક્ટ્રિક વર્કનો સમાવેશ થાય છે. | | | |

**સમાન પ્રકારનું કામઃ** કોઈપણ મકાન બાંધકામ. **વેબસાઇટ પર અપલોડ કરવાની તારીખઃ** ૩૦/૧/૨૦૨૫. **ટેન્ડર ખોલવાની તારીખઃ** ૦૩/૦૩/૨૦૨૫. વિગતવાર સૂચના ટેન્ડર, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત શૂન્ય છે.

DE/5/1/405 DRM(W/A), રતલામ ડિવિઝન, વેસ્ટર્ન રેલવે

અમને લાઇક કરોઃ www.facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ www.twitter.com/WesternRly



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

એલ.ટી.એમ.જી. હોસ્પિટલ, સાયન, મુંબઈ-૪૦૦૦૨૨.

No. LTH/SD/1632/M. Dtd. 11/02/2025

**ઇ-મહાટેન્ડર નોટિસ**

આ ઈ-ટેન્ડર નોટિસ છે. બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર (એમસીજીએમ) ત્રણ પેકેટ સિસ્ટમમાં નીચે આપેલ ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે.

| ક્ર. નં. | વર્ણન | ઇ-ટેન્ડર કિંમત (રૂપિયામાં) | ઇએમડી (રૂપિયામાં) | ઓનલાઇન બીડની શરૂઆતની તારીખ અને સમય | ઓનલાઈન બિડની અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧. | ઇન્જેક્શનઃ પેન્ટોપ્રાઝોલ ૪૦ મિલિગ્રામ/શીશી અથવા એમ્પ ૩૧૮૦૦૦ બોટલો બીડ નં. ૨૦૨૫_MCGM_૧૧૪૮૯૦૦ | રૂપિયા ૩૩૦૦/- + @ ૧૮ ટકા જીએસટી | રૂપિયા ૪૦,૦૦૦/- | ૧૧/૦૨/૨૦૨૫ ૦૬:૦૦ PM | ૧૮/૦૨/૨૦૨૫ ૦૬:૦૦ PM |

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જાહેર કરવામાં આવશે નહીં કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં. ટેન્ડર ભરવા માંગતા લોકોએ ૧૮/૦૨/૨૦૨૫ સાંજે ૬:૦૦ વાગ્યે (૧૮:૦૦ કલાકે) મ્યુનિસિપલ કોર્પોરેશન વેબસાઇટની મુલાકાત લેવી પડશે.

સહી/-
ડીન,
L.T.M.G. હોસ્પિટલ, સાયન

PRO/2545/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


# એકનાથ શિંદેના મનમાં શું ચાલી રહ્યું છે?: ફરી ફડણવીસની બેઠકમાં દાંડી મારી

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે બુધવારે પુણે, નાશિક, નાગપુર અને છત્રપતિ સંભાજી નગર વગેરે વિકાસ અધિકારીઓની બેઠકમાં ગેરહાજર રહ્યા હતા. શિવસેનાના પ્રધાનોએ મંગળવારે મળેલી કેબિનેટની બેઠકમાં વિવિધ કારણોસર નારાજગી વ્યક્ત કર્યા બાદ બુધવારે મુખ્ય પ્રધાને આ બેઠક બોલાવી હતી. જોકે, શિંદેની ગેરહાજરીથી રાજકીય વર્તુળોમાં આડીઅવળી ચર્ચા શરૂ થઈ છે.

ઉદ્યોગ ખાતાના પ્રધાન ઉદય સામંતે વિભાગના અગ્ર સચિવ અને એમઆઈડીસીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરને પત્ર લખીને ઉદ્યોગ વિભાગમાં વહીવટી સ્તરે લેવામાં આવતા ઘણા નિર્ણયો અંગે નારાજગી વ્યક્ત કરી છે. સામંતે જણાવ્યું હતું કે પ્રધાન તરીકે તેમના અધિકારો પર કાપ મૂકવામાં આવી રહ્યો છે. મહત્ત્વની બાબતો તેમજ નિર્ણયો વિશેના પ્રસ્તાવ તેમની સંમતિ લેવા માટે રજૂ કરવા જોઈએ.' વાહનવ્યવહાર ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકને અંધારામાં રાખવામાં આવ્યા છે અને તેમને ચાર્જ આપ્યા વિના જ પરિવહન વિભાગના અધિક મુખ્ય સચિવને એસટીના ચેરમેન પદનો હવાલો સોંપવામાં આવ્યો છે. ■


**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

O/o આસિસ્ટન્ટ કમિશનર, આર/નોર્થ વોર્ડ ઓફિસ, પહેલા માળે, રંગનાથ કેસકર રોડ, દહીંસર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૮, ટેલિ. નં. ૦૨૨-૨૮૯૨૦૨૫૭.

નં.: પીસીઓ/આરએન/૭૭૫/ એસઆર તારીખઃ ૧૨/૦૨/૨૦૨૫.

**નોટિસ**

આર/નોર્થ વોર્ડમાં ૬૭ દિવસના સમયગાળા માટે બિલ્ડીંગ કન્સ્ટ્રકશન સાઈટ પર જંતુનાશક ટ્રીટમેન્ટ કરવા ૩૨ સ્વયંસેવકો પુરા પાડવા નોંધણીકૃત સહકારી/ બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવાઈ છે.

રસ ધરાવતી સંસ્થાઓએ એમસીજીએમના પોર્ટલ http://portal.mcgm.gov.in પર અરજી ડાઉનલોડ કરવી અથવા તો પેસ્ટ કન્ટ્રોલ ઓફિસરની ઓફિસનો સંપર્ક સાધવો. (ઓફિસ એડ્રેસઃ O/o ધ પેસ્ટ કન્ટ્રોલ ઓફિસ આર/નોર્થ વોર્ડ ઓફિસ, ૩૦૧, ત્રીજે માળે, રંગનાથ કેસકર રોડ, દહીંસર (વે), મુંબઈ-૪૦૦૦૬૮. ટેલિ નં. ૨૮૯૨૦૨૫૭ એક્સ્ટેન્શન ૩૦૧)

અરજી સુપરત કરવાની છેલ્લી તારીખ ૨૫/૦૨/૨૦૨૫ના કામકાજના દિવસે સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં રહેશે અને ત્યાં સુધીમાં અરજી સુપરત કરવાની રહેશે.

સહી/-
આસિસ્ટન્ટ કમિશનર
આર/એન વોર્ડ

PRO/2529/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો


# બાળકનું અપહરણઃ ૨૪ કલાકમાં આરોપી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામથી પાંચ વર્ષના બાળકનું કથિત અપહરણ કરનારા આરોપીને પોલીસે ૨૪ કલાકમાં જ કલ્યાણ ખાતેથી પકડી પાડી તેની ચુંગાલમાંથી બાળકને હેમખેમ છોડાવ્યો હતો. બોરીવલી રેલવે પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ કરણ કનોજિયા ઉર્ફે સનોજકુમાર (૨૪) તરીકે થઈ હતી. ગોરેગામમાં રેલવે બ્રિજ નીચે રહેતી મીનાક્ષી ગુપ્તા (૩૦)ના પાંચ વર્ષના પુત્ર શ્યામ ગુપ્તાનું મંગળવારની રાતે અપહરણ કરવામાં આવ્યું હતું. આરોપી કનોજિયા મીનાક્ષીના પતિને ઓળખતો હતો. ઘટનાની રાતે તે વાતચીત કરવા આવ્યા પછી શ્યામને પોતાની સાથે લઈ ગયો હતો. ખાસ્સો સમય વીત્યા છતાં કનોજિયા પાછો ન ફરતાં મીનાક્ષીએ બોરીવલી ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)માં ફરિયાદ કરી હતી. ફરિયાદને ગંભીરતાથી લઈ જીઆરપીના સિનિયર ઈન્સ્પેક્ટર દત્તાજી ખુપેરકરની ટીમે તપાસ હાથ ધરી હતી. ઈન્સ્પેક્ટર સતીશ શિંદે (ક્રાઈમ)એ ટીમ સાથે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસીને આરોપી કલ્યાણ ગયો હોવાની માહિતી મળી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે કલ્યાણમાં છટકું ગોઠવ્યું હતું. બુધવારની રાતે આરોપી કલ્યાણમાં હાથ લાગ્યો હતો. તેની સાથેના બાળકને છોડાવી વડીલોને સોંપાયો હતો. ■


**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

નં. એસીઆરસી/૨૬૮૬/જીઈએન/એઈએમ તા. ૧૨.૦૨.૨૦૨૫

**શોર્ટ ઈ-ટેન્ડર નોટિસ**

નીચે જણાવેલા કામો માટે બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ઈ-ટેન્ડર્સ મગાવે છે.

| ક્ર.નં. | કામનું નામ | ઈએમડી (રૂ. માં) | ટેન્ડર સ્ક્રૂટિની ફી (રૂ.માં) | કામ પૂર્ણ કરવાનો સમયગાળો | બીડ ડાઉનલોડ કરવાની તારીખ અને સમય | બીડ ઓનલાઈન સબમિશનની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ટેન્ડર-ID નં. ૨૦૨૫_ MCGM_ ૧૧૪૯૪૯૬_૧ આર/સેન્ટ્રલ વોર્ડમાં બોરીવલીમાંની લાલજી ત્ર્યંબક સ્કૂલમાં ૨૦ કે ડબ્લ્યુ ક્ષમતાનો ઓન-ગ્રિડ સોલર રૂફટોપ પ્લાન્ટની સપ્લાય, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગનું કાર્ય. | રૂા. ૧,૦૧,૧૦૦/- | રૂા. ૩૮૯૪/- + જીએસટી | ૧ મહિનો | ૧૪.૦૨.૨૦૨૫ ૧૧.૦૦ વાગ્યાથી | ૧૮.૦૨.૨૦૨૫ ૧૨.૦૦ વાગ્યા સુધી |

ઉપરોક્ત વિષય સંબંધી માહિતી ગવર્નમેન્ટ ઓફ મહારાષ્ટ્ર (મહાટેન્ડર) http://mahatenders.gov.in.ની ઈ-પ્રોક્યુરમેન્ટ સિસ્ટમ પર ઉપલબ્ધ છે.

સહી/-
આસિ. કમિશનર, આર/સી
આસિ. કમિશનર
આર/સેન્ટ્રલ વોર્ડ

PRO/2534/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**

**ટેન્ડર નોટિસ**

**વિષયઃ- દાદર ગેરેજ ખાતે વાહન પાર્કિંગ શેડનું સમારકામ અને નવીનીકરણ માટે સૂચના**

બૃહદ મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા દાદર ગેરેજ ખાતે વાહન પાર્કિંગ શેડનું સમારકામ અને નવીનીકરણના કામ માટે ઓનલાઇન બિડ મંગાવવામાં આવે છે. ટેન્ડર ભરનાર પાસે

**બિડ શરૂ થવાની તારીખ અને સમયઃ ૧૩:૦૨:૨૦૨૫ બપોરે ૧:૩૦ વાગ્યા બાદ.**

**બિડ સમાપ્તિ તારીખ અને સમયઃ ૦૩:૦૨:૨૦૨૫ બપોરે ૦૨:૦૦ વાગ્યા બાદ.**

બિડ મહારાષ્ટ્ર સરકારના પોર્ટલ (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in) ના ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ પરથી ડાઉનલોડ કરી શકાશે. ઉપરાંત ટેન્ડરની નકલ બીએમસીના પોર્ટલ http://portal.mcgm.gov.in ના "e-procurement" વિભાગ હેઠળ ડાઉનલોડ કરી શકાશે.

કૃપા કરીને નોંધો કે બિડ દસ્તાવેજ પોસ્ટ દ્વારા જાહેર અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં. હવેથી આ ટેન્ડર વિશેના તમામ ચાર્જ, નોટિસ, અપડેટ્સ, સંશોધન, શુદ્ધિપત્રો, વધુ વિગતો વગેરે ફક્ત મહાટેન્ડર પોર્ટલ પર પોસ્ટ કરવામાં આવશે.

સહી/-
એક્ઝિક્યુટિવ એન્જિનિયર
પરિવહન (સિટી)

PRO/2540/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલ્વી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.



FORAM WORLDWIDE
#ChaloForamKeSang
લંડન માં લાપસી..
સ્કોટલેન્ડ માં સુરતી ઉંધીયા સાથે સાથે..
હવે, આયર્લેન્ડ માં આમ રસ પણ..
2025
UK - SCOTLAND
IRELAND
11 Nights / 12 Days
DARK HEDGES
100% PURE VEG JAIN FOOD
FORAM WORLDWIDE #ChaloForamKeSang
SCAN ME
FOR VIDEOS
LONDON | LIVERPOOL | MANCHESTER | DUBLIN | BELFAST | GLASGOW | EDINGBURGH | BIRMINGHAM | OXFORD
રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ પ્યોર વેજ અને જૈન સ્વાદિષ્ટ ભોજન #OnlywithForam
EDINGBURGH CASTLE ની ઐતિહાસિક ગાઇડેડ ટુર #OnlywithForam
વિશ્વ વિખ્યાત OXFORD UNIVERSITY ની ગાઇડેડ ટુર #OnlywithForam
SHAKESPHERE HOUSE ની મુલાકાત (FROM INSIDE) #OnlywithForam
TOWER OF LONDON (કોહીનુર ડાયમંડ સાથે ) ગાઇડેડ ટુર #OnlywithForam
વર્લ્ડ ફેમસ CADBURY WORLD BIRMINGHAM ની મુલાકાત #OnlywithForam
સ્કોટલેન્ડ ના પ્રખ્યાત WHISKEY MUSEUM ની મુલાકાત #OnlywithForam
MANCHESTER સ્ટેડિયમ ની ગાઇડેડ ટુર #OnlywithForam
વિશ્વ વિખ્યાત TRINITY COLLEGE ની ગાઇડેડ ટુર IRELAND #OnlywithForam
વર્લ્ડ હેરિટેજ સાઇટ GAINT CAUSEWAY - આયર્લેન્ડ ની મુલાકાત #OnlywithForam
WINDSOR CASTLE ની મુલાકાત (FROM INSIDE) #OnlywithForam
TITANIC MUSEUM ની મુલાકાત #OnlywithForam
GAMES OF THRONES સાઇટ DARK HEDGES ની મુલાકાત #OnlywithForam
APRIL 29 | MAY 11,23 | JUNE 4,16 | JULY 23
AUG 4 | SEP 20 | OCT 15
ફક્ત ફોરમ સાથે જ સંભવ..
UK SCOTLAND IRELAND અને EASTERN EUROPE ટુરો માં કિચન કેરેવાન ની સુવિધાઓ, રાજસ્થાની મહારાજ સાથે..
સમગ્ર ટ્રાવેલ માર્કેટ માં શરૂ કરનાર એક માત્ર પાયોનીયર..
બુક કરો 17 FEB પહેલા અને મેળવો આકર્ષક ડિસ્કાઉન્ટ
EASTERN Europe
FORAM WORLDWIDE
HUNGARY | SLOVAKIA | AUSTRIA | CZECH REPUBLIC | SLOVENIA | CROATIA
15 Nights / 16 Days
WITH FLIGHT
• PLETNA BOAT RIDE સાથે LAKE BLED CASTLE (FROM INSIDE)
• SCHOBRUNN PALACE ની મુલાકાત (FROM INSIDE)
• LJUBLJANA CASTLE ની મુલાકાત (FROM INSIDE)
• LJUBLJANA અને ZAGREB ની FUNICULAR RIDE
• POSTOJNA CAVES ની મુલાકાત ટ્રેનથી
• PLITVICE LAKE NATIONAL PARK ની મુલાકાત
• DANUBE RIVER ક્રુઝ
• PRAGUE ફોકલોર શો
• VLTANA રિવર ક્રુઝ
• વિન્ટેજ કાર રાઈડ
• CESKY KRUMLOV ની GUIDED TOUR
• SPLIT માં BLUE CAVES 5 ISLAND TOUR
• DUBROVNIK માં CABLE CAR RIDE
SALZBURG GUIDED TOUR
ZELL AM SEE LAKE
HALLSTATT SKY WALK
ફક્ત ફોરમ સાથે
OUR EXCLUSIVE INCLUSIONS
chef
રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
અનુભવી IN-HOUSE ગુજરાતી ટુર મેનેજરો
ઇન્સ્યોરન્સ અને ટીપ્સ નો ટુર કિંમત માં સમાવેશ
કોઈ પણ પ્રકારના છુપા ખર્ચ નહીં
અગત્ય ના બધાજ જોવા લાયક સાઇટસીંગ નો સમાવેશ
VIRAL 7021647219 | DINESH 8591728602 | BHAKTI 9321236935 | DHRUV 8169369686
HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900
BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000
WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON
OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE